श्री श्रेणिक महाराजा
तथा अष्टप्रकारी पूजानो रास
विधि सहित.

માગધી ભાષામાંથી શૂદ્ધ ગૂજરાતીમાં
જૈન બંધુઓને વાંચવા સારૂ.

છપાવી પ્રસિદ્ધ કરનાર.
શા. છોટાલાલ મગનલાલ—અમદાવાદ.

અમદાવાદ.
યુનાઇટેડ પ્રી. એં. જ. એજન્સિ કંપનીના પ્રેસમાં
રણછોડલાલ ગંગારામે છાપ્યો.

સને ૧૮૯૦.   સંવત ૧૯૪૬.
પ્રત ૧૦૦૦ આવૃતિ ૧ લી.

કીમત રૂ૦-૮-૦.

4359

अष्टप्रकारनी पूजानो विधि सहित रास.

દુહા. રાગ અસાઉરી. પ્રથમ તીર્થંકર પ્રથમ જિન, પ્રથમ કરી પરણામ; અષ્ટ પ્રકાર પુજાતણા, પ્રબંધ કહું અભિરામ. ૧ સકળ સુરાસુર કિન્નરા, વિદ્યાધરની કોડી; જાસ વદન વાણી ભણી, પ્રણમે બે કરજોડી. ૨ સાવાણી મુજને હવે, આપે વર વર્દાન; અલવિ આળસ પરિહરી, સુણજ્યો સૈ સાવધાન. ૩ ચોપાઇ. ભરત ક્ષેત્ર માંહિ ભલું ભણું, રત્નપુર છે રળીયામણું; અરી મરદન રાજા તસ પતી, તાસ પ્રિયા છે અનંગવતી. ૪ વિજયચંદ નામે તસ પુત, વિલસે બેઉ નારી ઘર સુત; પ્રથમ નારી મયણસુંદરી, અવર કામિની કમળાસિરિ. ૫ અનુક્રમે તાસ પુત્ર દોએ કહ્યા, કુરૂચંદ હરિચંદમાં લહ્યા; અરિમર્દન દીક્ષાને કાજ, વિજયચંદને આપે રાજ. ૬ વિજય ચંદ દીક્ષા પછીલીએ, દોયે પુત્રને રાજજ દીએ; સુરપુર નયર દીઉ કુરૂચંદ, કુસુમપુર આપ્યું હરિચંદ. ૭ વિચરે મુનિવર દેશ વિદેશ, કેવળી

ગુરૂનો લેઈ આદેશ; ઉગ્ર વિહાર કરે ઉગ્ર તપ, ક્રોધ માન માયા નહીં દર્પ. ૮ વર્ષાકાળ કરે ન વિહાર, રહિ ગુહા બાહિર અલ્પ વિહાર; શીતકાળ નહીં આછાદના, ઉષ્ણકાળે લે આતાપના. ૯ બાર વર્ષ એણીપરિ ભાવીઓ, તુંગગિરી કંનન આવીઓ; પરઠી પાય રહ્યો મુનિ પરે, મનોહર એક સિળા ઉપરે. ૧૦ આરોહે શુભ ધ્યાન મહંત, આઠ કર્મનું આણે અંત; બાળી નિજઘાતિક આવાસ, કેવળી કુળી માંહિ કીઓ નિવાસ. ૧૧ કુસમ વૃષ્ટિ કરે ત્યાં દેવ, સૂરનર કીંનર સારે શેવ; સૂગંધ ઉદક છાંટે ભૂમિકા, મિળ્યા દેવ ચ્યાર નિકાયકા. ૧૨ વાજે દેવ દુંદભી સાર, નાચે સુરના અંગના અપાર; ગાયન આલાપે રાગ, વિજયચંદ્ર કેવળી સોભાગ. ૧૩કનક કમળ રચ્યુ વિનાંણ, ઉપર બેસી કરે વખાંણ;દાંન શીળ તપ ભાવન ભેહ,દે દેશના મુનીવર તેહ.૧૪સુણી દેશના થયા ત્યાં ભાવિકા, કવી નર શ્રાવક શ્રાવિકા; કે દીક્ષા લે વૈરાગ, મોહની કર્મના ત્રોડે ત્રાગ. ૧૫ કેવળી વચન

સુણી સાહેલાં, ઘેર આવ્યા પ્રણમી પાઉલાં; ગુણ ગિરીઆ ગુણવંત ગિરીદ, વિજયચંદ વીચરે મહિ પીઠ. ૧૬ અનુક્રમે અનુક્રમે કેવળી ભાંણ, આવે કુશમ પુરી ઉજાણ; કંચન કમલ રચે દેવતા, ચ્યાર નિકાય પાય સેવતા. ૧૭ સુરનર વર બેઠી પર્ખદા, ભાસે ધર્મ નાસે આપદા; સુણી વાત નિજ તાત સ્વરૂપ, વંદને આવે હરીચંદ ભુપ. ૧૮ દુર થી દીઠા મુનિંદ, હર્ખે હૈયુ હરખ્યુ હરીચંદ; ત્રણ્ય પ્રદક્ષણા દે જનકે, જે બેઠો ઉચિત થાનકે ૧૯ કેવળી ધર્મ કહે તેણીવાર, શ્રાવક ધર્મ સુણુ સુવિચાર; બાર વ્રત સુદ્ધાં આદરૂ, જેમ હું નરભવ સાયર તરૂં. ૨૦ પંચ અણુવ્રતનિ ત્રિગુણ વ્રત, ચ્યાર શિક્ષા વ્રત આંણે ચિત; ભાવ ભેદ નવ જાણે જેહ, કહો કેમ શ્રાવકકહીએ તેહ. ૨૧ દુહા. પાંચે ભુલ્યો શી હું ચુકયો, ચિહું ન જાણે નામ; જગ ઢંઢેરો ફેરવ્યો, શ્રાવક માહારૂં નાંમ. ૨૨ ચોપાઈ. પુછે ભુપ કહે મુનિરાય, શ્રાવક ત્રણ અક્ષર કહેવાય; તેહ તણો અર્થ હોઈ જસો, આસદીયે સાંભલીયે

તરચો. ૨૩ પ્રહ ઉઠી સાંભળે પુન્ય કથા, પરિહરે પાપ તણી વિકથા; સાત ક્ષેત્ર નિજ ધન વાવીયે, તેહ તણા પરભવ ફલ લીયે. ૨૪ ઉભય કાલ પડીકમણુ કરે, નિજ પાતિક દુરે પરિ હરે; સદ્દગુરૂ વચન સુણી શિર ધરે, ત્રણે કાળ પુજા અનુ સરે. ૨૫ દુહા. ભુપ કહે નિજ તાતને, પુજા કેતા ભેદ; પ્રસન થઈ મુજને કહો, પાંમે ફલ કસ્યું તેહ. ૨૬ વર ગંધ ધુપ તાંદુલ કુસુમ, દીપને વજ ફલ નીર; અષ્ટ પ્રકાર પુજા કરે, તું પામે ભવ તીર. ૨૭ પ્રથમ પુજા વર ગંધથી, પામ્યો મુક્તિનો દ્વાર; મયણાવલી રાણી કહી, સાંભલજો સુવિ-ચાર. ૨૮ ચોપાઈ. વર વૈતાઢય ગિરિ મનોહરા, દાહિણ સેઢી ગજ પુરવરા; જયસૂર આધપતિ ખેચરા, પ્રિયા તાસ શુભ મતીએ કર્યા. ૨૯ ઉત્તમ સુપન સુચિત અણુ સર્યું, તાસ ઉપર એક સુર અવતર્યું; માસ ત્રણ થયા જેટલે, ઉપન્યો ડોળો તેટલે. ૩૦ અબલા શરીર થાય દુર્બળી, ચઢે સ્વાસ પરસેવા વળી; દિન દિન પ્રતિ જાય જબ ગળી; પુછે વાત નાથ મની રળી.

૩૧ ભણે નારી સાંભળી ભરથાર, અષ્ટાપદ વળી તીર્થ ઉદાર; તિહાં કણે જઈ જિનવર ચોવીશ? સુગંધ પુજા કીજે જગદીસ. ૩૨ પ્રીયા મનોર્થ પુરણ ભણી, રચ્યું વિમાન ખેચરના ધણી; બે બેઠાં જમલાં ઉજમાળ, જૈ અષ્ટાપદ તીર્થ નીહાલ. ૩૩ શુદ્ધ નીર નિજ અંગ પખાળ, પહેરે વસ્ત્ર સુગંધ વિશાળ; ચોવીસે જિનવર મનિ ધર્યા, પુજી મનોર્થ પુરા કર્યા. ૩૪ અષ્ટાપદ અર્ચી નિજ કરે, આવતાં અવર તીર્થ જીન હરે; ઉતર વન વાડી વાસિકા, દુરગંધ ગંધ ગંધ આવ્યો નાશિકા. ૩૫ પુછે ખેચરી ખેચર રાય, દુર્ગંધ ગંધ કોનો કહેવાય; પુછે ખેચર મંત્ર પ્રબંધ, મુનિ મયલ પર્સેવા બંધ. ૩૬ મુખ આગલ મુનિ મુનિ વ્રત ધરી, શિળા ઉપરે કાયોસર્ગ કરી; થાપી દ્રષ્ટિ નિજ નાશિકા અંત, કર નીચા કરી રહ્યા મહંત. ૩૭ સૂર્ય કિર્ણ તપાવી દેહ, ઘોર તપે તપ છાંડી નેહ; મલિન ગાત્ર પરસેવાગળે, તેણે કારણે દુર્ગંધ ઉછળે. ૩૮ ભણે નારિ ફાંસું જળસંગ, ધુપપળે અંગ ઉપાંગ; રાખે

દેહ સોવન હોય જશ્યો,તું મુનિવરનો વિણસ્યે ક-
શ્યો.૩૯ નાથ ભણે તુજ અવગુણ ભયું, મુનિવ-
ર સ્નાન ધ્યાન જળ કહ્યું; કેળવે કિમ મતિ
આપણી, તુજ પાતિક લાગ્યું પાપિણી ૪૦ તું પ્રા-
સુક આણીને નીર, મુનિવર પખાળે શરીર;
એમ કહી આણીયું જળપુર, ઘોઈ પખાળી
ચઢાવ્યું નુર. ૪૧ કેસર કપુર ચંદન બાવન, સુ
ગંધ દ્રવ્ય ધ્યાલ્યા અભિઘન; હર્ષિત હૃદય
ધસી ઘન ઘોલ, મુનિવર અંગ કર્યું રંગરોળ.
૪૨ મુનિવર પાય નમી પર્ધાન, બે બેઠા વ-
ળી ચઢી વિમાન; પુજવા તીર્થે મુદ ઘણો, પા-
છલી વાત થઈ તે સુણો. ૪૩ રાગ પરજીઓ.
કુસુમ જાતિ સબ પરિ હરિ, ધાઈ મધુકર શ્રેણિ;
સાધુ અંગ વિમોહિયા, વળગે બહુ ગંધેણ.
૪૪ ચિહૂં પાસે ચુંટિ ઘણું, મુનિવર સુગંધ શ-
રીર; ધ્યાન થકી ચુકું નહી, મેરૂ ગિરિ જેમ ધી-
ર. ૪૫ ચોપાઈ. ભયું તાસ એક પખંતરો, જાત્ર
કરી આવ્યો ખેચરો; ખદિર ખુંટ દવ દાધુ રા-
નિ, પુછે પ્રીયા મુનીવરને થાન. ૪૬ ખદિરખુંટ

ખેચર જોઈ કિસ્યો, મધ માખી જેમ ભમરે વ-
સ્યો;વારવાર નીહાળી જોઈ,ભમરે ભખીઉ મુની
વર સોઈ. ૪૭ ઉડાડે મધુકર મહાત્મા, ફરિ ફરિ
નંદિ નિજ આત્મા; આઠ કર્મનો હુઓ અવ-
સાણ, મુનિવર પાંમ્યો કેવળ નાણ. ૪૮ આવે
ચ્યાર નિકાયના દેવ, કંચન કમલ રચે કરે
સેવ, કુસુમ પ્રવૃષ્ટિ ગંધોદક સાર; કેવળી મહિ-
મા કરે વિસ્તાર. ૪૯ ખેચરને લાગી ચટપટી,
કેવળી પાય કમળ રહ્યું લટી; ખમાવે બહુ પ-
રે અપરાધ, મેં સ્વામી દુહવ્યા તમે સાધ.
૫૦ મુનિવર બોલે કરી પસાય; મધરે ખેદ
ખેચરના રાય, તુમ-પસાયમાં કેવળ લહ્યું, દુર્ગતિ
છાંડી સદગતિ ભયું. ૫૧ મુનિવર મેલ દુગંછા
ધર્મ, ભણે પાપ બંધાઇ કર્મ; ભવિ ભવિ હોય
દુગંછા ઘણી, સાંભળરે ખેચરના ધણી. ૫૨
यतमल मयला पंक मयला, धूलि मयला नतेनयरामयला,
जे पात्र पंक मयला, ते मयला जीव लोगंमि. ५३
ચોપાઈ. કેવળી વચન સુણીશુભ
મતિ, નંદિ પાપ દુગંછા સતી; જે અપ-

રાધ કીચો મેં રોક, ભગવન તે તમે કરવો ફોક. ૫૪ મુનિવર ધર્મ સુણિ રંગ ભરે, ખમી ખમાવી આવ્યા ઘરે; મુનિ વંછિત પુગા ડોહલા; વિલસે ભોગ ભલા બોહલા. ૫૫ પ્રસવ્યો પુત્ર સમિ જસ્યો સુર, માત મનોર્થે પહુતા પુર; તાસ નામ દીઓ કલ્યાણુ, તાત તણિ નવ લોપે આંણુ. ૫૬ પુત્ર આપણા આપી રાજ, ખેચર ખેચરી સાધે કાજ; સંયમ ગ્રહી ગયો દેવલોક સુધર્મે પ્રીયા સંજોગ. ૫૭ અમર સુખ ભોગવી ખેચરી, હસ્તિનાગપુર વર અવતરી, વિજય સત્રુરાજાની ધુઆ; મયણાવળી નામ તસ હુઆ. ૫૮ ચઢી અનોપમ યોવન વેશ, લાછિતણો અવતાર નિવેશ, ચિંતે ભુપ આળસ છંડીયે; સયંવરા મંડપ મંડીયે. ૫૯ અંગ ૧ વંગ ૨ કલિંગ ૩ મગધ ૪ પંચાલ ૫ કુરૂ ૬ કોશલ ૭ કાસી ૮ અભંગ ૯ જાંગલ ૧૦ સંધૂ ૧૧ સોરઠ ૧૨ કચ્છ ૧૩ કુણાલ ૧૪ ભંગી ૧૫ અછઇઅછ ૧૬ લાટ ૧૭ વિરાટ ૧૮ વિદેહ ૧૯ મલિકદેશ ૨૦ ચેઇશુભનેહ ૨૧ દસનલટ ૨૨ કુશાટ ૨૩

સુરસેન ૨૪ કેકીપરદેસ ૨૫ તેહ તણા તેડાવ્યા રાય, આવે આપણ લેઇ સમુદાય; માંન મહોત દેઈ આવાસ, ઉતારા આપ્યા ઉલાસ ૬૨ મ-યણાવળી કરી શિણગાર, સયંવર મંડપને દ્વાર; આવે રાજહંસી હોય જસી, રાય રાણા ભુપતિ મન વસી. ૬૩ આગલ દાસી પાછળ બાળ, ક-ર ઝાલી કુશમાની માળ; અધિક અધિક દેખા-વે ગુણી, સકળ ભૂપ મુકયા અવગુણી. ૬૪ સીધર નૃપ સુરપુરનો ધણી, બળ વાહન લક્ષમી ઘેર ઘણી; તે પાસે જઇ ઊભી રહિ, સ્વામિની ને દાસી વાત કહી. ૬૫ એ મોટો રાજા બહુ સુખી, વરો સ્વામિની ગુણ ઓળખી; પરવહ સબલ ભલા ભુપાળ, સાધર કંઠી ઠવી વરમાળ ૬૬ રાજા અંતે ઉર પરિહરે, પ્રેમ ઘણો તે ઉ-પર ધરે; તે ફરી ફરી પીઉડા પાસે રમે, જળ વિણ મછલી ન રહે કેમે. ૬૭ દુહા. (રાગ આસાવરી સિંધુઓ.) લંકા હોય ઘર આંગણે, જો હોય અતિ રાઉ; નેહ વિહુણાં તિન પડયુ.જો યણ લાખ સવાયુ. ૬૮ ઠામ ઠામ અછઇ ઘણી,

ફુલાં કેરી જાતિ; તોહિ ભમરો માલતી, સંભારે દીનરાતિ. ૬૭ રાણી વિણ રાજા ન રહે, રાજા વિણ નવિ નારિ; પ્રેમે બાંધી પ્રાણીઆ, અન્ન વિણ જેમ સંસારી. ૭૦ કર્મે ન મુકે કેહને, તે સુણજ્યો સહુ સાધ, તાસ દુગંછા થકી હુઓ, હર્ખ માંહી વિખવાદ ૭૧ ઢાલ. કીધાં કર્મ ન છુટે કોઇ, રવિ તળે રોળે રાયારે; કર્મ કરે તે નિશ્ચે હોયે; કર્મે ભાંણ ભમાયારે. ૭૨ કીધાં૦ મહાવીર કાને ખીલા ખોસ્યા, રામને વનવાસ આપ્યારે; કર્મે કલંક ચઢે સીતાને, કળાવતી કર કાપ્યારે. ૭૩ કી૦ મુનિ દેખિ પુરવ ભવ પ્રીઉશુ, કીધો દુગંછા જે હરિ; તાસ તરૂ ફલ ઉદય આવ્યાં, ગંધાઈ તસ દેહરિ. ૭૪ કી૦ અહિ મડું ગૌ અસ્વ મડું વળી, ગળી કુંડમાંહિ ભળીઓરે; તેહ થકિ અધિકુ તસુ અંગે, દુર્ગંધ ગંધ ઉછળેરે. ૭૫ કી૦ પ્રેમ પનોતા પ્રીઉડા પાસે, રંગભરી રમતી તાળીરે; ઘર આંગણે ચડવા દે ન કોઈ, જેમ કુતરી હોય કાળીરે. ૭૬ કી૦ સોભાગણ ફીટી દોહાગણ થઇ, તે

મુની દુગંછા જોગેરે; સુકમાલિકા પાસેથી ડુંમક
મુકી ગયો કર્મ જોગીરે. ૭૭ કી૦ મયણાવળી
રાણીને કાજે, રાજા વૈદ તેડાવેરે; અસાધ્ય રો-
ગ દેખી દુર્ગંધથી, દુરિ પલાણા જાવેરે. ૭૮ કી૦
દુહા. રાગ ગોડી વેરાડી. કર્મ પ્રતે ચાલે ન-
હી, કર્મને કેહી સીખ; હરિચંદ ડુંબ ધરે જળ
વહ્યો, મોઢે માંગી ભીખ. ૭૯ પાંચે પાંડવ અ-
તુલ બળ, ત્રિભોવનને નહી માનિ; તે પણ કર્મે
રોળવ્યા, રડતા હીંડયા રાનિ. ૮૦ ઢાલ અ-
ટવી ઘોર માહિ ઘર કીધો, તે માંહિ રાખી રા-
ણીરે; ચોગરદી ચોકીને કાજે, નિજ સુભટ મું-
કયા આણીરે. ૮૧ કી૦ દુખ ભરાભર પીડિત
દેહા,ઝુરે દિવસને રાતિરે; સુભર ભર્યા ઘરમાંહી
બેઠી, કાઢી નારિ જુંનાતિરે. ૮૨ કી૦ કે મેં સં-
તાપ્યા મુંનિવર મોટા, કે મેં અનાહુત ભાખ્યાંરે
અસુભ કર્મ ઉદયથી એણે ભવ, પાપ તણાં ફ-
ળ વાપ્યાંરે. ૮૩ કી૦ દાન શીલ તપ ભાવન
ભેયા, તે મેં કાંઈ નવ લેખ્યારે; પડિકમણું પો-

સહુ સામાયક, દીક્ષા લેતાં ઉચ્ચર્યારે. ૮૪ કી૦ જુરી જુરી નિજ પંજર માંહી, સારણ્ વહે નદી જેસીરે; કહો કુણ્ દુખ ભાજે દુખીયાંનું,કર્મ તણી ગતિ એસીરે. ૮૫ કી૦ ખિણ અંગણી ત રેખણ ભૂમી, ક્ષણ મુકે નીસાસરે; ક્ષણ ક્ષણ દુખ ધરે શાનારી, ખિણ ખિણ સગળા પાસારે ૮૬ કી૦ દુહા. રાગ ગોડી. ઇમ કરતાં સૂક સૂડલી, આવી બેઠાં ઝાડિ, પીઉ વચન સુણ વા ભણી; સૂડલી ઘરે દુહાડિ. ૮૭ સ્વામી કહૂં એક વાતડી, પરનર પરિહરિ તાતિ; દુખીઆ બહુ દુખ દેખણી, જ્યું સુખ ભરિજે રાતિ. ૮૮

यतः ॥ एक रोगीने रागीया, ए बेउ एक सुहाय;
तो रातलडी नीगमे, जो वातलडी थाय. ८९॥
सूक कहे सांभळ प्रिये, कहुं कल्पी अवदात;
मयणावली चिंतवे मने, सांभळी सुक वात. ९०॥

ઢાળ ત્રૂટક ગોડી. સુક ભણે સુણિ નારિ, સુચસૂર ખેખરો; સુરપુર નયરનો રાજિઓ. ૯૧ સુભમતી તસનારિ, ગર્ભવતી હુઈ નારિ; તાસ મનોર્થ પુરીઓ. ૯૨ અષ્ટાપદ પ્રસાદ, જિ-

નવર પુજવા; રચ્યો વિમાન તેણે ખેખરે. ૯૨
પુજી પ્રણમી પાય, ઉત્તર વનખંડે; મુનિ-
વર એક ઉભંબીએ. ૯૪ નાથ ભણે સુણિ
નારિ, ધ્રિટરે પાપિણી, તુજ પાતિક લાગું
સહી એ. ૯૫ આણી ફાંસુ નીર, અંગ
પખાલીયુ; ચંદન કેસર પુજીએ. ૯૬ ચાલો
ચઢીઅ વિમાંન, અન્ય તીર્થે જીન; પુજવા પ-
રમેશ્વરૂએ. ૯૭ મુનિવર અંગ સુગંધ,ભમરે ડ-
સીઓ; ફુલ જાતિ સબ પરિહરીએ. ૯૮ પભણે
વનિતા તાસ, મુનિવર કિહાં ગયો; થાંનિક ષયર
છુટ દેખિએ. ૧૦૦ પંદરમે દિન તેહ, ખેચર ખે-
ચરીએ; પાછાં વલ્યાં તેણે થાંનિકએ. ૧૦૧ તે
ભમરા ઉડાડયા તેણુ, મુનિવર દેખીએ; કેવળી
કેવળ દિન કરૂએ.૧૦૨ ખમીખમાવી તાસ નિજ
ઘેર આવિયાં, ખેચરીએ સુત જાઇઓએ. ૧૦૩
આપિ નિજ પુત્ર રાજ, ખેચર ખેચરી; સુર અ-
વતર્યાએ. ૩ તિહાં થકી ખેચરી જીવ, વિજય
શત્રુ રાજા; ધરિ ભુ આપણિ અવતરીએ. ૧૦૪
મયણાવળી તસ નામ, યૌવન વય્ન હુઈ; સયં-

वर मंडप मांडीयेए. १०५ वरीओ सीध्धरराय, मन मान्या भणी; अत्यंत ते वल्लभ हुइए. १०६ दुहा. रागपुरवी गोडो. मुनिवर दुगंछा थकी, पडियो ते कर्मनो बंध; तास सरीर सोहामणे, उछलीये दुर्गंध. ७ वचन सुणी सुडला तणां, सांभरियां निज कर्म; फरि फरि नंदिए आत्मा, जे वली कीयां कुकर्म. ९ मयणावळी मन चिंतवे, ए मुज सकळ चरित्र; शुक वचन सोहामणां, सांभळतां सुख रीत. ९ ढाळ. जंपे वळी वळी सूडली, नाथ कहोरे संभाळी; संप्रतिकाले सुंदरी, निवसे किहां बाळी. पभणे वळतुं सूडलो, पये करी काळी; तुज आगलि उभी अने, तुंतो जोरे निहाळी.११० नारि भणे पेउ सांभळो, केम जाए रोग;जो सात दिन जीन पुजीए, कृसंध्या योगा. तो दुर्गंध दुख उतरेए सांभळि रहे नारि; कनक जेसी होय देहडी, सूरभी गंधकारी. ११ मयणावळी मन चिंतवे, घणो हर्षज आंणी; पुछे अब निज वातडी,

સુકછેરે નાંણી. એમ ચિંતવતાં ઉડીયું, શુક સાથે શુકી; સંદેહ રહ્યો નિજ ચિંત્તમે, વનિતા ત્યાં ચુકી. ૧૨ સાત્તદિમાં જીન પુજ્યા, નિર્મળ થઇ કાયા; ઉભવ મહોછવ બહુ કરી, ઘેર આણી રાયા. અબળા ચિંતે એ કેવળી, પુછું નમી પાયા; કોણ શુક એ શુડલી, મુઝ ચરિત્ર સુણાયા. ૧૩ એહવે આવ્યા કેવળી, વનપાલ જઇ બોલઇ; સકળ લોક સંસય હરૂ, નહિ કહને તોલે. વાત સુણી સૌ આવીયું વંદન કાજે નાંણી, મુનીવરદે દેસના; વચે પુછે રાણી. ૧૪ ભગવન કહો શુક વાતડી, શુક કોણ કહાયો; પુર્વે ભવ પેઉ દેવતા, શુક રૂપે આયો. મસ્તક મુગટ કુંડલ ધરૂં, કેવળીએ સુણાયો; તુઝ આગલિ ઉભોઅ છે, દેવ માંહિ સોહાયો. ૧૫ પાસે જઈ શુડલી, મુખ બોલે વાણી; તેં ઉપગાર ઘણો કીયો, મુઝને કહે કહાંણી. વળતું બોલે દેવતા, સાંભળિ નિધારા; પડિ બોધી મુઝ માનની, તુજ એ ઉપગારા. ૧૬ સુધર્મા દેવલોકથી, ચવિયો ચિત્ત આંણી;

આજ થકી દિન સાતમે,ખેચર સુત જાણી. અ-
વતરીયો મુઝ ઓળખી, દુરગતિ ગતિ પડતો;
રાખે રાણી અબ કહું, જો છે પ્રેમ ચડતો. ૧૭
એમ કહે સૌ દેવતા, દેવતા માંહિ બેઠો; રાણી
પુછે ભુપને,ચિત કલમલ પેઠો.મધુર વચન બો-
લાવતી, દેવલોકના સુખ; ભોગવ્યાં બહુ પરી
પેઉડા, સંસારમેં દુખ. ૧૮ અનુમતિ આપો ઉ-
તાવળી, સંયમ શીર ધરશું; સહિ ગુરૂ વચન
સોહામણાં; સાંભળી વિનય કરશું; સબલ મો-
હરાય મોહિઓ, અનુમતિ નવિદે જે. મયણા-
વળી કેવળી કને, દીક્ષા પડી વજે. ૧૯ નયણે
જલહલ વર્સતો, અનુમતિ દે રાયા; મયણા
વળી દીક્ષા લીએ, પ્રણમે ગુરૂ પાયા. ધર્મ સુણી
ઘેર આવીઓ, ખિણુ ખિણુ સંસારે; તપ જપ
સંયમ આદરી, આર્યા કુળ તારે. ૨૦ એક દિ-
વસ મયણાવળી, નિજ આશ્રમ દ્વારે; નિશ્ચલ
ધ્યાંન ધરી રહી, રજની અંધારે. પુર્વ પા-
તિક તોડતી, છોડતી મોહ માયા; આળસ
અંગે પરહરી, માંડયા મુગતિ ઉપાયા. ૨૧

દુહા. ખેચર ઘર સુત આવીઓ, દીયો મયં-
ક તસ નામ; નવયૌવન ભરિ અભિનવું, અવ
તરીયો જાણે કાંમ. ૨૨ ચોપાઇ. કુમર ભણે
સાંભલ સાધવી, આશી વાત માંડી અભિ-
નવી; ભોગવિ ભોગ પીયુ પરે કહે, નવયૌવન
ભર લાહો લહે. ૨૩ દિવ્યરૂપ અંગે ધરી,
ચઢયો વિમાન અભિરામ, જીણે થાંનક સાધ-
વીઅ છે; આવ્યો તેણે ઠામે. ૨૪ હુ છું
ખેચરનો પતિ ભલો, મયંક નામે જાણે ગુણ
નિલો; પાણીગ્રહણ કરવા સાંચર્યો, રયણમાલ
કુંવરી અણુસર્યો. ૨૫ ચઢી વિમાન બેસે તું
આજ, તું રયણમાલા મુજ કેશું કાજ; મનવચ-
ન હું પ્રેમિ મલું, તુજ લેઈ ઘેર પાછો વળું.
૨૬ લાલચ વચન બોલાવે સતી, કુમરિ ચિત
ભીન્યું રતી; ચલાવિત ચલે બાલિકા, જેમ
મેરૂ પર્વત ભૂલિકા. ૨૭ જીમ દેખાવે મદનવિકાર,
તેમ તેમ ઉજલ ધ્યાંન અપાર; જેટલા ઉપ-
સર્ગ કરે અયાંણ, તેટલે પામ્યો કેવળ નાંણ. ૨૮
આવે દેવ ક્રોડા ક્રોડિમળી, કંચણ કમળ રચે

મન રાળી; તે ઉપર બેઠી ભગવતી, બાળી આઠ કર્મ સુભમતિ. ૨૯ વિસ્મૃત -હૃદય થયો ખેચરો, ભગવતિ ઉપદેશ દીએ તે ખરો; પુર્વ-ભવ સંબંધી હુ આ, ખેચર ખેચરી નામે જુઆ. ૩૦ સંયમવ્રત પાલી દેવતા, સૌ ધર્મે દેવલોકે હતાં; તિહાં થકી ચવીતું ખેચરો, પુર્વભવ સંભારી ઠરો. ૩૧ છાંડી મોહ સાંભળ જીનધર્મ, મોહ રાગ બાધે બહુ કર્મ; કેવળી વચન સાંભ-ળીયાં જીસે, પુર્વભવ સાંભરિયો તિસે. ૩૨ ઉપંમર રાઝીલે ફરી ફરી, ક્રોધમાન માયા મદ હરી; સંયમ લેવાને નિજ કરે, આપે કેશ ઉપા-શિરે. ૩૩ વિમલ કમલ જે ભમરે ગ્રહ્યો, તિમ કેવળી પદ ઝાલી રહ્યો; વાર વાર મુખે ઉચરે, તે પ્રતિબોધી સગપણ ખરે. ૩૪ કેવલી પાસે દીક્ષા આચરી, પાળે તપ જપ સંયમસિરિ; ભ-વજળ નિધી પાર ઉતરી, સહજે મુગતિ વનિતા વરી. ૩૫ મયણાવળી કેવળી પરજયાય, પાળીને શિવપુર માંહિં જાય; સુણજ્યો સકલ સંઘ જ-યકાર, પહેલો સુગંધ પૂજા અધિકાર. ૩૬ પ્રીતિ

વિમળ ક્ષેમપુરમાંહિં કવી, અષ્ટપ્રકાર પુજા સુરગવી; ભણતાં ગણતાં સંપતિ મલે, સાંભળતાં મહામનોરથ ફલે. ૩૭ ઇતિ પ્રથમ પૂજા અધિકાર સંપૂર્ણ.

દુહા. કંદરૂક કૃષ્ણા ગરૂ, ધૂપ ઘટી વરધૂપ, જે પૂંજે જિનવર સદા, તાસ પુજે સૂર ભૂપ. ૧ વિણયંધર કુમર પરે, ધૂપ ઉખેવે જેહ; સાતમે ભવેશિવ સંપજે, તાસ પુજે સૂરદેહ. ૨ ચોપાઇ. પોતનપુર રાજા બહુરસિંહ, અરિગજ મર્દન જસુસીહ; અંતે ઉરમાંહિ તસ પિયા, કમળા બીજી વિમળા ત્રિયા. ૩ એક સમે વરરાણી બેહુ, જનમ્યા પુત્ર મનોહર તેહ; કમળ નામ કમળાકીઓ, વિમળ નામ વિમળાદીઓ. ૪ એક દિન બેઠેરાય સસંદિ, મેલી સેઠ સેના પર્ખદિ; દુર દેશ થકી આવીયો, જ્ઞાનવંત એક નિમિતિયો. ૫ જાણે વાત છતી અછતી, જાણે સર્ગમાંહિ જે હતી; જાણે સકલ ભૂમિકા તેહ, પુછે તસ ટાલે સંદેહ. ૬ જાણે મન તણી તે વાત, જાણે દેવ તણા ઉતપાત; જાણે નરનારી બેહુ મતા,

જાણે લક્ષણ અંગે છતા. ૭ જાણે જુદ્ધ જય સંવાદ, જાણે શિહુન તણા સબ નાદ; જાણે સરસ કથા કેવલી, જાણે વાત વિગત મેળવી. ૮ જાણે વૃષ્ટિ અવૃષ્ટિ સુભષ્ય, જાણે માત પિતાના પષ્ય; જાણે દુર્જન સજન સેવ,જાણે આઠ નિમિત્ત કહેવ. ૯ પુછે ભૂપ લગન ધરી જોય, સમરે એક પુત્ર જાયા દોય; કમળ વિમળ માંહે સુણ, રાજ ધુરંધર હોસ્યે કોણ. ૧૦ લગન જોઈ બોલે સમકાલ, વિમળા ઉદર ઉપન્યો બાળ; રાજધુરંધર હોસ્યે લહી, કમલા પુત્ર પણાસે સહી. ૧૧ વચન સુણી રાજા મન બળે, છાંનો કોપાનળ પરજળે; નિજ સેવક તેડાવે પ્રાહિં, કુંમર મુકાવો અટવી માંહિ. ૧૨ સેવક એક થયો છુટીઓ, કમલા અંગ થકી ઝુંટી ગયો; દશ દિન બાળ ઉપર ચુકીઓ, અટવી માંહે મુકીઓ. દુહા. રાગ સોરઠી મારૂણી. વન માંહિ મુકી બાળને, આવ્યું રાયને અંત; બાળ તણી વાત કેલવે, ખિણ માંહિ થાસે અંત. ૧૪ સેવક વચન સુણી ભયો, જયું શ્રાવણનો મેહ; ભરી લો-

ચન ઠાલવે, ખિણ ખિણ દાઝે દેહ. ૧૫ ઢાળ. કમલા એણીપરિ વિલવલે, માહરો બાલુડો કુણે દીઠોરે; અંક થકી ઉલાલીઉં, પુત્ર અંધારે જઈ પેઠોરે.૧૬ ક૦ દીનમુખી કિરલાઇએ ધરણી પડી ધર સૂકેરે; પુત્ર પુત્ર મુખે ઉચરે, ક્ષણ નીસાસા મુકેરે. ૧૭ કમ૦ બોલાવી બોલે નહીં, ગ્રથિલ થઈ સાનારીરે; પુત્ર સોભાગી સંભારતી, બેઠી ગતિ મતિ હારીરે. ૧૮ ક૦ હંસ ચકોર સારસ સૂકા, મોર તણાં બાલ દાખ્યાં રે; પૂરવ ભવમે કામની!, ક્રીડા કારણ રાખ્યાં રે. ૧૯ ક૦ બાલને કુણ ખેલાવશે, કહો કુણ સ્તનપાંન પાસેરે; પાલણડે પોઢાઢીને, હાલરૂઆં કુણ ગાસેરે. ૨૦ ક૦ કમલાપુત્ર વિજોગણી, સઘલો નયરરો આવુરે; રાણી રાજા દુખ ધરે, તોહે પુત્ર ન આ૦યોરે. ૨૧ ક૦ દુહા. રાગ રામગરી. ભારંડ પંખી એક આવીઉં, પડ્યો દીઠો બાલ; માંસ વિરાંસે સંગ્રહ્યો, ચંચ પુટે સમકાલ. ૨૨ અવર આકાશે પંખીએ, કરીઉ જુધ સરૂપ; ખસીઉં ભારંડ ચંચથી, બાલક પડીઉં કુપ. ૨૩ ચોપાઇ. કુઆ

વાત કહું અભિનવી, પૂર્વે પડીઉં છે માંનવી; પડ્યો બાલ ગ્રહ્યો ભુજ દંડ, ઢાંકયો વસ્ત્ર તણો લેઇ ખંડ. ૨૪ ચિંતે બાલક કેમ જીવશે, કુંણ માતનું થાંન પીવસે; દસ દિન બાલકનુ દુખ ભયુ, આપ તણો દુખ વીસરી ગયુ. ૨૫ એહવે આવ્યું સુધણ નામ, સારથ વાયુ તેણે ઠામ; બાળક ભુખ ભરયુ ટલવલે, કંઠે વળગીને વલવલે. ૨૬ કરૂણા સાદ સાંભલીને સોઇ, સારથ વાહ કઢાવે દોઈ; પુછે વાત પડ્યું કેમ કૂપ, કોણ બાલક રે કસ્યું સ્વરૂપ. ૨૭ ભણે પુરૂષ સાંભલ સારથવાહ, મુડ ધરે દારિદ્ર દુખ પ્રવાહ; ધનને કાજે ઘણું રડવડે, લાગી તરસ કુપમાંહિ પડે. ૨૮ ગગન થકી પડતો સુકમાલ, અવતુ એ મેં ઝાલ્યું બાલ; ધન વર્જિત પાલું કેમ નાથ, આપું હું તું મ્હને ધરો હાથ. ૨૯ બાળ લેઈ આવ્યો નિજ ઘરે, આપ્યો પુત્ર કરી પ્રીયા કરે; દેઈ દાન દુખીઆને ઘણું, દારિદ્ર દુર કર્યું તેહ તણું. ૩૦ દીઉં નામ વિણચંધર તાસ, વાધે દિનદિન લીલ વિલાસ; અનવર સેઠ પ્રયાણું

કરી, આવ્યો નિજ કંચણ વરપુરી. ૩૧ દીસે પુત્ર સરિસુ બાલ, માત પિતા ધરે પ્રેમ રસાલ; તોહે લોક બોલાવે ખરો, સારથવાહ તણો કિંકરો. ૩૨ લોક વચન સાંભળી કુમાર, ખેદ ધરે મનમાંહિ અપાર; પરઘર વાસી માનવ જેહ, કહુ કિમ નવિ દેખો તેહ. ૩૩ એક દિવસ રમતુ રંગભરે, એ હુતો જે જીનવરને ઘરે; સુણી વાત સાહુને સંગ, ધૂપ ઉખેવે જીનવર અંગ. ૩૪ દુહા. કંદરૂકવ કૃષ્ણા ગુરૂ, ધુપઘટી વર ધુપ; જે પુજે જીનવર સદા, તાસ પજે સુર ભૂપ. ૩૫ ચોપાઈ. મુનિવર વચન સુણિ મન ધરે, તે ધન જે જીન પુજા કરે; જિહાં નરમાલ મલિક નહી હછિ, તે પણિ સહી કહે અસમછિ. ૩૬ જીન પુજાવિણ પરઘર કામ, કરે માંનવી છાંડી માંન; જિન પૂજાવણ ખડે દલે, જિન પૂજાવણ નિવસે ફલે. ૩૭ જિન પૂજાવણ મોટા વંક, જિન પૂજાવણ થાયે રંક; જિન પૂજાવણ એહવા સુખ, પરભવ પોઢાં પાંમે દુખ. ૩૮ જિન પુજા વિણ કેવલી કહે, પરઘર પાંણી ઇંધણ વહે; જિ-

ન પૂજાવણુ ચાકર રહે, તું નવ ભોજન પુરા લહે. ૩૯ દુહા. પુરે હાથેન પુજાયા, છતે ન દીધું દાન; તે કેમ પામે બાપડા, ધન યોવન સનમાન. ૪૦ ઇમ ચિંતવનાં આવીઉ, વિણયંધર વર રૂપ; એહવે સુગંધિક વેચતા, શેઠે લીધું ધૂપ. ૪૧ ચોપાઈ. સથ્થવાહ પડી બાંધી દોય, વિણયંધર મુખ આગલ સોય; બાંધવને આપી એક પુડી, કુમર તણે હાથે એક ચડી. ૪૨ નિરખે કર ધરી કુમર મહંત, હર્ષિત વદન હસ્યો ગુણવંત; સંધ્યા સમય થયો જેટલે, વળી આવ્યું જિન ઘર તેટલે. ૪૩ પાય હસ્ત પખાલ્યા નીર, વીંટયું વસ્ત્ર અખંડ શરીર; વદન કમલ દીધુ મુખવટુ, ધૂખે ધૂપ સુગંધ કટુ. ૪૪ ધૂપ ધૂઆળે ગગને ગયો, વિણયંધર નિશ્ચય થઈ રયો; જબલગે ધૂપ આદાથાગ, વલગે ચલવું નહીં મુજ લાગ. ૪૫ એહવે જક્ષને જક્ષિણી પાસ, ભણે ગંધ આવી આકાસ; રહ્યો માનવી નીશ્ચે કરી, જિનવર વદન નિહાલે ફરી. ૪૬ બાળકરૂપ પ્રતજ્ઞા બકી, ચલાવું નિજ થાનક થકી; વિષધર

રૂપ કરી ધાવીઓ, મેલા વચન થકી આવીઓ. ૪૭ ફણા ટોપ પુંકુ તુંખાય, નાઠા લોક પલાણા જાય; વિણયંધર બીતો નહીં રતી, દાઝે ધૂપ ધરે ધીરમતી. ૪૮ ચિંતે નાગ ચલે નહી બાળ, તાસ અંગ વીંટુ વિકરાલ; પીડે ભીડે કરે હાડ ફોડ, રોમરોમ મુકે મુખ ચોટ. ૪૯ ધ્યાન થકી ચુકું નહી ધીર, ત્રિસલાનંદન જ્યું માહાવીર; જક્ષ્ય થઈ બોલે બોલ ભલા, તુજને તુઠ ઉરે ગુણ નિલા. ૫૦ માગ્ય માગ્ય વર આપું તુજ, ગુણ દેખી હસ્યું હૈયુ મુજ; પભણે કુંમર વચન એક ભલું, તુજ દરિસન મુજ સબ પહુતલું. ૫૧ જક્ષ ભણે સાંભલરે બાલ, ઉત્તમ વચન હોયે નવિહાલ; બિષધર બિષ નાસન એ મણિ, કુમર હાથ આપ્યું ગુણ ઘણી. ૫૨ માગી કુમર નિજ મન નીરલી, તુજ આપું માગે તે વલી; જો આપેછે વર તાહરો, તુ પ્રગટ કર આજ કુલ માહરો. ૫૩ કુમર કહે અવધિ ધરી જોયુ, એટલે જક્ષ અદરશાન હુયુ; વણયંધર જિણવરના પાય, પ્રણમી સ્તવન કરે બહુ ભાય. ૫૪ જેહ

ધૂપ બાંક્ષવ આપીયુ, તે જઇ ચડી ઘેર થાપીયું; ધૂપ એક પણ અંતર જુયું, એકને રાજ્ય એકને રોટ્ટ હુયું. ૫૫ દુહા. સ્વામી મુજ અનાણુ ગુણ, ગુણ ગણવા અસમથ્થ; તે પણ પુન્ય ગ્રુજને હજો, જે પ્રભુ પુજે સમથ્થ. ૫૬ જિમ મધુકરનુ રંગલું, લાગ્યું માલતી સંગ; તેમ સ્વામી તુહ ચરણડે,લાગ્યું મુજને રંગ. ૫૭ જિનવર પાય નમી નમી, આવ્યો કુમર નિજ ગેહ; કિયો કૃતાર્થ આતમા, પુણ્યે સિંચી દેહ. ૫૮ ચોપાઈ. સુણજ્યો વાત નગર માંહિ છતી, રયણરથોનામ ભૂપતી; કનકવતી નામ પ્રીયા સતી, તાસસુતા છે ભાનુમતી. ૫૯ ઘણા પુત્ર ઉપરે અવતરી, માત પિતાને વલભ ખરી; એક દિન પોઢો નિંદ્રા તરી, સર્પડંક દીઓ ઉદીરી. ૬૦હાહાકાર હુવો કિંની ઘરે, કોલાહલ કીયો અંતેઉરે; ભાનુમતી જેણે થાનક વસી, સુણિ વાત રાય આવ્યો ધસી. ૬૧ ફરી ફરી બોલાવે તેણિ વાર, ન દીએ ઊતર રાજકુમાર; મલીમીટિ સુકો કાઠ જસ્યું, ધરણી તલે ઢલીઓ રાયતસ્યુ.

૬૨ ધરણીનાથ ભયો ગાત્ર ભંગ, ચંદન જલ સિંચિત સઅંગ; પુલ તણા વીજે વીંજણા, ભૂપ અંગ વાલી ચેતના. ૬૩ મંત્ર તંત્ર જાણુ જે ઘણા, આદર કરી તેડાવે જના; વિષ વ્યાપ્યું કાયા તસ પુરી, મંત્ર જાણ મુકે પરહરી. ૬૪ ચંદન કાઠ તણી કરી ચિતા, તે ઉપરિ બેસારે પિતા; હાહાકાર થયું તિહાં ઘણું, પછે વાત થઇ તે સુણું. ૬૫ પણે અવસર વિણયંધર વીર, નગર થકી આવે તસતીર; કોલાહલ સાંભળ્યું નિજ કને, રાજ લોક ટલવલે પ્રેતને. ૬૬ તુપછા નગરીનુ લોક, કોણ કારણ એ પાડે પોક; રાજકુંવરીનુ કહ્યું વ્રતાંત, વિણયંધર તે સુણે એકાંત. ૬૭ કુમર ભણે સાજી કરૂં આજ, વેગે જઈ સંભળાવો રાય; તતક્ષણ જઈ ભૂપતિને કહ્યું, હરખે હૈયુ ટાઢુ ભયુ. ૬૮ વણયંધર તેડાવ્યો રાય, મંત્ર તંત્રના કરો ઉપાય; આપુ તુજને લક્ષ્મી છતી, અર્દ્ધ રાજને ભાનુમતી. ૬૯ દુહા. રાગ કેદારો ગુડી. કુમર ભણે સાંભલો નૃપ, પરહરો સબ બિખવાદ; તુજ પુત્રી ભાંનુમતી,

આપ કરાવુ સાદ. ૭૦ કઠિન કાર્ય સિધ્ધાં પછી, જે કરીએ તે ન્યાય; અણવેધ્યે કેમ આપીએ, વેધ્યે દાન દેવાય. ૭૧ ઢાલ. ચિતા થકી ઉપાડી ભૂપાળ, કુમર સમીપે આંણી બાળ; છગન લીંપાવી છાંટણા કીજે, સરસ કુસમ ચોખા કર લીજે. ૭૨ મનમાંહિ સમરી જક્ષસ ધીર, સરસ કુશમ બહુ છાંટે શરીર; નિજ મણિ જલ માહિ ધોઈ પાઈ, કુમરી શરીર થકી વિખ જાઈ. ૭૩ વિકસત લોચન ચિંહુ દિસે પેખે, મલી આ નગરી લોક અલેખે; તતક્ષંણ અંકબે સારે માત, મધુરી વાણી બોલે તાત. ૭૪ સર્પે ડસી હુઇ ગત પ્રાણ, હાલે ન ચાલે કાઠ સમાંણ; ધોઈ પખાળી મણિ જલપાંન, એણે કુમરે દીધુ તુઠ જીવતદાંન. ૭૫ ભાંનુમતી જીવી સુખ પાયું, સબહિ લોક મન હર્ષ ન માયુ; ઓછવ મહોછવ રાયે કર્યો, કુમરી કુમર લેઇ ઘેર આયો. ૭૬ એહવે નિજ ઘેર તેડી પૂછે મંત્રી, વિણયંધરને દીજે પુત્રી; વલતું રે બોલે મંત્રી વિચાર, કર્મ કરો એહનો અવતાર. ૭૭ એહની શુદ્ધિ જાણે

સછવાહ, ઘેર તેડી પુછે નર નાહ; હું નવિ જા-
ણું એહની શુદ્ધિ, પૂત્ર કરી રાખુ નિજ બુદ્ધિ.
૭૮ દસ દિન બાળક પડીઉ કૂપ, દલદ્રી પુરૂષે
આપ્યુરે ભૂપ; વાત સુણી વિણચંધર કેરી,
ભુપને ચિંતા અધિ કેરી. ૭૯ કુળ પાખે કેમ
દીજે ધુઆ, મોટે કારણે સબંધ હુઆ; એમ
ચિંતા ડોલે હીંચે હઇચું,જો નવિ દીજેતો થુકીને
ગલીઉ. ૮૦ જક્ષ ભણે ભૂપ અકહ કહાંણી,
એહની ઉતપતિ સબ મેં જાણી; પોતનપુર વિ-
જયસિંહની રાંણી, કમલા વિમળા દો પિછાંણી.
૮૧ કમલા રાંણીનો સુત થાય, અટવી માંહિ
મુકાવ્યો રાય; ભારંડપંખી ઉપાડી લીધુ, બીજે
પંખી ગગન યુધ્ધ કીધુ. ૮૨ ચાંચ થકી પડતુ
જલ કુપ, આગલી વાત સાંભળીએ ભૂપ; કુપ
માંહી નર પડયોછે આગે, ઝાલુરે બાળક ભા-
ગ્ય જાગે. ૮૩ સારથવાહને આપ્યુ તેણે, બા-
ળક લેઈ આવ્યું પુર એણે; એમ કહી જક્ષ
જાઈ જુએ, રાજાને મન આનંદ હુવે. ૮૪ દુહા.
રાય ભણે મંત્રી સુણો, એ મુજ ભાણેજ હોય;

કમળા ભગની માહરી, હે વિમાસી જોય. ૮૫ ઉછેરસ્યું નિજ નંદને, પરણાવી ભૂપાળ; વિણચંધરને વેગશું;ભાંનુમતી વરબાળ.૮૬અરધ રાજ તણો ધણી, હુઓ તે વંસ પ્રગટ; દાસપણું દુરે ગયું, તે જીનપૂજા માટ. ૮૭ ચોપાઈ. તાત તણોનિ સુણી ત્યાં દાસ, વણચંધર પહોતો બહુ રોસ; મેલી સબલ કટક ખંધાર, આવ્યો પોતનપુર સીમાલ. ૮૮ વામ અંગ ફુરુક માયા વલી, વાંમલોચન કહેવાય; અરધ સીસ ફરૂકે ઘણું, વામુ વિનિતા કમલા ઘણું. ૮૯ તાત વાત નવિ જાણે કસી, કટક પરાવી આવ્યા ધસી; આજ નહી કમલો મુજ સીહ, પુત્ર વિના કેમ રાખુ મહી. ૯૦ પિતા પુત્ર માંડયો સંગ્રામ, યોધે યોધ દેખાવે ધામ; બાંણે બાંણ સંધાતે સૂદ્ધ, હાકે ડાકે દીસે ક્રૂદ્ધ. ૯૧ એક સાંજિ સાંજિ સૂધા ભટા, કુંત કુંત સુજુડે કટા; મુછ મરડી ઉવે એક વલી, એક પડતા ધરણી તલે ઢળિ. ૯૨ પાયક સાથે પાયક લડે, ઘોડા સાથે ઘોડા ભડે; હાથી સાથે હાથી એક, રથ સુરથ અડકાવે

છેક. ૯૩ પિતા બાણ મુકેછે બહુ બલે, આવી વાગ્યું વક્ષસ્થલે; પતિ યુધ્ધ ચુકયો રાય અરી, કેવલી વાત કહે પાધરી. ૯૪

यतः मगाइवगांफुरंसि । हगीउकागोसिरेणसंघेण ॥ सुंदरीकागोनमूउ । मुउंसोत्वयणच्चूक्कवाउ. ९५

ચોપાઈ. કાઢી બાણ વક્ષસ્થલ થકુ, ચિંતે કુમર દીઉ મુજ ધકું; વિણયંધર મુકે પછે બાણ, છેદે છત્ર તણુ અત્રસાણ. ૯૬ કોપ્યો તાત તણે કોદંડ, કરડે મરડે મુંછ પ્રચંડ; જક્ષરાજ થંભે ભુજ દંડ, ચિત્રામણ અલેખે પિંડ. ૯૭ ચંદન ઘોલ ઘસી ઘનસાર, ખરડે અંગ કરે ઉપચાર; વિણયંધર બોલે બહુ વંક, ખરડો આંણી અસુઈ પંક. ૯૮ એમ ટાલી જાસ્યે નહી તાપ, અભ્યંતર લાગ્યું સંતાપ; જક્ષ ભણે નવિ કીજે પાપ, બ-યરસિંહ નામે તુજ બાપ. ૯૯ જક્ષ જે એણિપરે ભાખીઉં, કઠિન બોલ વચન રાખીઉં; સાંભળિ ભુપ વચન માહરો, એ છે પુત્ર કમલા તાહરો. ૧૦૦ દુહા. વચન સુણી જક્ષરાજના, પિતા ભર્યું આનંદ; પુત્ર ખમાવે તાતને, લોચન ભરી

જસ્રબિંદ. ૧૦૧ કમલા અંગે આપણિ, વછુટે ધણખીર; સેધન્યા નારી ભણે, જેણે પખાલું નીર. ૧૦૨ ચોપાઈ. ઉછવ શું રાજા દેઈ રાજ, સુંદર સંયમ લેવા કાજ; બાછે નહી કમલ ઉ- સંવરી, વિમલાને આપી રાજસિરી. ૧૦૩ કમ- લાતણું રાજ્ય છે જેહ, સારથવાહને આપે તેહ; દીક્ષા લઈ પિતાને સાથ, વિજયસૂરિ સુહુ ગુરૂને હાથ. ૧૦૪ સંયમ પાલી ગયા દેવલોક, ચોથે સુખ ભોગવે દોઈ રોક; તાતચવી ખેમંપુર માંહિ જાય, પુણ્યચંદ નામે હુયો રાય. ૧૦૫ વિણયંધર પુત્રનો જીવ, ખેમંકર સેઠે કુલદીવ; વિમલામતી કુખે અવતર્યો, ધૂપ સાર નામ તસ ધર્યો. ૧૦૬ નિરમળ દેહ ધૂપ પરે ગંધ, ગંધાઈ તસ સબલ સુગંધ; વાસે બહુ દશિ ચતુર મહંત, જાણે ચાલી આવ્યો વસંત.૧૦૭ જે નર આવે રાય નજીક, તાસ વસ્ત્ર ગંધાય અધિક; પૂછે ભૂપ વસ્ત્ર ગંધ ખણુ, એહવું કિહાં ધૂપ ધૂપણુ. ૧૦૮ નગર લોક ભુપતિને કહે ધૂપ સારના વસ્ત્ર મહિમહે; તાસપાસ નર બેસે જેહ, સુગંધ વસ્ત્ર

ગંધાઇ તેહ. ૯ સુણી વાત રાજન ચમકીઓ, મેલાં વસ્ત્ર ધુપાવન ધાયો; અંતે ઉર તેડાવી સહુ, આપી વસ્ત્ર ધૂપાવ્યાં બહુ. ૧૦ વસ્ત્ર ગંધ અધિક અનુસરે, રાજા મન મછર બહુ ધરે; તેડાવી પુછયુ ધૂપ સાર, તે કયાં પાંમ્યું ધૂપ ઉદાર. ૧૧ ધૂપ સારપ ભણે સીસ નાંમિ, એહ ગંધ ધૂપ તણું નહી સામિ; મુજ દેહ થકી સ્વભાવીક કહ્યું, સરવ પુણ્ય તણે બળે લહ્યું. ૧૨ સુણી વાત રાય કોપે ચઢયો, તાસ અંગ વિષ્ટા શું મઢયો; નગર માંહિ એહિપેર ફેરવું, ભણે ભૂપ નાસે ધૂપ રવું. ૧૩ પૂરવ જક્ષને જક્ષણી હાય, માનવભવ પામીને સોય; જિનવર ધર્મ લહી સેવતા, નરભવ ભોગવી સુર ઉપના. ૧૪ એહવે અવધિ જોઇ સુરરાય, કેવલી મહિમા કરવા જાય; ખેમપુરી આવ્યું જેટલે, ધૂપ સાર દીઠો તેટલે. ૧૫ પૂરવભવ દેખી દેવતા, વિણ- યંધરના ગુણ જે હતા; ધૂપ સાર ઉપર મન ધરે, કુસમવારિ તણી વૃષ્ટિ કરે. ૧૬ સુગંધ ગંધ અધિકું ઉછલે, સકલ લોક નગરીનુ મળે;

અઢાર ભાર ફુલે ભાવીઓ, જાણે વસંત માસ આવીઓ. ૧૭ એવે સમે સુણી સુલતાન, ધૂપ સારને દે સનમાન; ખામે ફરિ ફરિ ગુણ બોલતું, કુમર શરીરે સહિ જે છતુ. ૧૮ વળતો કુમર ભણે નરનાહ, મ ધરે ખેદ નહી તુજ અવરાહ; પૂરવ કર્મ સંયોગે મળ્યા, દુખ સુખ નર પામે પાછલા. ૧૯ દુહા. ઉત્તમ અતિહિ પરભ૦યો, હૈયે ન આણે ડંસ; છેદ્યો ભેદ્યો દુહ૦યો, મધૂરો વાજે વંસ. ૨૦ આપ તણા ગુણ ઢાંકીએ, પરગુણ કરે પ્રગટ; પ્રીતિ કરે પરનાકીઆં, શાસ્ત્ર વખાણે ભટ.૨૧ચોપાઈ.અસંખ્યભા૦ય ચરિયંત દેખ, ચિંતે ભુપ સુકૃત સંલેખ; ધૂપ સાર તણું અંગવાસ, પૂછુ જઈ કેવલીને પાસ. ૨૨ નિજ પરિવાર સહિત સંચરયો, ધરણીધર સંદેહે ભર્યો ધૂપ સાર સાથે મન રંગ, જઇ બેઠો કેવલી સંગ. ૨૩ ધર્મ સુણી કેવલી પુછીયા, ધૂપ સાર સુરભે દે કીઆ; પૂરવભવ કીધું એણિ કસ્યું, મેં ખરડયો વિષ્ટા સું અસ્યું. ૨૪ પભણે કેવલી કેવલ નાણ, આ ભવ થકિ ત્રિજે ભવી જાણ; જિન

આગલ ઉખેવ્યું ધૂપ, તે માટે તેનું સુગંધ સ્વરૂપ. ૨૫ સોભાગી ભોગ ભાગી ભયુ, કુસુમ વૃષ્ટિ મહિમા જસ કહ્યું; ભવ પાછલે પુત્રજ એહ, સાંભળિ નૃપ સાવધાંન સંદેહ. ૨૬ જબ પિતા પુત્ર માંડ્યો સંગ્રામ, કડગુ વચન બોલ્યો તુજ તામ; પોતનપુર વર થકી મુનિ કવે, સુણી વાત કુંમર ચિંતવે. ૨૭ સાંભર્યો પુરવભવ આપણો, જિનવર ધર્મ ઉપર ભાવ ઘણો; નરપતિ સાથ કરી સંચરે, કેવલી કન્હે સંયમ શિરી વરે. ૨૮ વિચરે સુનિવર મહિમાવંત, શાંત દાંત અને ખિમા અનંત; તપ જપ સંયમ પાલી સદા, પોહોત્યો પ્રથમ ગ્રૈવેકે તદા.૨૯ તિહાં થકી નર સુરભવ અંતરે, સત્તમભવિ મુગતિ અવતરે, સુણજ્યો સકલ સંઘ જયકાર, બીજે ધૂપ પૂજા અધિકાર. ૩૦ પ્રીતિ વિમલ ક્ષેમંપુર માંહે કવી, અષ્ટપ્રકાર પૂજા સુરગવી; ભણતાં ગુણતાં સંપતિ મળે, સાંભળતાં મહા મનોરથ ફળે. ૩૧ ઇતિ દ્વિતીય પૂજા અધિકારઃ સંપૂર્ણઃ

દુહા. જિનવર આગલ પૂજત્રિણિ. વઇ-

અખંતચોખ. સૂકયુગલ તેહની પરે પાંમે તે શિવ સુખ. ૧ જ્ઞાન દરશન ચારિત્ર દ્રદે, ત્રેવડે ત્રણે પૂંજ; આગલ્યે ભવ તે માનવી, લાભે તે મતીસ્યુજ. ૨૨ ચોપાઇ. ભરતક્ષેત્ર માંહિ સિરીપુરં, તે બાહિર એક વન ખંડવરં; અંબ નીબખ દિરંધવ ધરં, કરીર કદંબ કોકિલા સ્વરં. ૩ નાલિ કેરિ નારંગી પત્ર, દીસ્યે વારૂ વડલા છત્ર; સાલરીને સોપીરા તણા, રાણિ રૂપછે રળીઆમણા. ૪ ખ્યારેકર કજુરીના વાડ, અદ્દભૂત ઉંચા સોહે તાડ; દમણુ જાઇ જુઇ માલતી, વાલું વેલિ વેલિ વાસતી. ૫ ચંપક ચંદન કુંલી, દ્રાખ તણા મંડપ માંહિ ભેલી; તે વનમાંહિ જેસ્યુ કૈલાસ, રૂખભદેવ તણો આવાસ. ૬ તે આગળ સુંદર સહકાર, અછે પક્ષી તણો આધાર; નિવસે સુક યુગલ તહાં એક, કરતું ક્રીડા જલ અભિષેક. ૭ વિષય સુખ લપટાંણા રહે, રંગ ભરી દીન જાતું નવિ લહે; મનોરથ મન તણા સંપન્ન, સુડલીને આધીન ઉપન્ન. ૮ એક દિન બેઠી અંબલા ડાલિ, ખાંતિ ભઇ ખાવાને

સાલિ; વિનય વિવેક કરી દાખીઉં, સીસ ન-
માવી પિઊ સાખીઉં. ૯ સિરીકંત રાજાને ખેતિ,
મનોહર સાલિ સુંદરછે સ્વેત; તાસ તણા સાલ
સાલ લેઇ વલ્યુ, ચુણી ચંચ પુરૂ દોહલ્યુ. ૧૦
પંખી પભણે સુણ પંખીણી, સાલિ ખેતનુ સી-
રિકંત ઘણી;જુઆંણુ એક સાલિ સાલુઓ,તાણી
બાણુ વધે તાલુઓ.૧૧પંખીણી ભણે કાયર અ-
ધમો, મેં નવ દીઠો કો તુજ સમો; નીજ નારી
મરતી મૂકીએ, પોતે જીવીને લોભીએ. ૧૨
એક સજન મુકી સંચરે, નારી પરહરીને પેટ
ભરે; વેલા વસ્યે ઉંડે નિજ હાથ,તે કાયર કહીયે
પ્રાણનાથ. ૧૩ તાસ વચન સાંભળી ભયુ સૂર,
ફેરવે નિજ કાયા બલપૂર; સાલિખેત્ર માંહિ
જઇ લીએ, દયિતાને મંજરી આપીએ. ૧૪
એણિપેરે તેહ સાલીનાં સીસ, નારીને આપે
નિશદીશ; ચતુર નર ચાંણાખ્ય કહી, ચાખી
વસ્તુ મુકાએ નહી. ૧૫ એક દિવસ રાજા પર-
વરયો, સાલિખેત્ર જોવાને ફરયો; ખુણુ ખેત્ર
ખાધુ પંખીએ, ફરી ફરી નિરખે રાય અખીએ.

૧૬ પુહવીપાલ પૂછે સાલિપાલ, વિહંગ વિણાસે ખેત્રની સાલ; સાલીપાલ પભણે સીસ નાંગિ, સાલુ સુક વિણારો સ્વામિ. ૧૭ ચહુદશિ રહુ ચઢાવી બાંણ, તોય તે રયું ન ચાલે પ્રાણ;હાકું ડાકું રાખું પાલિ, પ્રાણિ પખાલુણી જાય સાલિ. ૧૮ દુહા. વલતો રાય એણિપરે ભણે, મંદિત પાસ બહુ ચંત; બાંધી ચોર તણી પરે, આણ-જ્યો મુજ અંત્ય. ૧૯ એક દિન કર્મસંયોગથી, સૂડો પડીઓ પાસ; બાંધ્યુ સુડ દેખતાં, આણુ નૃપ આવાસ. ૨૦ રાગ રામગરી. કોઇ મુકાવો મુજ નાહલો, એમ બોલે સૂકી; વલવલતી સાંચે થઇ, પ્રથમ હું ચૂકી. ૨૧ કો૦ મેં પરાણે પીઉ મોકલ્યો,પીઊ જાતો નહોતો; મુજ પાપણી પેટ કારણે, સાલિખેત્ર માંહિ પહુતો. ૨૨ કો૦ એક ગુનો રાય મૂકીએ, જો કીધો અન્યાય; ચી-ભડી ચોરને બૂસટી, ઉખાણુ કહેવાય. ૨૩ કો૦ આંસુ જલ ભરી લોયણે, સૂક સાંહાંમૂં જોય; ઉદ્ધરાય માંને નહી, ખિણ ખિણ વલી રોય. ૨૪ કો૦ ખડગ કાઢી રાજ ધનસે, સૂક નાંખ્યું

જવડી; મોહજાળ બાંધિ પિયુ, વચ્ચે પેસે સુ-
ડી. ૨૫ કો૦ પ્રિય થાનક મુજને હણો, પ્રાણ
વાહાલ મ છોડ; દીન વચન મુખે ભાષતી,
નિજ નખ મુખ જોડ. ૨૬ કો૦ તુજ સાલિ ઉ-
પર મુહને, દેવ દોહલુ જાણુ; ત્રણ સમાન
આઉખુ ગણી, સાંલિ મંજરી આણ ૨૭ કો.
હસી કહે રાય સૂકને, પંખિ પંડિત કહીઈ;
મહિલા કાજ જીવ આપણો, દુખમાં કેમ દહીઈ
૨૮ કો૦ લાજ મુકી ભણે પંખિણી, માય બા-
પને વિત્ત; જીવિત છાંડે માનવી, જો મહિલાશું
ચિત. ૨૯ કો૦ યમસિરિ દેવી કારણે તમે જી-
વીત ઉહ્યો; સુડલી વચન એવું કહી, રાજન
મન મોહ્યો ૩૦ કો૦ દુહા. એહ વચન શ્રવ-
ણે સુણી, ચિતવે ચિત માંહે રાય; પંખિણી
કેમ એહ માહરી, કે લવે વાતરે આજ. ૩૧ ભ
દ્રે હું તુજને કહું, કહે તું કરી પસાય; કેણી
નિમિત્તે જીવ ઉડવે, હુતિ ગહી ઇન માય. ૩૨
ચોપઈ તુજ પુરે એક પરીવ્રાજીકા, નિજ
વસે કૂડ કપટ ભ્રાજીકા; હરીહર બંભ દેવ ભા-

વિકા, કરિ રૂદ્રાક્ષ તણી માલિકા. ૩૩ જાણે મૂ-
લી મંત્રને તંત્ર, જાણે સિદ્ધિ વિદ્યા બહુ યંત્ર.
જાણે ભૂત પ્રેત સાઇણિ, જાણે ઉતારી ડાઇણિ.
૩૪ શ્રીદેવી પ્રિયા તુમ તણી, એક દિન પૂછે
તે તપસણી; પરવરી બહુ નારીને સાથ, મુજ-
ને છાંડી રહે નરનાથ. ૩૫ તે માટે તું ઓઘ કરે,
જેમ રાજન આવે મુજ ઘરે; વલભ થઈ
રહે પીઉ ચરણ, જીવીત મરણ કરે મુજ શ-
રણ. ૩૬ મઠવાસણિ આપી ઉષધી, દુધ માંહી
ઘસી પાપ વિધી; સમરજે મંત્ર માંહી પિઉ
નામ, જેમ મનવાંછિત સીજે કામ. ૩૭ મંત્ર
તણો આપે વિધિ જાપ, મઠવાસિણી મઢી ગઇ
આપ; દિનદિન મંત્ર જપે ઉલ્લસી, પાય દુધ
ઉષધી માંહિ ઘસી. ૩૮ એક દિનસા સાંભરી
નિજ મને, પ્રતિહારી મોકલી તેહ કને; મુખે
બોલે મુજને મોકલી, રાજ ભુવન આવું એ-
કલી. ૩૯ વચન સુણી મહિલા મન હસી, રા
ય તણા ચિતમાં હું વસી; કરી સોળ સિણગા-
રે ભલી, રાય ભવન ચાલી હંસલી. ૪૦ તેને

દેઇ નરપતિ બહુ માન, દુખ દાલિદ્ર ગયાં સબ રાન; સેષ નારિ મૂકી પરહરી, તે ઉપર મન મડાયું ફરી. ૪૧ ભોગવે રાજ તણી બહુ લાછિ રાજા વસ વરતી હુઈ દાસિય; પૂછે મઠ બામિણી મન મિલ્યો, રાણી તાહરો મનોરથ ફલ્યો. ૪૨ વળતી રાણી એમ ઉચરે, તુજ પ્રસાદ પિઉ પ્રેમ ધરે; ભગવતિ આપ્ય આજ તું અસ્યું, મુજ વિના રાય જીવિત કસ્યું. ૪૩ દુહા. મુજ ઉપર પિયુ પ્રેમડો, લોક માહિ કેહવાય; જીવિત મરણ જો એકડા, તુ પતી જણ જાય. ૪૪ નર સાથે નારી ભલી, મરતી દીસે જોઇ; નારી સાથે નર મરે, તું પ્રેમ પટંતર હોઈ. ૪૫ ચોપાઈ પ્રેમ પટંતર જાવા ભણી, મુલી આપે મઠ વાસિણી; એહનો નાસ લીજે નાસિકા ગત જીવીત દિસે જીવિકા. ૪૬ સજીવણી ઉષધી મુજ કને,જીવાડું ફરી હું તુહને;એહ વાત માંહો માંહી દ્રઢી, મઠ વાસિણી બેઠી જઈ મઢી. ૪૭ સિરી દેવી રાજાને પાસ, પોઢી પદમણી લેઈ નાસ; દીવી રાય કાષ્ટ પરી કસી, કપટ તણી વાત

હોઇ અસી.૪૮ ધરાજી ધીપ ધસ્યું મદન વિકા
ર, બોલાવી ન બોલે એકવાર; ધસમસી ધાયા
નગરી જન, ભઈ ભામિની ગત ચેતન. ૪૯
વિદ્યા મંત્ર તંત્રના જાણ, આદર કરી તેડાવે રાણ;
પુતળી કાષ્ટ તણી હોય જસી, પરહરી તેણે
જાણી તસી. ૫૦ તબ બોલે મંત્રી સુ વિચાર,
કહો દીજે અગનિ સંસ્કાર; પભણે રાય એ
સાથયે બળુ, યમ પૂરભવ પ્રેમે મળુ. ૫૧ સેઠ
સેનાપતિ મંત્રી વડા, વળગી પાય બોલે પડવ-
ડા; ભુપ યુગતિ નહી એ તાહરી, નારી કાજે
મરી સંચરી. ૫૨. રાજ ભણે એમ કરો અવલં-
બ, ચંદન ચિતા રચાવી લંબ; સંચરયો નારી
સાથયે કરી, વલવલે ટલવલે અંતે ઉરી. ૫૩
દુહા. રાગ પરજીઓ. કાલિજ કોહુ માંહિ, ઉ-
ઠવીઉ આઠે પહોર, બલલેને બળતુ થાય નિ-
જલતું મેહલે નાહલુ. ૫૪ બેઠો સુડિ કરેવિ,
પાંડરી પહોડિ ઓઢણે, બોલાવ્યુ બોલ ન દેઈ;
વઢપણિ વિછોહે નાહલું. ૫૫ ઢાળ. માહારાંમ
ન કામાન્યારે, ન બગીએ નારી કાજ;એમ બોલે

સબ અંતે ઉરી, પિયુ પાંમી જે લોકલાજ. ૫૬
મા૦ નર સાથ્યે નારી બળે, જગ જાણે સહુ કો-
ઈ; રાજ હંસ પંખિ આપરે, તાહરાં માત પિત
પંખિ જોઇ. ૫૭ મા૦ હૈયા માંહિ ઝુરીયે,
નવિ કીજે તાણો તાણ; મનવાલી મનમાં રહો,
એક હાંસુ ને વળી હાણ. ૫૮ મા૦ સજજન
સરીસુ રૂસણું; પિયુ જજન કેરી શીખ; મહીલા
સરીસું મંત્રણું, પિયુ એ ત્રિણિપાય ભીખ.૫૯
મા૦ તુહિ પિઉ માને નહી, નિજ રાંણી બાંધ્યા
પ્રાણ; તબ રાજલોક છાનો રહ્યો, રાય જઈ બેઠા
મસાંણ. ૬૦ મા૦ દુહા. એહવે સાપરિ વ્રાજિ-
કા, આવી રાજ સમીપ; મુખે બોલે જીવતી કરૂં,
તુજ નારી અવનીપ. ૬૧ વચન સુણી રાય
હરશ્યા, ઉઠ કોડિ રોમરાય; પભણે મઠ વાસિણિ
પ્રતિ, ભગવતિ કરૂ ઉપાય. ૬૨ ચોપાઈ. સંજી-
વણી ઉખધી દીધ નાસ, સિરિ દેવીને વલીઉ
સાસ; ભૂષણ કનક તણા મન રંગ, પરિ વ્રાજીકા
પહિરાવો અંગ. ૬૩ વાજે ઢોલ શબદ નીસાણ,
ગજવર ખંધન્વઢયો ભુભાણ; પ્રિયા સાથ ઉછવ

બહુ કરી, ઘરે આવ્યો આરતિ ઉતરી. ૬૪ મઠ વાસણી મૃતાસા દેવ, ધ્યાન બલે સૂડી થઇ હેવ;પેખવિ પુરૂષ પ્રિયા વાછલ્યો; સાંભર્યો મુજને ભવ પાંછલ્યો. ૬૫ જ્ઞાનબલે કેળવી મેં વાચ, એહ વાત જુઠી કે સાચ; હરખ્યો ભૂપ ભણે પંખિણી, એહ વાત સાચી મેં સુણી. ૬૬ ઉઠયો રાય કહે મુખ માંગ, સૂડલી તબ બોલે સોભાગ; મુજ ભરતાર છોડિ ધુરાધીશ, તું ભુપતિ માંહિ ભલો ભજેસ. ૬૭ વળતો પભણે દેવ દયાળ, ચુણજો મહારા ખેત્રની સાલ; એમ કહી મુકા મોકલ્યા, સુડો સુડી થયા નિર્મલા. ૬૮ નિજ થાનકે આવ્યા ઉડી, દોઇંદ્રાં પ્રસવ્યાં સુડલી; સુડા તણી અવર છે નાર, ઇંડું એક પ્રસવ્યું તેણિ વાર. ૬૯ એક દિન સાચણ લેવા ગઈ, દ્વિતીયા ઇંડાઊ ઉલવી રહી; ચુણ લેઈ આવીની અડે, ઇંડુ ન દીસે ધરણી પડે. ૭૦ દુહા. પ્રાહિ નારિ સબ વંકડી, કિમ પતી જણ તાસ; માથે ઘડા ચડાવી કરી, પછે દીએ ગલેપાસ. ૭૧ચોપાઈ. સખિ રૂપે આવે દાસિ, તુન વિધીરૂં

આપણ પાસિ; જોશ ઉખિસરી સુ આવે રાજ, તેણે રાજ્ય કહ્યુ કે હું કાજ. ૭૨ ખિણ ઉઠે ખીણ ધરણી ઢળે, જળવિણ જેમ માછલી ટળવળે; કોડાકોડી સત્તર મોહની, જે નર છાંડે તે નર ધની. ૭૩ દયા ઉપની સુખીને પછે, ઇંડુ માલે મુકી ગછે; પશ્ચાતાપ કરે નિજહીયું, ગુહે કર્મ નિ-વડે બાંધીયું. ૭૪ નિજ આસમી આવી ફલાદ-ની, બાળક દેખી આનંદની; અમૃત સીંચી હોઇ જસ વેલ, ઇંડા ઉપર કરતી ગેલ. ૭૫ તે ઇંડાં સેવાં પખવાય, સુક જુગલ મંજુલ તસકા-ય; માત પિતા ખેલાવે ફરી, આણી ચુણ ચુંટાવે ચરી. ૭૬ દુહા. રાગ કેદારો. એક દિન ચારણ મુનિ,આવ્યો તે વનમાંહિ; રૂષભદેવ પાએ નમી, બેઠા આંબની છાંહ. ૭૭ નરનારી બહુ પરવરચા, પુછે નગરનો રાય; જિનવર ચોખે પુજતાં, કહો કિસું ફળ થાય. ૭૮ ઢાળ. સુણ રાજન કેવલી કહે,જે આંખે આખાડો વચરે; પુજ ત્રિણ જિનવર આગે, તાસ અખંડ સુખ હોવેરે. ૭૯ સુ૦ મહ ઉઅમતે જિન પુજી, નરપતિ કરે આહારોરે; મુનિ

વિચરે મહિ મંડલે, સકલ જીવ હીતકારોરે. ૮૦ સુ૦ સુક યુગલ આબલા ડાળે, સુણી વચન સાધુ કેરારે; સાલિતણુ પુજ ત્રણુ તિહાં, નિત નિત કરે નવેરાંરે. ૮૧ સુ૦ નિજ બાળકને સીખવે, પુજા તણા આચારોરે; તે પણ જિન આગલ ઢોઈ, સાલિ પૂંજ ત્રણ સારોરે. ૮૨ સુ૦ ઇમ કરતાં આયુ પુરે, ચ્યાર ગયા દેવ લોકરે; તાસ તણા સુખ ભોગવી, સૂક આયો નર લોકરે. ૮૩ સુ૦ હેમ પ્રભુ નામે રાયા, હેમપુરી અભિરાંમોરે; સુકાજીવ ભાર્યા ભઈ, જયસુંદરી નસનામોરે. ૮૪ સુ૦ એક દહુ પ્રસવ્યુ જેણે, સૂક અવર નારિજીઆરે; તાસ પ્રિયા આવી અવતરી, રતિ સુંદરીછે બીઆરે. ૮૫ સુ૦ પાંચસે વલી વિનિતા વડી, રાજનને કહવાયરે; પુરવ પ્રિયાદો એ સુડલી, તે ઉપર મન જાયરે. ૮૬ સુ૦ અન્ય દિવસ ભૂપતિ દેહા, ઉકવઠે જર બહુ મરડેરે; બાવના ચંદન ઘસી ઘસા, કેસર સુઅંગ ખરડેરે. ૮૭ સુ૦ મંત તંત વિદ્યા કુશલા, દેખી પરમોહ જાયારે; જિનવર ભવની પૂજા કરી, વિવિધ દાન દેવાયારે,

૮૮ સુ૦ પ્રકટ થઈ રાક્ષસ ભણે, એહ રોગ તું પાલેરે; અંતે ઉરી એક તાહરી, અગનિકુંડ માંહિ ઘાલેરે. ૮૯ સુ૦ એમ કહી રાક્ષસ ગયો, વિસ્મય થઈ રાય બેઠોરે; ઇંદજાલ સમોવડિ લહી, કઇ મે સુહણ્યો દીઠોરે. ૯૦ સુ૦ વળી ચિંતે રાક્ષસ સહી, એકલે ભયુ પ્રભાતોરે; ઉદયાચલ ઉગ્યો સુરો, મંત્રીને કહી વાતોરે. ૯૧ સુ૦ અંતે ઉર તેડાવીઓ, કહ્યું રાક્ષસ વર તાનોરે; પ્રતેકે પુછી સહુ, મરમ કાજે નહીં થોભ્યોરે. ૯૨ સુ૦ દુહા. વયણિ સજ્જન પ્રીતિ થલ, મુહ મીછા મન રદ્ર; જાઇ ગલી જીમ જોગિની, જબ માથે આવે વદું. ૯૩ આપ કાજે પરને હણે, જગમે જાંણાં દીઠ; પરજીવ કારણ આતમા, સોમે વિરલી દીઠ. ૯૪ ચોપાઈ. વિકસિત વદન કહે રતિ દેવી, પિઉ કાજ મુજને હોમેવિ; અગનિકુંડ ભર્યો બહુ કાઠ, મંત્રી મુખ બોલે વિધિ પાઠ. ૯૫ રતિ સુંદરી મરવા મહાજિમ, જઈ ભેટ ભગતિ વહાલિમ; દેવી અગનીકુંડ ઉપરે, પડે આતમા લુંછણ કરે. ૯૬ તબ બોલે રાક્ષસ

સાહસી. પિઉ ઉપર પ્રેમે મે કસી; માગ્ય માગ્ય વરતુ વોહુ, સવવંત સોભાગિણી કહું. ૯૭ મુજ માત પિતા મળી આપ્યો વર, હેમ પ્રભુ નામે પ્રીયંકર; વર આપે તુ કરિ ભૂપાલ, રોગ રહિત જીવે ચિરંકાલ. ૯૮ વર આપી દેવ થાનકે ગયો, રોગ રહિત રાજન અંગ થયો; દેખે સહુ મહિપતિ સુખ ભૂપ, રતિસુંદરી મસરૂ જયપુર. ૯૯ વર આપે હવે તુઠો ભવતાર, થાપ્યો તે વર ભૂપ ભંડાર; અવસર આવે લેશે સહી, એહ વાત કેવલીએ કહી. ૧૦૦ એક દીન કુળદેવી ધ્યાઈ, જો મુજ કુખે પુત્રી પાઈ; જયસુંદરી છે સુખિ મુજ, તાસ પુત્રી બળ આપ્યું તુજ.૧ કરમ વસે નંદન બાહુને, હુ અનોપમ લક્ષણ કન્હે; નિજ નિજ ગોદ્દષે લાવે માત, મોહ પ્રમુખ નિરખે અંગ જાત. ૨ દુહા. ગ્રહગોડી. રતિસુંદરી મતિ ચીંતવે, રાઈ માની જેહ; સુખી પુત્ર બલ્લી કિમ કરૂ, ચિંતા પેઠી દેહ. ૧૦૩ અવસર જાણી આપણો, વીનવીઉ મહીપાલ; પાંચ દિન પ્રથવી તણી, પહેરાવું વરમાલ. ૪ પ્રસન થઈ નિજ ના-

રિને, આપ ભલાવે ભાર; સેવક પઈ અણાવીઉ,
જયસુંદરી કુમાર. ૫ ઢાળ. સ્નાન કરાવી ફુલે,
પૂજે કુમર અતિ મૂલે; પસલી કુળદેવી કેરી,
મુકયો પડલી પરે ફેરી. ૬ અસ્પે રતિસુંદરી
સુખ પાવે, જયસુંદરી વિલવલાવે; મેરા અંક
થકી પૂત્ર છાનો, તેરા અવગુણ કુણ કીનો.૭ અ૦
આંકણી. કંચણપુર સ્વામી પૂરો, વિદ્યાધર આ-
વ્યો સૂરો;બાળક પડીઓ તેણે લીનો,અપની ભા-
રયા કું દીનો. ૧૦૮ પૂત્ર કરી તસપાલે, વનિતા
વંધ્યા દોષ ટાલે; ઉનકું નામ દે ફઈઆ, મયણ
કુમર મિલી સહીઆ. ૯ અસ્પેયો વિમાવે પા-
મ્યો ગગને, ખેળન નિસરીઓ લગનેઃ અપની
જનની તબ દેખે, હરખીત લોચન ફરી પેખે.
૧૦ ઈસ્પેઇ વિમાન બેસારે જનની, કુમર વા-
લ્યો લેઇ અપની; પિછે દેખ સહૂ લોક, રાજન
ઘરણી ગઈ રોક. ૧૧ અ૦ અતિ સૂરો અધિકા-
રી, રાય કાહિ કરે પાયચારી, ઉચે તરૂ શિરફલ
છે, વામન લેવા કેમ વાંચ્છે. ૧૨ અ૦ દુહા.
અલવે ઊંચ ઉકરડો, નીચી નામે ડાલ; તોય ન

પૂચે બોકડો, જો કુદે સઉ ફાલ. ૧૩ ઢાળ તેહુજ. પડયો રાજન પુખ ભાર, ચાંદી ઊપરભયું ખાર; એક નિજ નંદન મરણો, બીજું પણ ભાર્યા હરણો. ૧૪ અ૦ રાય દુખ ભર્યા દિવસ ગમાવે, તુહે ધરણી ધરી નાવે; મયણ કુમર નિજ માયા, લેઇ બેઠો અંબકી છાયા. ૧૫ અ૦ પુરવ સુત યુગલ નારી, વાનરી વાનર રૂપકારી; આવી બેઠા તરૂ પાસે, વાનરી પ્રતે વાનર ભાસે. ૧૬ અ૦ ઐસો તીરથ જલ મહિમા, જોતિરીય પડે નર એહમાં; તુ મનુષ્ય દેવરૂપ થાવે, સં-દેહ રહીત સુખ પાવે. ૧૭ અ૦ અંબકી છાહિ નર નારી, ઉસ દેખે રૂપ અવતારી; ઐસી નારી તું હોવે, ઐસો નર હમકું જોવે. ૧૮ અ૦ વાનરી પભણે સુણીએ હવે, ઉનકું અભિધાન કુણ લેવે; અપ હરી અપણી માતા, ધરણી બુધિ કુણ ત્રાતા. ૧૯ અ૦ ઉનકું રૂપ કુણ વંછે કુણ પાપી, સામિ કુલાચાર લોપી; પશુઆ બાત સુણી ઠ-મકયો, મયણ કુમર ચિત ચમકયો. ૨૦ અ૦ વિદ્યાધર પૂછે તાણી, તેં ઐસી વાત કેમ જાણી;

વાનરી વળતી ભણે તિહાં, તુ પુછે મુનેછે ઇ-હાં. ૨૧ અ૦ એસ્યું કહી ગયાં દોય, પૂછે કુમર મુની સોય; મુની પભણે હું ધ્યાની, જે પુછી હેમપુર જ્ઞાની. ૨૨ અ૦ દુહા. નિજ પરિવારે પરવર્યો, જનની લીધી નિકટ; ચાલ્યો કુમર હેમપુર વરે, પુછે કેવલી હટ્ટ. ૨૩ હેમ પ્રભુ રાજા તિહાં, બેઠો આસનપૂર; જયસુંદરી કોણે અપ હરી, સામી કહે મુજ ધૂર. ૨૪ ચોપાઇ. કેવલી કહે સાંભળી વરસૂત્ર, અપ હરી ગયો જ-નનીને પુત્ર; કેવલી પ્રતે કહે ભૂપ વાત, પુત્ર વિના કેમ કહીએ માત. ૨૫ આગે પુત્ર હતો એ-હને, દેવી બળે દીધો તેહને; કેવલી વચન હોય નવિસંશય, બીજો પૂત્ર નથી તસ અંશય. ૨૬ કુળદેવી આગળ બલિ કરયો, સો પુત્ર બેઠો ઉપર વર્યો; જયસુંદરી તે નિજ બુધિ, મુજ આગળ આવી કરે સુધિ. ૨૭ વિકસત નયણજુએ નરપતિ, જયસુંદરી તબ હરખતી; કેવલી વ-ચન સુણી ગહ ગયા, હરખીત લોચન ટાઢા થયા. ૨૮ રાય ભણે મુજ પુત્ર સંયોગ, સોળ વરસનો

પડયો વિજોગ; કુણ કારણ સંભળાવી ખરો, સ્વામી મુજ સંદેહ અપ હરો. ૨૯ પૂરવ ભવ તુજ નારી ભલી, ઇંડુ ઉલવીઉ સૂડલી; વિલ-વિલતી મૂકી સોલ વડી, તેટલાં વરસ વિજોગી પડી. ૩૦ પરને દુખ સુખ તિલતુ સમીત, દીજેતો પાંમી જે નીત; ખેત્ર માંહિ બીજ વાવી જોય, સતગુણ સહસલખ્ખ ગુણ હોય. ૩૧ સુહ ગુરૂ વચન સુણી જાગીઆં, બિહુ નારીનાં કંપે હીઆં; આલોએનંદે આગીઆં, જન મંતર પાતિક લાગીઆં. ૩૨ ભૂપ ભણે મુનીવર અવતંસ, મુજને ભયું કુઅંસ; અખંડિત ચોખાના પૂંજતિ ન, જિનવર આગ લિઢો યાધિન. ૩૩ તાસ પ્રભાવે રાજ તુજ ભયું, અખંડ સુખનો લાહો લહો; આજ થકી ત્રીજે ભવ કહી, મુગતિ તણી ગતિ તુજને સહી. ૩૪ રતિસુંદરી સુતને રાજસીરી, થાપી ભૂપ સંયમ આચરી; માત સહીત સંયમ વ્રત વાસ, કરે કુમર કેવલી સગાસ. ૩૫ સંયમ પાળી નિજ આતમે, જઇ બેઠા દેવલોક સાતમે; તિહાં થકી ચવી મુનિખ્ખ ભવઉદે, ત્રણે જીવ

કેવલી વદે. ૩૬ રાજા નિજ નારી નિજ સુત, પુત્રી જે દેવલોક પહુત; ચ્યારે જીવ સંયમ વ્રત પાલી, જઈ બેઠા તે મુગતિ વિચાલી. ૩૭ કેવલી વચન થકી બુઝીઆં, જો જિનવર ચોખે પુજીઆં; સુણજો સકલ સંઘ જયકાર, ત્રીજો અક્ષ પૂજા અધિકાર. ૩૮ પ્રીતિ વિમલ ક્ષેમપુર માંહિ કવી, અષ્ટપ્રકાર પૂજા સુરગવી; ભણતાં ગણતાં સંપતિ મલે, સાંભળતાં મહામનોરથ ફલે. ૧૩૯ ઇતિ ત્રતીયપૂજા અધિકાર સંપૂર્ણ:

દુહા. ત્રિસંધ્યા કુસમે કરી, જે પુજે નરનાર; મુગતિ વધુ સુંત સચરિ, વરતિ મંગલ ચ્યાર ૧ કુસમે વિનય સિરીપર, જે પૂજે જિનચંદ; સો નર સુર સુખ ભોગવી, પામે પરમાનંદ. ૨ ચોપાઇ. ભરતખેત્ર માંહિ નર ભરી, ઉત્તર મથુરાં નામે પુરી; સુરસેન નામે રાજીઓ, જસ પ્રતાપ મહિમા ગાજીઓ. ૩ નિવસે તિહાં ધનપતિ ધુર સેઠ, જસ ઘેર લખમી કરતી વેઠ; સિરીમાલા કુખે અવતરી. લીલાવતી નામે કુંવરી. ૪ તસબંધવ ગુણવંત ગરીઠ, ગિરૂગુણધર

નામે કનીઠ; નિજ મંદિર માહ્હે મલપતાં, માત
પિતા કુળ સોભાવતાં. ૫ દાહિણી મથુરાંપુરી
ઉહસે, મકરધ્વજ વ્યવહારી વસે; વિનયદત્ત
નામે તસપૂત, લીલાવતી વરી અદભૂત. ૬ દિ-
ન એકે દાસી પરવારી,આવી સસરા ઘર વહૂઆ-
રી; કામકાજ ઘરના ચિંતવે, બોલાવી મહ્યરી
પર લવે. ૭ પૂરવ નારી છે જિનમતી, નિર્મળ
શીલ સભાવે સતી; સ્નાન કરી પહેરે ધોતી,
વીંટી નીજ મુખ નિરમળ ધોતિ. ૮ ગંગોદક
શું કરી પખાલ, પૂજે જિનવર બંબ વિશાલ;
નવે અંગ પૂજી સુકમાલ, કંઠે ઠવે કુસમની
માલ.૯ જિન પૂજે બહુ હરખે ભરી,ભાવ સહીત
ચૈતવંદન કરી; નિજ થાનક પહોતે જે મતી,
એટલે આવી લીલાવતી. ૧૦ દેખે જિનવર કંઠે
માલ, મચ્છર ભરી થઇ વિકરાલ; બોલી બોલ
ફડ ફડ પાડુઆ, માગે દુરગતીના લાડુઆ. ૧૧
નિજ દાસી બોલાવી દાખી, માલ લેઇ ઉકરડે
નાખી; સુંદર સરસ કુસમ છે ઘણા, દેખી મુજ
દાઝે લોયણા. ૧૨ સામીણી વચન સુણી દાસ-

લી, કુસમ માલ લેવા છલી; જબ લેવાને ઘાલે હાથ, તબ દેખે વિષધરનો નાથ. ૧૩ લોચન રકત કરીને જોય, મોટી મુછ ફરકાવે દોય, કાલુંકાલ દીસે કંકાલ, ભઇ ભુજંગમ ફુલની માલ. ૧૪ મુખે મુકે ફુફુતે ફાલ, પાછળ દેખે આળપંપાળ; ભયભીતી ભડકી ભાંમીની, વિષધર વાત કહી સામીની. ૧૫ સામીની દેખે યથા સરૂપ, દાસી દેખે નાગનું રૂપ;વાર વાર બોલાવી ચેટી,નલીએ દાસી માલા નેટી. ૧૬ ઉછકને ઉતાવળી થઇ, કુસમ માલ લેવાને ગઇ; હાથ પસારી માલા ગ્રહી, બાહાર આવી ઉભી રહી. ૧૭ દુહા. રાગ રામ-ગરી. તબ દેખે વિષધર વડો, ચિંટી કરી રહ્યા હાથ; મુખ ફૂટે મન ચીંતવે, મેં બાઉલી દીધી બાથ. ૧૮ ફણકર ફણ માંડી રહ્યા, ફુંકે ફાટે લોક; ગારૂડી બહુ ગરબડ કરે, નિજ દાસી પાડે પોક. ૧૯ ઢાલ. આવોરે મુકારે કો ભુજંગ મરે, ચુડ ભરી ભયો ભીમરે; પેટ મસળી સૂલ ઉ-પાઇઓરે, આજ પછી લેવા નીમરે. ૨૦ આ૦ જસ્યુંરે કીયું તસું પાઇએરે, લીલાવતી લાગી

સીખ્યરે; પાપને પુન્ય પટંતરૂરે, પાતિક પાડે બ-
હુ ભીખરે. ૨૧ આ૦ ભલેરે કીધે સહુ ભલું
કહેરે, વિરૂતે વિરૂ અડઉ હોયરે; માથે સુટ્લ
રહ્યા છઝાતડોરે, પતી મારે કાપર જોયરે. ૨૨
આ૦ સસરોરે સાસૂ સહુ મિલ્યારે, મળ્યું તે
નગરીનુ નાહરે; ફટરે પાપણી તે કૈશું કીઉરે,
લીધલુ દુખ પ્રવાહરે. ૨૩ આ૦ એક નંદે એક
વૂવૂ કરેરે, એવડી તે વાત ન કીજેરે; મછર ભ-
રીરે મહા મિથ્યા તણીરે, જીનને ખેદ ન
દીજેરે. ૨૪ આ૦ કરી કંકણ કસ્યુ આરીસીરે,
દીધલું શરીર સંતાપરે; દૈવે દેખાડ્યું પરતક્ષ પા-
રખુંરે, માલ ફીટી ભયો સાપરે. ૨૫ આ૦ દુહા.
નિર્મળ શીલ નિરમલ ગુણા, નિરમલ પહેરી
વેસ; જિનમતી આવી તે કન્હે, મછર નહીં
લવલેસ. ૨૬ રોતી રડતી દુખ ભરી, ટળવળતી
નિજ સુખ; દેખી કરૂણા ઉપની, સમરે નમુકાર
મુખ. ૨૭ હાથથકી લીધો ધસી, ભીમ ભુજં-
ગમ કાલ, જિનવર ધર્મ પ્રભાવથી, ભઈ કુસમકી
માલ. ૨૮ જનમતિ મહીમા જાગ્યો હવે, નયર

લોક મિલ્યા ગુણ તવે; જેહને અમર કરે સા-
નિધ, તેહને સુખ સોભાગી પ્રસિદ્ધ. ૨૯ ઘર
પરવાડી કરતા વિમલ, આવે વહોરણ મુનીવર
યમલ; લીલાવતી ભવનને દ્વાર, ધર્મ લાભ ભા-
ખે તેણીવાર. ૩૦ ભાવ સહીત મુનીવર વાંદીયા,
ધર્મ લાભ તેણે તે દીયા; પ્રથમ સાધુ સંભલાવે
શ્રેય, પરહીતકારી પુજા ભેય. ૩૧ જે જિનવર
પૂજે ભાવ ધરી, ત્રિસંધ્ય વર કુસમે કરી; ભો-
ગવી ભોગ અમરનાં થતાં, અનુક્રમે સુખ પામે
સાસતાં. ૩૨ કુસમે એકલે પૂજીએ, જિનવર ભ-
ગતિ ભાવ બૂઝીએ; રાજ રૂદ્ધિ પામે સુરતણી,
સરસ કુસમ પુજા વિધિ ભણી. ૩૩ ભાવ સહિત
કોઈ કુસમ ચઢાવ, અપહરે જે જીવ મછર ભાવ;
સબલ સંસાર ભમે ચક્રપરિ, દુખ સંતતી પામે
કુતરી. ૩૪ સુખ સોભાગ વિહૂણી રહે, પરજન
સંચારા સિર બહે; પુજા વિઘ્ન કરયાના ફલ, પ-
રભવ પામે કુછીત કુલ. ૩૫ સાંભળી વચનસા
થરથરી, વેલડી જિમ પવન ફરફરી; લીલાવતી
ઝુરે નિજ નયણ, ભપણે પ્રભુ સુણો મુજ વયણ.

૩૬ મેં માલા મછર ધરી લીધ, પાતિક પુર પ-
યાણું કીધ; સકલ વાત સંભળાવી મુની, હાહા-
કાર કરે સિરધુની. ૩૭ આલોયણ આપે તહાં
ગુરૂ, જો પુજે ભાવે જિનવરૂ; તો નિરમળ થાયે
આતમા, એહવીં વાત કહે મહાત્મા. ૩૮ સ્વામી
વચન સુણુ એક ખરૂં, ત્રિણીસંધ્યા પુજા હું કરૂં;
જાવ જીવ લીધી આખડી, તે ધન્ય દાહાડા તે
ઘડી. ૩૯ સાધ્યે લીજે માંણસ જાણી, આરો
છાંડી પીજે પાણી, પુછંતો નર પંડીત હોય,
જાગંતો ન વિલુસે કોય. ૪૦ દુહા. લીલાવતી
ખામે વલી. મુનિવર પાએ વિલગ્ગ; ભાવ ભલે
ભાલોડીએ, પાતિક સઘળાં ભગ્ગ.૪૧ લીલાવતી
મુની વયણથી, શ્રાવિકા હુઇ ગંડાર; નિરમળ
સમકિત ઉદકસું, ભરી -હૃદય ભૃંગાર. ૪૨ ચો-
પાઈ. જહાં લગે અરધ વિણાસન હોય, તિહાં
લગે ઇંદ્રીહાંણિન કોય; જહાં દુખ નાવે આસના,
તિહાં લગે ધર્મક વાસના. ૪૩ એમ ઉપદેસ દેઈ
સંચર્યા, મુનિવર દાનમાન સું ભર્યા; લીલા-
વતી પુજે જિનવરા, ત્રિસંધ્યા કુસમે વરકરા.

૪૪ જિનવર ધર્મ કરી આકંઠ, માયતાય મિલવા ઉતકંઠ; ઉત્તર મથુરા એક દિને, જઇ બેઠી ભેટી સજ્જને. ૪૫ લછી પણ આવી ઘર મધ્ય, અરિહંત દેવને પુજે ભાવ સુદ્ધ, પ્રેમ ધરી પૂછે ભાઈ તાસ, જિનવર પૂજાનું ફલ ભાસ. ૪૬ ભણે બહિન મુજ વીરા સુણો, જિનવર પુજયે હુવે સુખ ઘણો; નર ભવ બહુ આરોગે પાત, અરિહંત પુજે સુરગ વિમાન. ૪૭ સાલિ દાલી ભોજન સાલણા, જિનવર પુજે બહુ માન ઘણા; રૂદ્ધિ વૃદ્ધિ સંપતિ સોભાગ, તે જિનવર પુજાના પાગ. ૪૮ જિન પૂજે સુરગતિ જાઇએ, જિનવર પુજે શિવ સુખપાઇએ; કનક કુમર તણી પરે જોય, એહવાં ફળ પુજાનાં હોય. ૪૯ વચન સુણી બોલે ગુણ ધરૂ, જાવ જીવ જિન પુજા કરૂં કુસમ પુજા ઉપર ભાવકો, નિજ ભાઇ કીધો શ્રાવકો. ૫૦ દિન દિન પ્રતે નમે નિર્માય, ત્રિસંધ્યા પુજે જિનપાય; માંનવ ભવ ભોગવી તે ભલે, સૌ ધર્મ દેવલોકે ચલે. ૫૨ અમરસુખ ભોગવીને ચુયા, માનવભવ પામ્યા જુજુઆ; ૫-

દમપુરી પદમરથરાય, તાસપ્રિયા પદમા કહેવાય. ૫૨. તાસ કુખે આવી અવતર્યો, ગુણધર તણો જીવ સુખ ભર્યો; જયકુમર નામ તસદીદ્ધ, સુંદર શરીર સોભાગે સિદ્ધ. ૫૩ દુહા. રાગ વૃંદાવની. સુરપુર વિક્રમ ધણી, સિરિમાલા તસનાર; વિનયસિરી નામે ધૂઆ, લીલાવતી અવતાર. ૫૪ હરીહર બંભ ઘરણી જસી, શરીર સુંદર આકાર; નવજોવન ભરી ભામની, પહેરી સોળ શ્રૃંગાર. ૫૫ ઢાળ. અવર દિનેસા સુંદરી, નિજ તાતને પાસે આવેરે; મુખ દરપણ દિપે જસ્યું, સુંદરી નયણ સોહાવેરે. ૫૬ અવ૦ આદરસું બહુ માન દે, બેસારી ઉછંગેરે; ચિંતા જલમાંહિ ઝીલતું, મુજ પુત્ર વર માંગેરે. ૫૭ અ૦ તે પુત્રી વર દીજીએ, જેહ ઉપર થાપે દીઠીરે; દુધ માંહિ સાકર ભલી, જેસી લાગે મીઠીરે. ૫૮ અ૦ એમ ચીંતવી રાય બોલીઆ, પૂત્રી નયણ બાણ મુકે તાણીરે; રાજપુત્ર તેહને, પરણાવું ધરી આણીરે. ૫૯ અ૦ દુહા. નારી નયણ તુમ્હારડા, લોહ વિહુણા બાંણ; નાંખંતા દીસે નહી, પેસી લીએ

પ્રાંણ. ૬૦ નારી નયણ તુમ્હારડે, છયલ્લ છબીલા દાસ; ભમુહ ફરૂકે ફેરવ્યા, જેમ પંખી આકાસ. ૬૧ ચાલિ. રાજકુમાર ઉપર કુંવરી, થાપી નયણ નિહાલેરે; વિનયસિરી ક્ષણું એક જોઇ, લોચન પાછાં વાળેરે. ૬૨ અ૦ જેનવિ રાચે લોયણે, તે હૃદય માંહિ કેમ સાલેરે; દિનકર દીસે દીપતો, ઘુઅડ રાતે માહાલેરે. ૬૩ અ૦ એક પાંખે પંખી ભલું, કેમ ચાલે આકાસેરે; જો એક હાથે તાળી પડે, તો એક પખ્યે પ્રેમવાસોરે. ૬૪ અ૦ ચિત ઉલખી રાજન ઝુરે, મુજ પુત્ર મનન માંનેરે; દૈવે કો નર એહને લખીઉ છે પાનેરે. ૬૫ અ૦ ચિત્રામણ દેખાવીઉં, જયકુમરનુ રૂપરે; વિનયસિરી અંગ ઉલ્લસે, અડ કોડિ રોમ કુપોરે. ૬૬ અ૦ નિજ ચિત દખે નરપતી, પુત્રી પહુતી આસોરે; હંસ હસી મુકી રમે, કહુ કેમ કાગને પાસોરે. ૬૭ અ૦ કન્યા દેવા કારણે, મોકલું મંત્રી ભૂપરે; પદમપુરે પદમરથ સુનુ, જયકુમાર સ્વરૂપોરે. ૬૮ અ૦ મંત્રી વચન સુણી રાજા, વિવાહ વિગતિ મેલ્લાવેરે; લક્ષમી વરમાંહિ

આવતી, હાથશું કોણછે લાવેરે. ૬૯ અ૦ કન્યા લાભ સંભળાવીઓ, જયકુમર મન તુઠયોરે; ખેડે ખેત્રમાંન વાવીયું, જેમ ઉપર મેહલો તુઠયોરે. ૭૦ અ૦ સનમાન ધરે મોકલ્યું, વાત કહે અમાત્યોરે; સુર વિક્રમ રાજા હવે, તેડાવે નિજ ન્યાત્યોરે. ૭૧ અ૦ દુહા. રાગ જેતશ્રી. ગોવરસું નિજ નંદની, પરણાવી પરતક્ષ; કુમરી કર મુ-વિવા, દીએ દાન રાય લક્ષ. ૭૨ સાસરડે સુખ જલ ઝીલતી, રહી કુમર દિન કેહુ;સનમાન રાય રંગસું, મોકલ્યાં નિપુરી બેહુ. ૭૩ ઢાળ. વસંત માસ આયો સહી· વિનયસિરી સાથે રાયારે; ક્રીડા કરે કંત કાંમિની, સબલ ફુલી વનરાયારે. ૭૪ વસંત૦ વીણા વંસ મહુરિ વાજે, કંત ચઢયો ઊનમાદેરે; કોકિલ કંઠે કામની, ગાવે સરલ સાદેરે. ૭૫ વ૦ વાવ કૂપ સરોવર તીરે, જળ-ક્રીડા કરે લોટીરે; કેશર ચંદન છાંટણા, પહેરણ જાદવ ચીરોરે. ૭૬ વ૦ વસંતરાગ તસ રાગણી, આલાપે નિજ મુઢરે; કુસમ ધરે શિર ઉપરે. સબ વનરાજી ઢુંઢેરે. ૭૭ વ૦ નિરમળ શીલ લીલા

લહરી, નિરમળ વસ્ત્ર સોહાવેરે; નિરમલ ચ્યાર
નાં નેહ છે, નિરમળ મુનિ તહાં આવેરે. ૭૮ વ૦
વદન કમલ ચંદન જસો, દંતપતિ શોહે હીરારે;
બહુ પરવારે પરવર્યો, નાસિકા નિરૂપમ કીરારે.
૭૯ વ૦ એસો મુનિવર દેખીઓ, નારી ભણે
સુણ સ્વામીરે; પરમ ભગતિ ભાવે કરી, વંદીજે
સિર નામીરે. ૮૦ વ૦ વલ્લભો વચન સુણિ વલ્યું,
પ્રણમે સુહગુરૂ પાયારે; ધર્મ લાભને સુણી
દોય, આનંદ અંગ ન માયરે. ૮૧ વ૦ જયકુમર
વિનય સિરી, નામે કરી બોલાવેરે; આજ ભલે
ભલે ચિંતવે,મુનિવર પાસે આવેરે. ૮૨ વ૦ મુનિ-
વર દીએ દેસના, કુમર સુણે બહુ ભતેરે; દાન
શીલ તપ ભાવના, સુણાવે નિજ સતેરે. ૮૩
વ૦ દાંને શિવસુખ સંપજે, દાંને ભોગ સંયો-
ગારે; સાલિભદ્ર સુખ પામીયા,, અમરતણા બહુ
ભોગારે. ૮૪ વ૦ શીલે સર્પ ન આભડે, શીલ
સાહુ સોહાયરે; શીલ પ્રભાવે કલાવતી, નવ પ-
લ્લવ કર આયારે. ૮૫ વ૦ તપ થકી સુર સેવતા,
તપે સોચ નયસી કાયારે; રોગ સોગ સંકટ ટળે,

જ્યું સનતકુમાર બોલાચારે. ૮૬ વ૦ ભાવના ભવ ભય નાસીની, જો ભાવે એક ચિંતેરે; મૃગ પામ્યો સુર સંપદા, નયણે નીર ઝરતેરે. ૮૭ વ૦ જય કુમર દેશના સુણી, નિજ પૂરવભવ પૂછેરે; હું રાજ્ય પામ્યો ભલો, કુણ પુન્યને ગુંછેરે. ૮૮ વ૦ દુહા. વણિગ સુત પૂરવભવે, બહનિ લીલાવતી નામ; વિનયદત્ત કુમરે વરી, પામ્યું ઠામ સુઠામ. ૮૯ જિનવર પૂજા તહાં લહી, આવી પીહર વેડિ; ત્રિસંધ્યા પૂજા કરે, છાંડી મિથ્યા ચેડિ. ૯૦ તે દેખી વિનતા હરે, ઉપની શ્રધા બહુલ, ભાઈબહેન દેવ લોકના, ભોગવા સુખ અનુકૂળ. ૯૧ ચોપાઈ. તાસ સુખ ભોગવીને વિલ્યો, વિનયસિરી પાણીગ્રહણ મિલ્યો; પામ્યો રાજ્ય ભુપતિ ભલો ભાવ, તે જિનવર પૂજાપર ભાવ. ૯૨ વલી સુખ સુરના ભોગવી, જઈ વિસિસિ મુગતિ માનવી; પૂછે ભૂપસા લીલાવતી, પામી જિન પૂજ્યે કુણ ગતી. ૯૩ સાસુ ધર્મા સુરથ કીચવી, વિનયસિરિ ઘરણી તુઝ હવી; કર્મ વસ્યે સમપણ નીપજે, ચુલ શીલેખ જોને ઉપજે.

૯૪ તાસ જીવ થઈ તે સુતા, સુતા જીવ થઈ નિજ પિતા; માતા જીવ થઇ વલી તાત, તાત જીવ તેહજ થઇ માત. ૯૫ બાંધવ ફીટી બહની જોઈ, બહિની ફીટી બાંધવ હોઈ; ભૂપતિ જીવદાસ કહેવાય, દાસ જીવ ભૂપતિનો રાય. ૯૬ ધન ફીટી થાય નિરધનો, નિરધન ફીટી થાય બહુ ધનો; એમ કરતાં નવિ આવે પાર, નહુઆ પર જાણે સંસાર. ૯૭ સાધુ વચન સાંભળી સહનાણ, ઉપનું જાતિ સમરણ નાણ; સાંભર્યો પૂરવ નિજ ભવ દોય, ભાઇ બહેન સગપણનું સોય. ૯૮ એ ભણે ભગવન જેહ કહ્યા, તે જાતી સમરણથી લહ્યા; ધીધીકાર કરીને લજ્યા, ભાઈ બહેન સગપણ ભોગવ્યાં. ૯૯ વિનયસિરી વઈરાગી હુઈ, સુહગુરૂ પાસે દીક્ષા લીઈ; શ્રાવક વ્રત આદરી ઘેર ગયો, જયકુમર હૈડે ગહગહ્યો. ૧૦૦ વિનયસિરી સાધ્વી સોહાય, નિજ ગુરૂણીના પૂજે પાય; નિરતી ચારિત્ર પાલીએ, આઠ કરમ કાઠીઆ બાલીએ. ૧૦૧ પછે પામી કેવળ નાણ, જઈ બેઠી શિવપુર સંઠાણ; સુણજો

સકલ સંઘ જયકાર, ચોથો કુસુમ પૂજા અધિ-કાર. ૧૦૨ પ્રીતિ વિમલ ક્ષેમંપુરી માંહિ કવિ, અષ્ટપ્રકાર પૂજા સુણવી; ભણતાં ગણતાં સંપતિ મળે, સાંભળતાં મહા મનોરથ ફળે. ૧૦૩ ઇતિ ચતુર્થપૂજા અધિકાર સંપુર્ણ. ૪

દુહા. જે જિનવર ભવને સદા, ભગતિ ધરી ધરે દીપ; સોહાવે નર નિર્મલો, અમર વિ-માન અધિપ. ૧ સુરગતી તણાં સુખ ભોગવી, પાંમે પૂરવ મીત; દીપ થકી યમ જિનમતી; વિચરી ધન સિરી સહિત. ૨ ચોપાઇ. મહિમં-ડલ માહિ મેઘપુરં, વિબુધા વાસ કરી મનોહરં; મણિ માણિક મોતી અલંકરં, જાણે અમરપુરં અવતારં. ૩ તહાં મેઘનામ રાજા ભૂકંત, સૂરવીર ને અતિ બળવંત; કોમળ કાલચ કનક જરયું પિંડ, પસરો પુહોવી પ્રતાપ અખંડ. ૪ વેરી વ-રગવડા રણસીંહ, અવની અવલ અડોલ અ-બીહ; જબ વાજે પરદલ રણતુર, પંચાયણી પરે પ્રસરે સૂર. ૫ એહ નગર માંહિ સુરદત, નિવસે નિરમલ જેહનુ ચિત; વ્યવહારે માંહિ

મુળગુ; દયાવંત સમકિત સુંસગતુ. ૬ તાસ સું-
દરીછે સોહામણી, જિનવર ધર્મ અભિવાસ
જિણી; નિરમળ ગુણ રયણે અલંકીઆ, સીલ-
વતી નામે ભારીઆ. ૭ જિનમતી નામ નંદની
તાસ, ચોસઠ કળા કામિની વાસ; જાણે નવત-
ત્ર કેસવી, ભાંગા તાસ તણા મેલવી. ૮ અતી-
ચાર એક સત ચઉવીસ, આલોઈ નંદે નિસદીસ;
જિનવર આણે ધરે સિરિ છત, નિરતીચાર પાળે
બાર વ્રત. ૯ સામાયક મન સુધિ કરે, નીદ્રા
વિગથાદિક પરહરે; બત્રીસ દોષ સાંમાયક તણા,
પરહરે પદમની તે આપણા. ૧૦ બાળ સખી
તેહને ધનસિરી, વિનય વિવેક વિચારે ભરી;
એક એક વિણ નસકે રહી, પદમી પ્રેમ પનુતી
કહી. ૧૧ દુહા. તે સજ્જન શુ કીજીએ, ભીડ
ન ભંજે જેણ; અજા કંઠ પયોહરં, દૂધ ન પાણી
તેણ. ૧૨ મન મેલા મુખ ઉજળા, તેહનુ મુહમ
દીઠ; પોતાવિ હુણે, કપડે આલે ગઈ મજીઠ. ૧૩
ચોપાઈ. દુખ સુખ સાથે હોયણા, હસ્યે વસ્યે
જાગે લોઅણા; માંહોમાંહિ મીલે મન સૂધ, નિ-

રમળ જળ માંહિ જેમ દૂધ. ૧૪ બહુ તણુ રૂપ સરખે વાંન, સરખી ઝાલ ઝબુકે કાંન; પહેરી તે શણગાર સારીખા, જે દીસે તડોવડિ પારિખા. ૧૫ સુંદરી સુગંધ ભરી દીવેલ, વર્દ્ધમાંન માંહિ ગુણ મેલ; દીવો કરી ધરે અંગના, પરહરે વડી દસ આસતના. ૧૬ સ્વાદિ મજલવાણ હીસુયણં, નિટુવણ ભોયણ મેહુણં; ખડી નીતિ લહુ નીત્ય હુંચાર, એ દસ આસાતના પરીહાર. ૧૭ જિનવરને જમણે અંગ જાણી, દીપ ભરી આવે વામ પાણી; સાઠ હાથને નવકર જન્હ, જઈ બેઠી તે કરે તવન. ૧૮ બહોતેર લાખ ને કોડી સાત, ભવનપતી પ્રસાદ વિખ્યાત; તેરસેં કોડી ગણનવે, સાઠ લાખ અરિહંત બિંબ હવે. ૧૯ બત્રીસસ એગણસાઠ ચૈત્ય, તિરીય લોકમાંહિ જુએ રીત્ય; ત્રૈણ લાખ એકાણુ સહસ, ત્રૈણ સત્તાવીસ પ્રતિમા લહિસ. ૨૦ ચોરાશીલાખ સતાંણુ સહસ, વિમાનિક ત્રેવીસ વિહાર; એક કોડીસય બાવન કોડી, લાખ ચોરાંણુ ઉપર જોડી. ૨૧ સહસ ચૌવાલીસ સગરાય સાઠ, વિ-

માનિક અરિહંત બિંબ પાઠ; સરવાલે સંખ્યા કરિ કવી, સયલ લોક સાંભળજો ભવી. ૨૨ આઠ કોડિને લાખ સગવન, દોસે વ્યાસી સાસય ભવન; તિન લોક પ્રસાદ પ્રમાણ, કેવલી બેઠા કરે વખાંણ. ૨૩ પનર કોડીસય કોડિ ચઇત્ત, અઠ્ઠાવન લાખ ઉપર વઇત્ત; બતીસ સહસ અસી અપલંબ, પ્રણમે પદમની ત્રિભુવન બંબ. ૨૪ તબ પૂછે ધનસિરી પ્રીય સખી, દીવા દાન ફલ કહે ઓલખી; ત્રિસંધ્યા હુ દીવો કરૂં, અરિહંત આગળથી ભરૂં. ૨૫ જિનમતી વચન કહે નિરમલી, દીવે જિનવર પૂજા ફલી; આસાતના ચઉરાશી ટાલી, જિનવર પુજ્યે પાતિક રાલિ. ૨૬ સુરનર સુખ ભોગવી ગયો ગતિ, જઈ બેસે પ્રાણી મુગતિ; ઘરના કામ કરે તેણે દીવ, તું પામે તિર્યંચ ભવ જીવ. ૨૭ ધૂપ અંગાર સુધુકે ચૂલ્લ, કેશર તિલક કરે અસૂલ્લ; ભોગ કાજે જિનના ફુલ જોઈ, હસ્ત પાય પાણી શું ધોઈ. ૨૮ દેવદ્રવ્ય વ્યાજે જો લીએ, વ્યાજ લેઈ પાપીને દીએ; દીવેલ જો મસ્તક ચોપડે, તુ સંસાર કુપ માંહી પડે. ૨૯

જો દેવસેવ વ્યવહારે માત, થાયે ઉંટડી જગત વિખ્યાત; જો દીવે ધરનો દીવ કીદ્ધ, નર ભવ હારી પસુભવ લીદ્ધ. ૩૦ તવ પૂછે ધન સિરિ પ્રિય સખે, દેવ સેવ માતા થઈ દુરિય; આમૂલ ચૂલ કહે કહે તેહને, સાંભળો વાત થઈ એક મને. ૩૧ ઇંદ્રપુરી રાજા જિતસેન, વ્યવહાનિ વસે દેવસેન; સત ઘેર આવીને રહે ખડી, એક રબારી તણી ઉંટડી. ૩૨ માડી તૂટી આણે ફ્લે, વ્યવહારી ઘર પાછી વલે; માર પડે માથે બહુ રેડ, તોય ન મુકે ઘરની કેડ. ૩૩ મુલ કરી લીધી શાલીકા, દયાવંત પાળે બાલિકા; દિન દિન પ્રતે આવે હીંયાં, ધર્મઘોષ સૂરી પૂછીઆ. ૩૪ કહો ભગવન એ કુણ ઉંટડી, મુજ ઘર વિના રહિ નવ ઘડી; વજ્ઞતી સૂર કહે અવદાત, પૂરવ ભવ એ તાહરી માત. ૩૫ કરતી દીવો જિન દીવડે, સીખ દીયંતા સાહાંમી લડે; આલોયણ લીધાં વિણ મુઈ, તુજ માતા ફરી ઉંટડી હુઈ. ૩૬ તુજ ઘર આંગણે રહે ઉદકી, રતિ પામે પૂરવ પ્રેમ થકી; સંબલ સંસાર ભમે ફરી

ફરી, જોતિ નવર આસ્યાતના કરી. ૨૭ આસાતના થકી બહુ દોષ, પરહરતા મેં ગુણ પોષ; વિમલ બૂઝી દીત્રે પૂજીયે, રમારેડ ધર માંહિ લીજીએ. ૩૮ દુહા. જિન આગલ દીવો કરે, નિરમળ નિરખી દેહ; પાપ પતંગ ફરી ફરી જલે, સુણ સખિ નહી સંદેહ. ૩૯ જિનમતી વચન સુણી ભલાં, પૂજે નિત નિત દીહ; ધનસિરી જિનવર ધર્મમય, નિશ્ચલ થાપી લીહ. ૪૦ ચોપાઈ. હવે હુઈ તે દોસામિણી, પૂજા ભમતિ કરે જિનતણી; પડિકમણું સામાયક પોસ, પચખાંણ કરતાં નહી રોસ. ૪૧ જાય જાત્ર સાથે તે બેહ, સામિણિ સગપણ ધરે સ્નેહ; બાલમિત્ર ને ધર્મે મિલી, સાક માહિ સપ્પરણી ભલી. ૪૨ ધનસિરિ નિજ આઉખું જાણી, અવર શરીર પડે બલ હાંણિ; જિનમતી વયણ થકી તે તરે, વિધિ કરી અણસણ ઉચરે. ૪૩ પ્રથવી અપતે ઉનેવાય, સાત સાત લાખ તે કહેવાય; પ્રત્યેક વનસ્પતિ દસ લાખ, અનંતકાય ચઉદસ લખભાખ. ૪૪ બેંદ્રી તેંદ્રી જોઇ, ચઉરિંદ્રા લખ દો દો હોઈ; તિર્યંચ નારકી

દેવ ઉતપતી; ચ્યાર ચ્યાર લાખ કહી મતી. ૪૫ ચઉદસ લાખ મનુષ્યનિ ખાંણ, ચઉરાસી લખ જીવા જોનિ; ખમી ખમાવી કાયા કસી, સો ધર્મે દેવલોકે વસી. ૪૬ દીવ્યરૂપ ને રલીયાંમણી, સબલ શરીર ને સોહાંમણી; સેવ કરે દેવી આ-પણી, તે અરિહંત દેવ પૂજા ભણી. ૪૭ ધનસિરી વિરહ પીડિત ગાત્ર, જિનમતી છાંડે શરીર સ-નાત્ર; વળી વિશેષ ઘૃત દીવો ભરે, ધનસિરીતણુ ઉજમણું કરે. ૪૮ વિધિએ કરી અણુસણ આ-દરી, સૌધર્મ સુરલોકે સુરી; દેવી ધનસિરી તણે વિમાન, જિનમતી જઇ બેડી તેણે ઠામ. ૪૯ અવધિનાન દરપણ દેખતી, પૂરવભવ સમંધી હતી; માંહોમાંહિ પ્રીતિ કરી મળ્યાં, ચિત ચોખે ચાલે ચિત ભળ્યાં. ૫૦ દેવ તણી દેખીને રિદ્ધ, કુણ પુન્યે પામી પ્રસીદ્ધ; એમ ચિંતવી પરૂપે નાણ, જિનવર દીપ તણું પરિમાણ. ૫૧ મન સમરી આવી ભુતલે, મેઘનયર વનખંડ અટક્લે રૂષભદેવ તણું મંદિરૂ, નીપાઇ અમરા મનોહરૂ. ૫૨ આરશપાહણ તણી બહુ શિલા, કંચણમણિ

રયણુ થંભલા; કુંચણુ કનક કલસમય દંડ, ઉપર લહેકે ધજા અખંડ. ૫૩ રત્નમય દીવા દીપતા, નિસ્યા નાથ જયોતિ જીપતા; કુંચણુ કલસ ઉપર સંઠવી, કુસમ વૃષ્ટિ ગંધોદક હવી. ૫૪ ત્રણ પ્રદક્ષણા દઇ વંદીએ, સ્તવન કરી પાતિક કંદીએ; રૂષભદેવ ભગતિ ભાવિયા, પ્રણમી પાય થાંનિક આવીઆ. ૫૫ અમર તણા સુખ બહુ ભોગવી, સૌધર્મા દેવ લોકથી ચવી; ધનસિરિ જીવ હુઇ વલી સ્રીયા, મેઘપુરી રાજાની પ્રીયા. ૫૬ અવતરી કણયમાલા નામ, રૂપે રંભા સુરધામ; નવયોવન કુંપલ ઉદભવા, બોલે વચન અમૃતનાં લવા. ૫૭ સબ અંતે ઉરીમાહિ કનીઠ, મકરધ્વજ રાજાને ઇઠ; લહુ આવડામ ગુણજો ગુણી, સહૂ પુજે ચિંતામણી. ૫૮ દુહા. રાગ સામેરી. કનક માલા સાથે સદા, સાત્રે ભમુહ કમાણ; વિષયા સુખ લીણુ રહે, દોગંદેવ વખાણ. ૫૯ નાસ દેહ ઝલમલ કરે, તપે તેજ અંબાર; ધર દીવાકાય તેજથી, છબા હોઇ અપાર. ૬૦ રાગ સામેરી. હવે મકરદ્વજ રાજા

રાંણી, જે પ્રથમ નારી ઘર આંણી; આરતિ રૂદ્રધ્યાન ધ્યાય, તે મરી રાક્ષસી થાય. ૬૧ ભૂપ પાસે કણયા મહીલે, રાક્ષસીને નિજ સુખ સાલે; અરધ લિચિન બીહાવે જીભ લાંબી રાતી નીરાસે, તે આવી રાયને પાસે. ૬૧ સાકરી સર્પનું રૂપ, કાજલ સમ કાય કરૂપ; અરૂણ લોચન બીહાવે, જીભ લાંબી દોલ બકાવે. ૬૨ કણય માલા તેજ તાપ, નસકે ખમી નયણે સાપ; મીચ્યાં લોયણ કાયવાલે, કુંડલી કરી મુખ ઘાલે. ૬૪ જ્યમ સર્પ ન હાલે ચાલે. ક્રોધે કાયા પરજાલે; ભુંડી ભીખણ સાદ મુકે, કાયર નિજ કાયા ચૂકે. ૬૫ ધબકે શું જાગ્યો રાજા, મુખ આગળ સર્પદ વાજા; દોતા તેજે તેજ ઢાકયો, દેખે બળ કળથી પાકયો. ૬૬ હવે બોલે રાક્ષસી ઉઠી, હું પ્રસન થઇ તુઝ તુઠી; માંગ માંગ વર આપું, તુજને નવી કહીં સંતાપું. ૬૭ વલતી પભણે સાવાંમા, જો પૂરે વંછત કામા; મુજ ઉપર તુજ પ્રસાદ, તું કરે મણિ રયણ પ્રસાદ. ૬૮ પ્રાસાદ કરી મણિ રયણે, રાક્ષસી ગઇ નિજ ભવણે; પ્રભાત

ભર્યું પૂગી આસ, દેખે અતિ ઉંચો આવાસ.
૬૯ સુંદર સુર ભવન સમાન, નગરી લોક ધરે
ગમાન; કયાયા દેવી કાજે કીધો, ઇંદ્ર વસવા થાન
દીધો. ૭૦ કન્યા બેઠી નિજ ગોખે, જિનવરનો
દીવો દેખે; રતિ પામે રયણ મઝાર, જિઉં
ચંદ ચકોર અવતાર. ૭૧ એહવેસા જિનમતી
દેવી, પૂરવભવ સખિય કહેવી; દેખી સુખ
આનંદ પાવે, પ્રતિબોધ દેવાને આવે. ૭૨ દુહા.
કનક મણિમય ઘડીયં, ઘર પામ્યું તે આજ; તે
જિન દીવાદાન ફલ, દીસે અકલ અવાજ. ૭૩
સંભળાવે રજની મુખે, સાંભળે કન્યા બાલ;
ફરી ફરી મનમે ચિંતવે, કઈ સાચું કે આલ.
૭૪ વર અતિસય મહિમા ઘણું, જબ મુનિવર
ખચરંતા; ટાલું મુજ સંદેહ તબ, પૂછી મહીમા
વંત. ૭૫ ચોપાઈ. એહવે બહુ શ્રમણે પરિવરચા,
ગણધર આચાર્ય સમોસરચા; અતિસય નાણ
અલંકિત દેહ, મેઘપુરી વન તૂઠો મેહ. ૭૬ વ-
નહપાલ રાજાને કહે, સુણી વાત કન્યા ગહિગહે;
ભૂપતિ સાદ કરી સંચરી, વંદન આવે અંતે

ઉરી. ૭૭ તિન પ્રદક્ષણા દેઇ વદીયા, મુનિવર દેખી આનંદીઆ; દીધી દેસના મુનિવર ભલી, પૂછે કન્યા તિહાં એકલી. ૭૮ કહો ભગવન રાતિ કુણ કહે, સંસય ભાર હીયો મુજ વહે; પુરવભવ સંબંધી હવી, કે કિંનર કે દેવ દાનવી. ૭૯ ગુરૂ ગરૂઆ ટાળે સંદેહ, પૂરવભવ સંબંધી બેહ; બાલ મંત્રભાવ બેહુને હતો, જિનમતી ધનસિરિને એક મતો. ૮૦ દુહા. જે જડ ધ્રાલી સજ્જને, નેહે રહી અપાર; તેઓ કેમ ન ઉચડે, જો લખ મિલે લોહાર. ૮૧ વારૂ સાથે ચાર, જહાં લાગે તોલાએ; અમૃત એક લગાર, બાક સબ હોતન ખાએ. ૮૨ ચોપાઇ. જિનમતીથી દીવાનું દાન, પામી અરિહંત સેવા માંનઃ સગપણ તુ સાહામીના લહ્યા, અણુસણુ કરી અમર મહિમા ગહ્યા. ૮૩ તિહાં થકી ચવિ હુઆ અવતાર, મકરધ્વજ રાજાની નાર; જિનમતીસા દિન દિન મત્યે, પ્રતિબોધન આવે બહુ હતો. ૮૪ સાદેવી સુરથકી આવશે, વળી આવી પ્રિય સખો ભાવશે; સંયમ પાળી જાસ્યો દોય, તેત્રીસ સાગર આયું

હોય. ૮૫. અનંત સુખ ભોગવી પાવસ્યે, માનવભવ તે સોહાવસ્યે; આઠ કરમ બંધણ નિરદલી, મુગતિ માંહિ બેસે દો જણી. ૮૬ જિનવર દીવો એહવો અછે, ફળ નિર્વાણ તણું છે પછે, નિશ્ચિ કથા કહી તુજ જાણ, કેવલમે કેવલને નાણ. ૮૭ પૂરવભવ સાંભળી પ્રસન્ન, જાતિ સમરણ નાંન ઉપન્ન; દેખી ગૃહમણિ તણો વિચાર, જિનવર ધર્મ કરે અંગીકાર. ૮૮ વગતિ સું આદરી વ્રત બાર, ઘેર આવી સાથે ભરતાર; જિનમતી દેવી એમ ભણે, રાત પડીકન્યા એમ સુણે. ૮૯ પડિવજ્જુ ભલે જિનધર્મ, કીઉં કૃતારથ માનવ જનમ; સુંદરી તુજ ટાળું સંદેહ, દીવા ઉપરી રાખે નેહ. ૯૦ હું પણ સેઠ સાગર દત્ત, જસ ઘેર મણિ માણિક બહુ વિત્ત; સધૂઆ અવંતી જાણજે, પ્રતિબોધી જિનમતી આંણજે. ૯૧ એમ કહી જઈ રહી વિમાન, રજની ગઇ ભયું સુ વિહાણ; જિનમતી સૌધર્માથી ચવે, આવી સાગર દત્ત ઘેર હવે. ૯૨ સાગરદત્ત સુલ સાસું ભજા, સુદંસણા નામે અં-

ગજા; સહુસ્સ જીભ નવિ પામે પાર, અંગિલ ખમી લાલાભાર. ૯૩ યોવન વય આવી જેટલે, જિનવર ભવન મળ્યા તેટલે; કન્યા બોલાવે બહુ હસી, સુદંસણાનિ સુણી ઉલ્હસી. ૯૪ દુહા. જિન ભવન પડી વરાણ, બાહર ભોમિ ગયં; ખંડણ પીસણ જલ વહુણ, રસ ગોડડા મહિલા. ૯૫ ચોપાઈ. સેવક તે જે પૂછે રળે, પાસા તે જે દાએ ઢળે; મનોરથ તે જે માંગ્યા ફલે, સજન તે જે સુંહણે મિલે. ૯૬ એહજ તે જિનવરનુ ભવન, એહજ તે દીવાંનુ હવન;એહજ તુઇ સખી માહરી, એહજ હું પ્રિય સખી તાહરી. ૯૭ ફરી ફરી સાંભરે તે બોલ, નિરખે હરખે કરે કલોલ; ઇહા-પોહ કરતાં નાણ ભયું, સત્ય વચન કન્યાએ કહ્યું. ૯૮ સહી હસી હસી ભીડે નિજ ગાત્ર, પૂરવ પ્રીતિ તણી હોય જાત્ર; કન્યા સુદંસણા સુજાણ, એક એકનું કરે વખાણ. ૯૯ સામાયક પોસહ પચખાંણ, કરે એકઠાં નહી અભિમાણ; પાળે જિનવર પૂરી આંણ, દિન દિન પ્રતિ દીયે દીપ દાણ. ૧૦૦ સંયમ વ્રત પાળી આપણે,

જઈ બેઠા સર્વાથ વિમાને; છયલ પણી છેદી સ્રીવેદ, અવતરા અમર પુરૂષને ભેદ. ૧૦૧ વળી લહી એકજ અવતાર, પાળી સમકીત સુધ આ-ચાર; ઉતકટ આઠ કરમ ગજ દમે, મુગતિપુરી માંહી વીસમે. ૧૦૨ દીવા થકી મુગતિનું રાજ, ભોગવી નિજ નિજ સારી કાજ; સુણજો સકલ સંઘ જયકાર, પંચમો દીપ પૂજાઅધિકાર. ૧૦૩ પ્રીતિવિમલ ક્ષેમંપુરી માહિ કવી, અષ્ટપ્રકાર પૂજા સુરગવી; ભણતાં ગણતાં સંપતિ મળે, સાંભળતાં મહા મનોરથ ફલે. ૧૦૪ ઇતિ પંચ-મપૂજા અધિકાર સંપૂર્ણ. ૫

દુહા. જેઠાવે ભગતિ કરી, જિનવર આ-ગળને વજ; તરાજ તણા સુખ ભોગવી, પાંમે પદમની ભજ. ૧ નેવજ પિંડ જોટા હુઓ, ભગતિ હલીહીય કુમાર; સુરનર સુખ ભોગવી હુઓ, મુગતિ વધૂ ભરતાર. ૨ ચોપાઇ. ભરતખેત્ર માંહી ભાસરી, નિવસેખેમા નામે પુરી; ધમી લોકને બહુ ધન થતી, જાણે અવતરી અમરાવતી. ૩ સૂરજ તેજ પરે દીપતો, આપ તણાવે રીજી

પતો; રાજ કરે નામે સૂર સેન, યાચક જનવંછત કામધેન. ૪ તાસ તણે વંષે એક હૂઇ, નામે ધન્યનગરી જૂઇ; રહ્યો ધ્યાન એક મુનિવરરાય, પુરની પોલે પરઠી પાય. ૫ નીસરતા પેસંતા લોક, દયાહીન કારૂના થોક; કો મારે લોઢે લાકડે, કો મારે ઇંટાલે ગડે. ૬ કોઠી કરી કો નાંખે ધૂળ, કો બોલે વાણી પ્રતિકૂળ; કો મુકે મસ્તક કાકરી, પામરજન મારે ટાકરી. ૭ કો પાટુ કો કુંહણી હણે, કો પાટલ કોઉ ટીપણે; ઉપસમરસ ખેડે સું ખલે; મુનિવર ધ્યાન થકી નવ ચલે. ૮ નગર તણો નિવાસી દેવ, કરતો મહા મુનિવરની સેવ; મુનિ દુહવ્યો દેખી આવીઓ, પામરજન ઉપર કોપીઓ. ૯ માર પડે મુનિ માથે ઘોર, હૈએ આશ ચિત રાખવું જોર; તતક્ષણ કેવલ પાસુયતી, પહોતો પરમાનંદની ગતી. ૧૦ કોપાટોપ ચઢો દેવતા, નગરી માંહિ લોક જે હતા; પીડે નીડે છળે, પામરજન પૂરવજન મળે. ૧૧ સકલ લોકે નગરી પરહરી, ઉચાલા ભરી ઉદ્વસ કરી; વિનય સહિત બળ બાકલ લીએ,

સુર તુઠો વસવા થાન દીએ. ૧૨ નરનારી હીંડે નર મરે, હયહાડિ નવી જસ વિસ્તરે; ગવરીતણા હોય જે હાડ, ભૂપને વાત ભડાવે ચાડ. ૧૩ બિલા હાડી ગયું નવી વલે, લક્ષ્મી બળ ઉરે નવિ મિલે; મીટે નિજ આશ્રમ પરજળે, પડસાલી કે છજું બાળે. ૧૪ રાસભ હાડ હોય ભુતળે, દંડે રાત્ર કલહ નવી ટલે; સ્વાન તણે નવિ સુખ આસના, વિવેક વિલાસ ગ્રંથ ભાસના. ૧૫ ભલી ભોમિ જોઇ આવાસ, થાપ્યા સવકે પુગી આસ; સકલ જીવને ખેમં કરી, લોકે નામ ઠવ્યુ ક્ષેમંપુરી. ૧૬ ઉજડપુર પાદર ઉજલું, જહાંછે રૂષભદેવ દેઉલું; જક્ષ રાજસીંહ રૂપે રહે, દુષ્ટ લોક દરશન નવી લહે. ૧૭ તેહ ભવન પાસે યુવાન, ખેડ ખેત્ર હલીક અભિધાન; દાલિદ્રી દુખીઓ વલી દાસ, અલછે આવી કર્યા નિવાસ. ૧૮ તે વાસો ખેમપુર માંહિ રહે, ઘરણીં ઇંધણ પાણી વહે; ખંડે પીસે વલોવે મહી, પેટ ભરે તે પરઘેર રહી. ૧૯ કલથી કુરી ભૂત તાંદુલ, આણી તાસ હરે ઢોકલા; નિજ્જ ભરલારને આં-

ણી દીએ, તે આછી ઉછાછાસે લીએ. ૨૦ દુહા.
ફરી કલથી કોદ્રવા, કટુઆ તેલહ ધાર; ટીપ
લોહી નવિ સંપજે, જો સમી સઉ વાર. ૨૧ આ-
પ્યા ચાવલ મુગદાલ, કર પટ દોડી કરી; રાય
ઉપર ગૌ ધૃત ભેલી, વાધે પ્રાંદ શરીર. ૨૨ ચોપા-
ઈ. તે તુ કહીએ દીઠું નવિ, ઘેર આવે આથમતે
રવિ; થાકયો પાકયો ભૂઈ વિસમે, એણિપેર દુખી-
ઓ દિન નિગમે. ૨૩ અન્ય દિવસ આકાશથી
મુનિ, ચારણ શ્રવણુ આવ્યો મેદની; મુખ આ-
ગળ બેસીને લવે, આદિ જિણેસરના ગુણ સ્તવે.
૨૪ તું ઠાકર તું માયને બાપ, તું બંધવ તું ટાળે
તાપ; મદ મછર માયાએ નડયો, તુજવિણુ ભવસા-
યર રડવડયો. ૨૫ હું માયી તુ માઈ દેવ, ભવોભવ
તાહરી માંગુ સેવ; હું રાગી પ્રભુ તુંહ નીરાગ;
અબ મેં પાયા તાહરા પાગ. ૨૬ હું ચાકર તું
ઠાકર ધણી, આસ પૂરો સ્વામી અમ્હ તણી; સ-
રલે સાદ બોલાવે વ્રતી, સાંભળે હલીકુમર
નિજ શ્રુતી. ૨૭ આનંદ જલ ભરભરી લોયણે,
ભતીભરની પ્રભુધણે; હલ મુકીને આવ્યો હલી,

મુનિવર દેખી આસ્યા ફલી. ૨૮ મુખ બોલે ભગવન હું દુખી, મુનિવર તું દીસે છે સુખી; દોહલો માનવ ભવ લહી, સાંમી સુખ ભોગવીઆ તહી. ૨૯ સાધુ ભણે સાંભળરે અજજ, સુપાત્ર જિનવરને વજ; પુરવભવ કીધી જો હાણ, તુ દુખીઓ દારીદ્ર જાણ. ૩૦ દુહા. દીયા જગમાંહે ભલા, દીયા કરો સહુ કોય; ઘરમાંહિ ખરચાં ન પાએ, જો કરી દીયા ન હોય. ૩૧ હકુ નવ ઠાકુન્નિ ગયા, સાત હુઆ અપ્રમાણ; જિઉમે હાતિમ માનવી, આલઇ ગમે અયાણ. ૩૨ ચોપાઇ. સુણી વચન બોલે ભોગ હીણ, હું દુખીઓ દાલિદ્રી દીણ; આજ પછી ભોજન મધ્યખંડ, જિનવર આગળ ઢોળે પિંડ. ૩૩ મુનિ દીઠે આદર સનમાન, પ્રતિલાભી કરવું અનપાન; એણે કારણ આવી આખડી, જિનવર નામ ન મુકું ઘડી. ૩૪ સદગુરૂ વચન થકી પચ્ચખાણ, અદભૂત આદરે પાલે આંણ; હલી આવ્યો નિજ ખેત્ર ભણી, ઉપડી ગગને ગયો સોમુની. ૩૫ નિજ ઘરણી આણે આહાર. નિત

નેવજ મુકે જિનદ્વાર; દિન દિન પ્રતિ સંભારે નીમ, પચ્ચખાણનું પાલે સીમ. ૩૬ એક દિન ભુખે ભીડું ગાત્ર, ધરણી આણે અસુરૂં ભાત; જબ મસળી મુખ આગળ લીએ, ચિત આવ્યું જિનવર કુસીએ. ૩૭ નિશ્ચય કરી અભંગ અખંડ,લઇ વાળુજિન પૂજા પિંડ; મારગ બેઠો સ્વાપદ અરી, મુખ આગળ દેખે કેસરી. ૩૮ ચિંતે હસી હૈયા માહિ સજ્જ, કેણી વિધિ હું મુછને વજ્જ; ભૂખે ભરાડ સંતાપે દેહ, વિષમ વાત હુઇ તિહાં બેહ. ૩૯

यतः अहगलइसिडइपिढं । नहुयागालिगलंतिदोनयणा दोविविसमाइंकज्जाइ । अहिनाछछुंदरिगहीआ ॥४०॥

ચોપાઇ. જીવીત મરણ ધરી અંગીકાર, જિનવર પુજવા નિરધાર; સત્વ ધરી ચાલુ સાહસી, કંસિરી જે કસોટી કસી. ૪૧ જેમ જેમ પગલાં આત્રા ભરે, તેમ તેમ કેશરી પાછો વળે; ભગતિ જે બેટુ ભૂપાળ, એટલે સીંહ થયો વિસરાલ. ૪૨ દુહા. નેવજ મુકી આગલે, પ્રણમી જિનવર પાય; હરખે હૈડે હસતો, ભોજન કરવા જાય.

૪૩ જબ બેઠો ભોજન ભણી, તબ દીઠો એક સાધુ; ભુખ્યો નર ભગત્યે કરી, ચિંતવે આપું આદ્ય. ૪૪ ચોપાઇ. આદ્ય ભોજન આપી રહ્યો, એટલે બીજું આધુ ભયું; ત્રિવર રૂપ કરી સંચરે, ધર્મ લાભ મુખે ઉચરે. ૪૫ તેહને દાન દીએ દાતાર, વલી કરવા બેઠો આહાર, એટલે ત્રતીય યતિ સણગાર, બાળક રૂપે આવ્યો અણગાર. ૪૬ પ્રતિલાભી સત્રળો તે સભાત, અનુમોદે આતમા શું વાત; યક્ષ રાજા અવધિ શું દહે, જો તું બહુભાવે ચહે. ૪૭ પ્રગટ રૂપ કરીને જક્ષ, મુખે બોલે હુ તાહરો સિશ; માગ માગ વર આપુ હસી, તાહરી મતિ જિનપુજા વસી. ૪૮ વળતું માગે હલીકુમાર, મુજ ઘેર લક્ષમીનો અવતાર; રાજ રિદ્ધી રલીઆતિ આપ, જો તુઠો તુ દાલિદ્ર કાપ. ૪૯ રાજરિદ્ધિ લક્ષમીનો વર, આપી થાનક પહોતો અમર; હલીક કુમાર હૈયે ગહગહે, સકલ વાત વનિતાને કહે. ૫૦ પૂજા ફલ અનુમોદે નાર, પ્રતિલાભ્યા સાધુ ત્રણ વાર; જિનવર ભગતિ વિભાવે ઘણી, ધન્ય

ધન્યરે મુજ ઘરનો ધણી. ૫૧ અનુમોદના થકી પુણ્યરાસ, ઉપરાજી આવ્યા આવાસી; સંગત ફળ લાગે તે સહી, ચંદન પાસે સુકડિ કહી. ૫૨ એહવે સૂરસેન નૃપ તણી, પુત્રી એકછે સોહામણી; વિષ્ણુ સરિતા મેં નીરખીએ, રૂપે વિષ્નસિરી પરખીએ. ૫૩ સ્વયંવર મંડપ તસ કાજ, મંડાવે તે બહુ તદવાજ; તેડયા દેશ દેશના ભૂપાળ, સણગારી આવાસ અટાલ. ૫૪ આવ્યા નૃપ સોહાવે શરીર, મંચક ઉપર બેઠા વીર; મુંછ મરડે આરોગે પાન, જાણે ચઢીઆ અમર વિમાન. ૫૫ શિર ઉપર તાડે આત પત્ર, આગળ નાચે નવ નવ પાત્ર; મુખ આગળ ચામર વીજાય, સોહે એક રાણાના રાય. ૫૬ હંસી પરિ આવે મલપતી, યોવન ભરિ જાણે તીર ચઢી; વાજિત્ર ભેરી ભુંગલ સંખ, નાદે મળીયા લોક અસંખ. ૫૭ વાજિત્ર શબ્દ સોર સાંભળી, હલ ઉપર ચઢી આવ્યો હલી; અનુક્રમે દેખાવે પ્રતિહાર; કેમ પામે લખ્યા લેખ, પદમની પરહરે ભૂપ અસેખ. ૫૯ મોટે મંડપ મિલીયા બહુ,

જોવા નર નગરીના સહૂ; પુણ્ય વિના કેમ પુગે રલી, કુંવરી વર વરીઓ તે હલી. ૬૦ દુહા. સુણી વાત ધરણીધરા, લજ્જા ભરી અધોમુખ; સકલ નીસાસો મુકતા, ચિતમે હુયા વિલખ. ૬૧ ભલે સિરયુ નિસાસડો હીયડે ઉફાટ મરંતી, આધુ દુખ સહંતિ; જો નહોત નીંસાસડુ, તુહે પાટી મરંતિ. ૬૨ માંહોમાંહિ બોલે અસ્યું, ભુપતિ ભયા સકોપ; રાય રાણા મુકી વડા; હલીય વરયો કુણ ચોપ. ૬૩ ચોપાઇ. તે સૂરસેન ઉપર કોપીયા, એવડી વાત હતી જાુહયા; હીંલી નરવલ હુઓ આજ, ભો ભુપતિ મેલ્યા કુણ કાજ. ૬૪ હલિક સહીત હણસે તુજ, ભૂપતિ ભલાં કરશે ઝુજ; સયંવર ફેર માંડીએ, કે વર માલા પાછી દીએ. ૬૫ જસ ઘેર બહુ મતની લાલિકા, તું કુંવારી રહે બાલિકા; બહુ માંમા ઘેર દીસે હેજ, અનપાન ન મળે ભાંણેજ. ૬૬ હર્ષે હોમ કરચા અતિ ઘણા, તોહે વીર ન હુઆ આપણા; જાખ સેખ પૂજે જો જણા, તો મિલસે એ પાટણ પરહુણા. ૬૭ શીખવીને મોકલીયા દુત, સૂરસેન

રાય કન્હે પહુત; મુખે બોલે કોપ્યા ભુપતિ,
કુમરી હાલી કરે કેમ પતી. ૬૮ રાજન ભણે
નહી મુજ દોષ, અવગુણ વિના નકી જે રોષ.
કુંઆરાં કહીએ સઉ વરાં, કન્યા મનવાંછિત વરે-
વરાં. ૬૯ વલતી વચન સુણીને ભુપ, કોપાનલ
તે થયા કુરૂપ; હલિક હણીને લેશું માલ, જે
પક્ષ કરે તેહનાં કાલ. ૭૦ હાંકી હાંકી હકાર્યો
હલી, મુકી માલા જેમ જાચરી; હલી ભણે જેમ
શતખંડ કરો, એહ વચનરે મત ઉચ્ચરો. ૭૧
સુરસાંનિધ થકી કોપીઓ, ભણે પુણ્ય તુમ્હો
કાં નવી કીઓ; પુણ્ય કાજ પાછા જો પડો, તો
મુજ સાથે કાંરે લડો. ૭૨ જો સંગ્રામે તુમ્હેછો
ઘણા, તમ દાંતે લેવરાવું ત્રણા; સહસ્સ બદ્ધ હા-
થીનો હલ્લો, કેશરી મદ ગાળું એકલો. ૭૩ ચંડ
સીહ કોપે કલકલે, હણુ હણુ મુખે એમ:ટલવલે;
છેરે પાસે કો ભડીભ, મૂળ થકી કાઢો હલી જીભ.
૭૪ સામી વચન સુણી સુહડા, એહ ઠેલ એક
નાખે ગડા; એટલે હલી હુઓ ધસમસી, હલ
જાલી નાડી કેડ કસી. ૭૫ ફેરવે હલ મૂસળ

જેમ ભીમ, અગનિ ઝાળ મુકે બળેસીમ; નાઠા સુભટ સર્વે પરહરે, નિજ સામી સરણે ઉગરે. ૭૬ મહીશ્વર માંચા થકી ઉતર્યા, રાય રાંણા રીસે બહુ ભરચા; હાક દીએ હલી પાછલ ફરે, બહુ કુંજર વીટે કેશરે. ૭૭ હલ ફેરવી મુકે સીતકાર, ગોફણ ગોલે ઉડે ઝમર; અગની ઝાલ જલત હલ રૂપ, દશ દિસ નાઠા જાય ભૂપ. ૭૮ અરિ કુંજર કુંભસ્થળે વસે, તેમ ભેદે હલીહલ અંકુસ્યે; બળ મુકી મુખે પાડે ચીસ, મદગલિત નમાવે સીશ. ૭૯ ચંદસીંહ પ્રમુખે પત ગર્યા, કો કૃતાંત કાલ અવતર્યા; કે દેવ કે જક્ષ રાક્ષસી, કે મોટો માંનવ સાહસી. ૮૦ ચિંતવી શરણ ગયા તેહ તણે, ચરણ વિલગ્યા એણીપરે ભણે, આજ ભયા અગ્હે મૂઢ અચાણ, સામી તુમ્હ વરતાવો આણ. ૮૧ દુહા. રાગ ધન્યાશ્રી. માય બાપ બંધવ બહુ, હરખે હુઆ સફાર; કુમરી મનવંછિત વર, નામે હલી કુમાર. ૮૨ ગુણ અવગુણ જોહે નહી, જો મન માને આપ, ઇશ્વર ચાંપુ પરહરી, કુસમ ધનૂરા વ્યાપ.૮૩ ઓ-

છવ સું સૂરસેન નૃપ, પરણાવે સમખ્ય, રાજ-
પાટ પદ થાપીઓ, પેખો પુણ્ય પ્રતખ્ય. ૮૪
ઢાલ. અરિહંતને ભજે ફલે, પરણ્યો રેહલી
પદમની નારી તું; પુણ્ય તણા ફલ કેલવે, મેળવે
રેરંગિ રાજનો ભાર તો. ૮૫ અરીહંત૦ ભૂપ ભલા
સહૂએ મલી, થાપ્યોરે નિજ સામી સમાન તોં;
માન દેઇ ઘેર મોકલ્યા, સુરે દીધલાં વર બી-
ડીનાં પાંન તો. ૮૬ અરિ૦ જક્ષરાજ એણીપેર
ભણે, આજ પોહોતીરે તાહરા મનતણી આસ
તો; દાલિદ્ર દુખ દુરે ગયું, વલિ માંગિનેરે હું
તાહરો દાસ તો. ૮૭ અ૦ વલતો માંગે હાલીઓ,
તુંતો વસ્યનેરે ધન્યપુરી આજ તો; રાજ કરો
રળીઆમણું, નિતને વજરે મુકું જીનરાજતો.
૮૮ અ૦ કનકમણિ માણિક તણી, માંડી હાટની
રેવલી વારૂ ઉલી તો; ગઢ મઢ મંદિર માળીઆં
રૂડા નગરનીરે સોવનમે પોલ તો. ૮૯ અ૦
રાજભુવન સુર સારિખું, નીપાઇલુંરે જક્ષ
ગયો મનરંગે તો; ભોગવે સુખ સુરપતિ સામા,
હવે અપછરારે બહુ નારીને સંગતો. ૯૦ અ૦

એહ લોકે પરતક્ષ ફલ્યું, જો દીધલુંરે નેવજનું દાન તો; માન પામ્યો મહી મંડલે, વજડાવુરે પડહ હો પરધાન તો. ૯૧ અ૦ દુહા. દિન દિન પ્રતે પુજતો, રૂષભજીનેરે નેવજનો પિંડત; આણ પળાવે આપણી, જેમ ચક્રીરે સાધે ખટ ખંડતો. ૯૨ અ૦ દુહા. વિઘ્નસિરિ વનિતા ઉચરે, અવતરીઓ પુણ્ય હેતુ; જક્ષરાજ જીવ જાગતો, હલીકુમર કુળ કેતુ. ૯૩ કુમુદ નામ કીધું તસુ, માત પિતા મન કોડ; વાધે કલ્પ તરૂપરે, અંગે નહી એક ખોડ. ૯૪ ચોપાઇ. રાજભાર દેઇને તાસ, હલિય ભુપ વિચરે ઉદાસ; ભોગવી આયુ ભયુ સુખ ભરી, વૃંદારક સૌ ધર્મ સુરી. ૯૫ આપ તણી દેખીને, જ્ઞાનય રૂપે જુએ સુદ્ધિ, સૌવર્મે આવ્યો કોણ લેખ, જિનવર નેવજના ફલ દેખ. ૯૬ હલીદેવ રજનીને મધ્ય, પુત્ર આપણાને દીએ બુદ્ધ; મધુરી વાંણી બોલાવે તાત, કહે અરિહંત નેવજ અવદાત. ૯૭ જો જિન આગલ નેવજ દીદ્ધ, તો મે પામી સુરની રિદ્ધ; તુજ પ્રસાદ પામ્યો જિન ધર્મ, તું કરજે

જિનવરનો ધર્મ. ૯૮ વિસ્મૃત હૃદય થયું પ્રભાત
સંભળાવે મુજને કોણ વાત; રૂપ આલોપ રહ્યો
કહે તેહ, ચિંતે ભૂપતિ પુછું તેહ. ૯૯ અવર
દિવસ આવ્યો જેટલે, કાંતો સુર પુછું તાટળે;
કોણ રાતે કરે સંતાપ, નિદ્રા ભેર જગાવે આપ.
૧૦૦ વળતો સોસુર દીએ જવાબ, પુરવભવ
હુ તાહરો બાપ; નેવજ થકી અમર સુખ લહ્યાં,
રજની મધ્ય આવી મ કહ્યાં. ૧૦૧ તે માટે તું
નેવજ સુક, રૂષભદેવ પુજા મમ ચૂક; તુજ પ્ર-
તિબોધન આવ્યો હેવ, તું કરજે જિનવરની સેવ.
૧૦૨ પ્રતિબોધી જિનવરનો ધર્મ, પહુતો હલી
દેવ નિજ હર્મ; સુરનર સુખ ભોગવી અનોપમે,
મુગતિ વરે તે ભવ સાતમે. ૧૦૩ અરિહંત ને-
વજ કહ્યો વિચાર, ભવીક જીવને સુખદાતાર;
સુણાયો સકલ સંઘ જયકાર, છઠો પિંડ પુજા
અધિકાર. ૧૦૪ પ્રીતિ વિમલ ક્ષેમંપુર માહિ
કવી, અષ્ટપ્રકાર પૂજા સુરગવી; ભણતાં ગણતાં
સંપતિ મળે, સાંભળતાં મહા મનોરથ ફળે.
૧૦૫ ઇતિ છઠી પૂજા અધિકારઃ સંપુર્ણઃ ૬

દુહા. વર તરૂવર ફલ અંચી. જો અરિહંત કુપ કંદ; જનમ તરે મનોરથ ફળે, ઉપસમે વિઘ્ન ઉલંડ. ૧ ફળ પૂજ્યે ફળ પામીએ, મનોહર મનવંછિત; જેમ પામ્યો સુક જ્યાં મળે, દારિદ્ર નારી સહુત. ૨ રાગ સાંમેરી. જંબુદ્વીપ વારૂ વાટલું, તહાં ભરતખેત્ર ભાલજ્ઞ મહ્લું; સાંભળુ અથવા અઠમિ ચંદલુ એ. ૩ અલકાપુરી સમ જાણીએ, કુંચન નયરી વખાંણીએ; પીછાંણી ધર્મવંત ધનીજનાએ. ૪ જયસુંદર તસ રાજીઓ, જસ પ્રતાપ પડો વાજીઓ; જેમ આસાઢે મેહુલો એ. ૫ નગર વન માંહિ સોહામણું, દેવલ એક જિનવર તણું; અતિ ઘણો ઓછવ કરે નરેસરૂએ. ૬ તે આગળ એક આંબલો, તેણે નિવસે સુડી સુડલો; અતિ ભલું નીલ કમલદલ સારી સોએ. ૭ ઓછવ દિન એક સોહાવીઓ, અરનાથ જિન ગોવીઓ; આવીઓ રાજા રાણી પરવર્યો એ. ૮ સુંદર સરસ ફળે કરી, અરિહંત આગલ પૂજા ભરી; અતિ ખરી મોહણગારી માનવા એ. ૯ દુખીણી દાલિદ્ર નારીય, તેહને ન મળે એક

સોપારીય; સારીય જિનવર પુજા કરે એ. ૧૦
તે ધન્ય જે જિન પુજીએ, પુજા તણી વિધિ બુ-
ઝીએ; ધૂજીએ પાતિક તરૂવર પાનડાંએ. ૧૧
એમ ચિંતવતાં સૂડલો, સૂડી સાથે સુડલો નીલડે;
નિરખીઓ અંબડાલડીએ. ૧૨ આ સ્વાદિ ફળ
અંબના, મનોહર મોટા લૂંબના; લૂંબના દેખી
ફળ એક માગીએ. ૧૩ વળતી સૂડા એમ ભણે,
કસ્યું કરે સફળ અંબન તણે; મન ઘણે જિન-
વર પુજા કીજીએ. ૧૪ ફળ પુજ્યે ફળ શું હોય,
જિનવર આગળ મુજ કહે; જો હોય પુણ્ય ઘણુ
તો આપીએ. ૧૫ દુહા. વર તરૂવર ફળ અંચીયે,
જો અરિહંત ઉપકંઠ; જનમાંતર મનોરથ ફળે,
ઉપસમે વિઘ્ન ઉલંઠ. ૧૬ ચોપાઈ. ચઉથ પુણ્ય
પામે ચીંતવે, છઠ ભગત હોએ ઉઠવે; ગમનાં-
રંભ અઠમ ફલ નરાં, મધ્ય ભાગ ઉપવાસ
પન્નરાં. ૧૭ માસ દિવસ દીઠે મુખકમળ, કરજોડી
સંવછર ફળ; સો ઉપવાસ પુણ્ય પૂજવે, સહસ
લાભ હોય વિલેપવે. ૧૮ કુસમમાલ ચઢાવે લાખ,
ઉપવાસ જિનવર એહજ ભાખ; અનંત પુણ્ય

હોય ગીતગાન, જે નાચે અરિહંતને ધ્યાન. ૧૯ દુહા. એહ ફળ જિનવર મુખ થકી, સાંભળ્યું મેં નિરધાર; દાલીદ્ર ફળ વિમલ, મુજ આપને એક દાતાર. ૨૦ નાગી પહેરે થાપણું, ભુખો ખાએ બીજ; બાંધ્યા વેચે છોકરાં, દાલિદ્ર એહ પતીજ. ૨૧ ચોપાઈ. ડોકરીને ફળ આપું એક, જિનવર પુજ્યા ધરી વિવેક; બીજે ફળ પુજે સૂકતામ, સુડી સહીત કરે ગુણગ્રાંમ. ૨૨ ફળ મુકીને કરે બકોર, અમ્હે અજ્ઞાંન પસુને ઢોર; જે તુ વિધિ પિંડત સાચવે, તેનું ફળ આપો પ્રભુ હવે. ૨૩ ચોખે પરીણામે ફળ ઘણું, હુઓ લાભ પસુ પંખી તણું; ડોકરી સુરલોકે અવતા-ર, પામી દાલિદ્રનો નિસ્તાર. ૨૪ ગંધિલા નગરી સુર નરેસ, રત્નાદેવી ઉવરી નિવેસ; સુક જીવને પુણ્ય બોહલું, ઉપન્યો માડી ડોહલુ. ૨૫ દુર્બલ દેહ દેખીને રાય, પુછે ભદ્રે કાંકૃશ કાય, સંતાપી દુહવી તુજ કોણે, મુજ જીવતાં રાજ આપણે. ૨૬ મુજને ડોહલો ભયો આકાલ, જાણુ અંબ આરો ગુરસાલ; કઠિન કામ સંધાતે બાથ, તુમ્હને

કહુ કસ્યું માણુનાથ. ૨૭ દયિતા વચન સુણી ખડખડયો, ચિંતા દુખ સાયર માહિ પડયો; ભુપ ભસો નિજ મસ્તક ભાર; ચિંતે કેમ ઉતરવો પાર. ૨૮ કેમ પુરૂં રાંણી અભીલાખ, ન મળે આજ આંબાની સાખ; ડોહલો નવિ પુગે જો દેહ, મંરે નારી એ નહી સંદેહ. ૨૯ એહવે દુરગવ્ય નારી દેવ, અવધિ જ્ઞાન પરૂપે હેવ; દખે સુક જીવ અભ્યસ્યું. ૩૦ એણે મુજને કરયો ઉપગાર, ફળ આપુ પુરવ એક વાર; તે માટે આંબા લેઇ ધરૂં, માત મનોરથ પુરો કરૂં. ૩૧ પુરવ સુડા જીવે લાખ, આરોગી આંબારી સાખ; ઉપજે કર્મ સમુ કલમલુ, જીવ જસ્યો જામે ડોહલું. ૩૨ દુહા. શ્રણી કથરી બે ઉપનાં, કોણુ મેઘ કુમાર; એક મનોરથ માંસનો, એકને મેઘ મલ્હાર. ૩૩ એક ખાઈ બહુ ઠીકરાં, એક શ્રીફલનાં ખંડ; ગર્ભ તણે અનુસારડે, માતા પોસે પિંડ. ૩૪ ચોપાઈ. સારથવાહ તણું રૂપ કરી, જાઉ છાબડી આંબાં ભરી; આવી નૃપ ઉતારૂં પાર, માય પુત્રને હોઈ જયકાર. ૩૫ એમ ચીંતવી હુ-

ઓ સછવાહ, ભરી છાબ સહકાર પ્રવાહ; અદ-
ભૂત આંબ તણા ફળ જોઈ, નરપતિ આગળ
આણે ઢોઈ. ૩૬ પૂછે ભૂપ અકાલિ તબ, ફળ
પામ્યાં કીહાંથીરે અંબ; સછવાહ કહે સુણ હો
રાય, રત્નાદેવી ગર્ભ પસાય. ૩૭ દુહા. સજ્જન
સ્વકીય ન વીસરે, જંકી જે વેલાય; મીઠો ભોયણ
દુ૦વયણ, એ વિસરે મુપાય. ૩૮ હૃદય મઝારે
રાખીયે દેવ ગુરૂપર ઉપગાર; વચન સુભાષિત
સાંભલ્યું, જે કરવું વલી અંગીકાર. ૩૯ ચોપાઈ.
એમ કહી થાનકે સુર ગયો, રાજા મન રલી-
યાતજ થયો; ચિંતે જનમાંતર છે કોઇ, કઈ બાંધવ
કઈ મિત્રજ હોય. ૪૦ પરોપકારી કઈ દાતાર,
પૂરવ ભવ કઈ સુર અવતાર; સછવાહ રૂપે આ-
વીયો, છાબ ભરી આંબા લાવીયો. ૪૧ પૂરિ
લાલચે પ્રસ૦યો પૂત, શુભ લગન વેલા શુભ
મહુરત; લક્ષણવંતો ને ગુણવંત, જાણે સુર
આ૦યો એકાંત. ૪૨ જનમ વધામણી દિએ ન-
રિંદ, હરખે રાજે જીનવર ચંદ; સ્વામીણ વછલ
વરતાર, મોટા મંડાવિ સુત્રાકાર. ૪૩ પ્રીતે દાન

દેઇ અભિરામ, શુભ લગન મહુરત શુભ ઠાંમ; માત મનોરથ ફલે સિકાર, થાપ્યું નામ ફલ સાર. ૪૪ યોવન વયે માંડયા જબ પાગ, કનક કાંતિ ઝલકે શોભાગ; કુમર રૂપ દેખીને ચોપ, લાજ થકી થયું અનંગ અલોપ. ૪૫ પછે મરાતિ સમે સો અમર, સરલ સાદે બોલાવે કુવર; જાગ જાગ ભૂપતિના પૂત, પૂરવ ભવ કીધા પુણ્ય બહુત.૪૬ ભાવ સહિત આંબાનું ફલ, ઢાયું જીન આગળ નિર્મલ; તાસ પ્રભાવે લાભ ઘણો, મઈ પામ્યો સુખ અમરાં તણો. ૪૭ ભાવ થકી બ્રાહ્મણ સેડકો, મરી ઉપનો જળ દેડકો; મહાવીર અક્ષર સુણી કાન,દેડક ફીટી થયો નિર્વાણ. ૪૮ તુજ માતા અભિલાખે નડી,મેં આણી આંબા છાંવડી; આસ્વાદી પામ્યો બહુ ખેમ, જનમાંતરે તુજ મુજને પ્રેમ. ૪૯ પૂરવ ભવ તાહારી જે મીયા, હમે રૂડી સુડી સ્ત્રિયા; ફળ મુકું એક બહુને લાભ, રાજકુવરી થઈ તજી કુલાભ. ૫૦ વળી સાંભળી સુંદર સુયડી, સમરકેત રાજા ધૂયડી; સયંવર મંડપ તસ કાજ, મંડાવ્યોછે જાઉ આ-

જ. ૫૧ મસ્તક શૂક યુગલ આકાર, થાપી ઘર રહેજે ફળ સાર; તે દેખી કુવરીને નાણ, ઉપજસે બહુ કરે વખાણ. ૫૨ વરમાલા વસે તુજ કંઠે, પૂરવ ભવ પ્રેમ બાંધી ગાંઠે; એમ કહી ચાલ્યો સુર ઘરે, રાજકુંવર આવ્યો સંવરે. ૫૩ માથે શુક યુગલનું ચિન, અદ્ભૂત રૂપ સોહાવે વિંધ; દેખી શુક યુગલ ચિંતની, સાંભરીયો ભવસી મંતનો. ૫૫ ચંદ્રલેખા કન્યા કસમસી, દેખી શુક યુગલ હૈયે હસી; કુવર પાસે ચાલી ચડવડી, કંઠે ઠવી વરમાળા વડી. ૫૫ નરપતી સહુ દીયે સતકાર. ૫૬ દુહા. મધુકર રાચે માલતી, વર કમલે વર હંસ; કોયલ રાચે અંબસુ, તેમ કુવરી વર અંસ. ૫૭ સરખો સંયોગ તો મળે, જો હોયે પૂરવ લેખ; દંત સોહે દાડમ કળી, જો હોયે રાતી રેખ. ૫૮ ચોપાઈ. પરણાવે રાજા નંદની, સકળ લોકને થઇ વંદની; કર મુકાવણ આપી દાન, ઘેર મોકલે દેઈ સનમાન. ૫૯ આવ્યો કુવર લેઇ ઘેર વશા, સુખ ભોગવે જસ્યા ત્રિદશા; ચંદ્ર લેખા સાથે સુખ લીન, રાતદિવસ

એમ રહે જળ મીન. ૬૦ દુહા. માણસ પાચે માછા ભલા, સાચા નેહ સુજાણ; જોજળ કીજે જુજુઆ. તો તસ છુટે પ્રાણ. ૬૧ પડી વને દેડક ભલાં, જળ વિણ ક્ષણ ન રહંત; જેમ દેડક તેમ માનવી, પ્રીતે પ્રાણ ન જંત. ૬૨
ચોપાઈ. કાંમનીને કુમકુમ કેવડો, વજુલ કુર કપૂરે વડો; કોમલ કપડ કવિતા પૂર, એ જીન પૂજા ફળ અંકુર. ૬૩ અવર દીને જપે સુરેંદ્ર, મેલી સભા અમરના વંદ; ફળ સાર કુંવરને ઘેર, મનવાંછિત પહોચે દેવ પેર. ૬૪ વળતો એક બોલે સુપર્વ, સુરપતી મ કરીએ એવડો ગર્વ; મનુષ્ય અંગે મોટી એક ખોડ, મનવંત પહુચે નહીં કોડ. ૬૫ દુહા. કોયલ કહેરે બપૈયા, ઉચો ચઢી મ રોય; થોડે થોડે દુખડે, દીધુ દીડે સહુ કોય. ૬૬
ચોપાઈ. વિખ ધર રૂપ કરીને ધરચો, કુંવર પ્રિયા અંગે જઇ ડરચો; હાહાકાર હુવો ધરે શોક, ગામે ઠામે ઠામ મળિયા બહુ લોક. ૬૭ મંત્ર તંત્ર વિદ્યા આરૂડી, તેડાંવ્યા વઇદ બહુ જડી; મહોરા મંત્ર ઘસી જળ પાય, તોયે વિષધર વિષ ન-

જાય. ૬૮ સુર આવ્યો ગારૂડી રૂપ કરી, મુખે બોલે સુર તડ મંજરી; જો હોય તો જીવે નાર, નહિ તર વિપરિત બુદ્ધે વિચાર. ૭૦ તબ બો- લે ફળ સાર કુમાર, લાવુંરે મંજરી એક વાર; તત્ક્ષણ ત્યાં કિણિ દુર્ગંધ દેવ, આવું સુર તરૂ મંજરી લેવ. ૭૦ તબ ગારૂડીરૂપ થયુ વિગોપ, કુંજર રૂપ કરી કરે કોપ; સીંહ રૂપ કરી સંવરે, તોયે નવિ કુંવર ચિત પૂરે. ૭૧ પ્રગટ થઈ સુર બોલે અસ્યુ, બહુ માયા મંડી મઇ કસ્યુ; ઇંદ્ર વખાણે સુખ અમરીક, મન માહારે તુ વસ્યો અધિક. ૭૨ માંગ માંગ વર આપુ ઇછ, સકલ પુણ્ય પોતે તુઝ દીઠ; અમર કને માગી માન ધરી, દેવલોક સરસી કરી પુરી.૭૩ કુંચન મણી રયણ પ્રકાર, નીપાઇ નગરી આકાર; સાજી કરી ગયું પ્રિએ યસી, દેવ લોક સરસી પુરિ વસી.૭૪ દેખી નવલુ નગર નિવેસ, હરખ ધરે પૂજ્ઞ સાર નરેસ; રાજ ભાર સંઠવી આપણો, સુરરાય દી- ક્ષા લીએ સુણો. ૭૫ દયિતા સહિત કુંવર અ- ભિનવે, અરિહંત ફલ પૂજા સંઠવે; વિષય સુખ

ભોગવતાં ભલો, અનુક્રમે પુત્ર જાયો ગુણ નિલો. ૭૬ ચંદ્ર સાર બંટાને ભાર થાપી, ભુપતિ ભયો અણગાર; નારિ સહિત સંયમ વ્રત પાલિ, જઈ બેઠો તે શુક્ર સુરાલિ. ૭૭ દુર્જય દેવ કુવર કામની, સત્તમ ભરિ મુગતિ ગામિની; સુણજો સકલ સંઘ જયકાર, સાતમુ ફલ પૂજા અધિકાર. ૭૮ પ્રીતિ વિમલ ક્ષેમપુરિ માંહિ કવિ, અષ્ટ પ્રકાર પૂજા સુર ગવી; ભણતાં ગણતાં સંપતિ મિલે, સાંભળતાં મહા મનોરથ ફલે. ૭૯ ઇતિ સપ્તમ પૂજા અધિકારઃ ।। સંપૂર્ણઃ ।। ।। ૭ ।।

દુહા. જો પૂજે જીનવર આગલે, ભાવ ધરી જલ કુંભ; તો પામે કલ્યાણ ફળ, યમ પામુ પ્રિયા બંભ. ૧ કુણ બ્રાહ્મણી કેહની વહુ, કેમ મુકય ઉજલ કુંભ; બોલ વિચાર વિગતે કહું, સાંભળો પરિહરી દંભ. ૨ ચોપાઈ. ભરત ક્ષેત્રમાંહિ બ્રહ્મપુરી, જાણે ઇંદ્રપુરી અવતરી; નિવસ્યે બ્રાહ્મણ કોડા કોડ, ભૂપતિ શિર નામે કરજોડ. ૩ તેહ માંહિ ચિહું વેદ તુ જાણ, વસે વિપ્ર સોમિલ અભિ ધાન; પ્રિયા તાસ સોમા બ્રાંહ્મણી, થોડે

ગહને કરે રીસ ઘણી. ૪ જગ્ન દત્ત બેટા જાણીયે યજ્ઞા પાવ મુખે વખાણીએ;નિરમળ વંસ વિમલ આતમા, સોમસરી નામે પ્રીયતમા.૫સહજે શરીર અછે ધર્મ તણી, વિનયવંતને વહુ કર્મણી; સીળવતી સોભાગજ ઘણુ, વચન ન લોપે સાસૂ તણુ. ૬ દુહા. સાસૂ સસરા દેવ ગુરૂ, જે ન વિલોપે આણ; સહુવે તાસ વહુ તણુ, ઘેરઘેર કરે વખાણ. ૭ સાસૂ સુકંદલ કરે, બાળક સાથે રીસ ભાભા સુંભટકે બળે, અવ નીત વહુ જગીસ.૮ ચોપાઈ. કાલાંતરે સસરો સોમિલો, વિધિ વસ્યે મૂઓ એકલો;મૂઆપછી કસ્યુ આવેન ભોગ,એક અજસ બીજું સોભાગ. ૯ મંચક થકી માનવ મુકીઓ, ધરણી તલિ નિવાસ કીઓ;માહરૂં માહારૂં કરતો આસ, જાઈ જીવ તે સુણો નિવાસ.૧૦ કેની વહુને કેના પૂત્ર, હકના એ દીસે ઘર સૂત્ર; જો ઘર સારૂ દીજે દાન, તો પરભવે પામે અન પાન. ૧૧ દુહા. સોની રૂપા સાવટુ, અરથ ગરથ ભંડાર; ગોરૂ ગોરી છોકરાં, કોણે ન લીધા લાર. ૧૨ સંપતિ દેખી આપણી, પ્રીતિ કહઇ

જીયુ જાગ; દો લોચન મિચ્યાં પછે, નહીં આવે તુઝ ભાગ. ૧૩ ચોપાઈ. તાત તણું મૃત કારણ કીજે, ઠામે ઠામ તેડાવ્યાં દ્વિજ; સુંદર સાલ દાલ બહુ ધાન, પોઢા કેલવીએ પકવાન. ૧૪ બોલાવે સાસૂ સોમસિરી, લાડી લાવો કુંભ જળ ભરી; તુજ સસરાને દિન બારમે, તેડયા દ્વિજ આવી જમે. ૧૫ ઘડો લેઈ ચાલી અંબ ભણી, સોમસિરી જળ લેવા ભણી; ભરી ઘડો જળ પાછી વળી, એટલે મુનિવર દીઠો મલી. ૧૬ દીએ દેશના ઘટ ભરી નીર, મુકે જો જી-નવરને તીર; દિન દિન પ્રતે ઘડો ચિત ધરે, તો સંસાર સોહિલો તરે. ૧૭ અનુમોદે પર પૂજા જોઇ, પરભવ રાજ પાંમે પ્રતીબોધ; ગરહે નંદિ જો વલી કોય, પરભવ પ્રત્યક્ષ દુખીયો હોય. ૧૮ સુણી વહુ મુનિ મુખ વાણિ, ઘડો લેઇ આવે જીન ઠાણિ; જીન આગલે નિરમળ જળ ભર્યો, મુકી મનોરથ પૂરો કર્યો. ૧૯ દુહા. વિધી ન જાણુ વિગતસું, મુઢ મુરખ હું નાર; મુકયો મે કુંભજ ભર્યો હવે તુ સામી તાર. ૨૦ સામી

ચંદ ચકોર જ્યું, તુજ મુજને છે નેહ; તે કબહી તુટે નહીં, પગ પડે જો દેહ. ૨૧ ચોપાઈ. ભાવે સું પૂરતિ બંધુ રહે, સોમસિરી આવે મંદીરે; સહી સમાણી જે સાહેલી, તે જઇ સાસૂ થઇ વાહલી. ૨૨ કારેલી ઝીબડ આધાર, વિખ વાટિ વલિ દેઉ વધાર; ખરડ ઉચાં દેઉ પરી ખાર, કોપી સાસુ સુણી પુકાર. ૨૩ કુતરી પરે કોપાનલ ચઢે, સોમા સાસૂ વહુસું વઢે; મુખે બોલે કહેરે સાપિણી, કોને કુંભ આપ્યો પાપિણી. ૨૪ વળતી વહુઅર એમ ઉચરે, આપ્યો જગદીસર દેહરે; કહેની તું કયાં તે જગદીસ, ફોડયું કાં નવિ તેહને સીસ. ૨૫ ભડભડતી ભડકાવે કડી, હાથે કરી વારૂ લાકડી; પેસેછે કેમ ઘર માંહિ આજ, વહુઅર લોપી સાસૂ લાજ. ૨૬ આડોસણ પાડોસણ મળી, અ સમજ સમ બોલે આકુલી; એક કહે સાસુ સંખણી, વહુ સાથે વળગે વાઘણી. ૨૮ એક ભણે સાસુ કસ્યું વાંક, વહુઅર નગણે કહની સાંક; સાસુ સસરા થકી નવિ બીહે, વિના પુછે કેમ જળ કુંભ

દીયે. ૨૮ એક ભણે સાસુ કર્કસા, ગજા ગાંઠ વિ-
ણ ઝગડા અસ્યાં; એક જણી જોવા ધસે, એક
પાડોસણ હડ હડ હસે. ૨૯ સાસુ ભણે સાંભ-
લરે વહુ, પાડોસણ જોવા મળી સહુ; ઘડા સ-
હિત ઘેર આવિશ કશાંઠ લોદે લીહ પટોલે
ગાંઠ. ૩૦ દુહા. જેહને બોલે બંધ નહીં, નહીં
પંચકી લાજ; તે સું કેહા બોલણા, મુષ્ટિ ભલી
વછરાજ. ૩૧ કલહો કુમાણસ સાથે, કરતાં તે
જઇ એટલી; કચરો કાદવ હાથે, લીજેતા વળગે
વળી. ૩૨ ચોપાઈ. સોમસિરી રડતી રોયતી,
કુંભા કારને ઘરે પોહતી; બં મુજ ઘડો આપિને
છેક, લેઇ કંચન વર હાથથી એક. ૩૩ પભણે
કુંભકાર ભામિની, કોણ કારણે રોઇ કામની; વ-
હુઅર ભણે સુણ હો વીર, મેં જળ ઘડો મુ-
ક્યો જીન તીર. ૩૪ મુનિવર વચન થકી લાભ
ઘણો,સુણી જીવ જાગ્યો આપણો; સહી સમાણી
ઘાલી ઘાત, સાસુને સંભલાવી વાત. ૩૫ ઘેર
આવીને માંડે હેજ, બાહેર જઇ પોકારે તેહજ
સાચી વાત વણાવી કળે, દિઠો હાંડલ કાઢી મળે.

૩૬ મુજ ઉપર કોપી આજે, જીનવર નામ ન મુંકું હીયા; અનુમોદે શિવ સુખ પાઇએ, તાત્પ કરે પુર ગતિ જાઇએ. ૩૭ ધન્ય ધન્યરે તુજ તણો અવતાર, અનુમોદે એમ સુણી કુંભાર; જનમાં-તરે સિંચ્યું સુખ બીજ, જો જિનવર જળ પૂજા કીજ. ૩૮ દુહા. કુંભાર સામણ ભણી, આ-પ્યુ ઘટ તેણે વાર; કર કંકણ લીધા વિના, હ-રખે બંભણ નાર. ૩૯ સગપણ તું સ્વામી તણા, બીજાં આળપંપાળ; અનુમોદના કરતાં બહુ, પાંમુ પુન્ય કુલાલ. ૪૦ ચોપાઈ. ભરી ઘડો ઘેર આવી જામ, રીસ ઉતરી સાસૂ તામ; આપ સવારથ સહુકો રમે, સંસારિક સગપણ કારી મે. ૪૧ સાસુડી નિરખી સો કુંભ, શુભર ભર્યો તે નિરમળ અંભ; પશ્ચાતાપ કરે વળી વળી, પાતિક આલોવે ટળવળી. ૪૨ એક ભ-વંતર બાંધુ અશુભ, પછે સોમા પામી શુભ; કુંભકાર જીવ જઈ ઉપન્યો, કુંભ પૂરે સીધર ભૂ-ધનો. ૪૩ સિરી દેવી સાથે સીધરૂ, સુખ ભોગવે માહા મનોહરૂ; પ્રીયા પેટ આવી અવતરી,

કર્મ વસેં પુત્રીસામસિરિ.૪૪મન જાણે જળ કુંભે જીન, પૂજી સફલ કરૂં નિજ દીન; પૂરીત અભલાખે લાવવી, જનમી કુંભસિરી નામ ઠવી. ૪૫ ભોગવે પિતા તણે ઘેર સુખ, સુપનાંતર ન દેખે નવિ દુખ; નવયોવન વહસ્યાં કુંપલાં, તે જીનવર પૂજાના ફ્લ્યાં. ૪૬ એહવે ચ્યારનાનનો ધણી, બહુસા પરિવરિયો સુણી; કુંભસિરી સાથે વંદવા ચાલ્યો, ભૂપ મનોરથ હવા.૪૭ ત્રણ પ્રદક્ષણા દેઈ ઉચિત, બેઠો નૃપ નિશ્ચલ ધરી ચિત; એટલે એક દીઠી તે નાર, પરવરી બહુ ડંભક પરવાર. ૪૮ ભસમધ્ય લિધું સર ધરૂ પંડ, સટિત ત્રુટિત ચીવરના ખંડ; દુખ તણો નવ પામે પાર, મસ્તકે ઉઠો ધડો આકાર. ૪૯ પૂછે ભૂપ ભલી કોણ એહ, દાલિદ્ર દુખ સંતાપી દેહ; દીઠે બહુ ભય જાણુણી જસી, પરતક્ષ જાણેછે રાક્ષસિ. ૫૦ દુહા. વલતી મુનિવર એમ ભણે, સાંભળ નૃપ સાવધાંન; દુખિયા ગૃહપતિ બાલિકા, વેણુંદતા અભિ ધાન. ૫૧ માતપિતા જનમ્યા પછી, મરણ ગયાં સમ કાલ; તુજ નગર માંહી ઉછરી,

૩૫ વિપરીત વિકરાલ. ૫૨ બાલપણે વિછોહીયુ, યોવન વયે ધન હીણ; આસ પીયારી આજ રીઝે રહે, તે ગર્ભિયે કાંઈ ન ક્ષીણ. ૫૩ રાગ. નિંદાનાં ફલ જોઈ, પરનિંદા બહુ પાપણીરે; સાંભલજો સહુ કોઇરે, હો રાજન નિંદાનાં ફલ જોઇ. ૫૪ એક બહેરા એક બોબડારે, એક ટુંટા ત્રિલોક; પંગુ મંગુ માનવીજી, એક બોલે તે ફોક. ૫૫ હો રાજન૦ કાંણા કુબડ અંધલારે, એક તણે અંગ ખોડ; ક્ષયન ખાસ ખસ વાલડારે, ગુંમડ ગડીઆં ક્રોડ. ૫૬ હો૦ કુરી કલથી કોદ્રવારે, તેલનું ટીપ ન ચાખ; ભીખ ભલી આપે નહીરે, જો ભમીએ ઘર લાખ. ૫૭ હો૦ એકન એકોઢે કરીરે, ગલી પડી દેહ બંધ; જીભ સડે મુખ વાંકડોરે, ગંધાએ દુરગંધ. ૫૮ હો૦ દુહા. પંચકોડ અડસઠ લાખ, નવાણુ હજાર; પાંચસે ચોરાસી વલી, એટલા રોગ સંસાર. ૫૯ પાપ તણે ઉદય કરી, ઉદ્દભવ થાયે અપાર; પુણ્ય થકી ઝાંખ્યા રહિ, જેમ જેમ અગનિ અંગાર. ૬૦ ઢાલ. સાંભલી ભૂપ શિશ ધુણેરે;

વિષમુ કરમ વિપાક; પર નંધા કરવા ભણીરે, મ ધરજ્યો કોઇ લાગ. ૬૧ હો રાજન૦ દુખિણી નારી દુખ ધરેરે, રોતી કરતી પોકાર; પુછે ભગવન સું કીઉ, પાંમી દુખ ભંડાર. ૬૨ હો૦ તેહ પ્રતિ સૂરિ ભણેરે, સોમા નામે નાર; તાસ પૂત્ર વહુ સોમસિરીરે, જઇ કુંભ ભરવા વાડ. ૬૩ હો૦ સોમસિરી ઘેર અવતારે, મલીયો મુનિવર એક; વચન સુણી જીન પૂજવારે, આવ્યું શરીર વિવેક. ૬૪ હો૦ જીન પુજી જળ કુભસુંરે, આવી સાસુ પાસ; રીસ ચઢી કોપે કહેરે, કયાંહાં ઘટ આપ્યુ દાસ. ૬૫ હો૦ સોનારી કુંભકાર તણેરે, પહોતી તમ આવાસ; સામિણી ભણી ઘટ આપીયોરે, વહુઅર પહોતી આસ. ૬૬ હો૦ દેખી સાસુ કુંભ ભર્યોરે,સોમા હરખી સબલ; રીસ ઉતરી આપણીરે, પાડાં કરમનિ બલ. ૬૭ હો૦ વલી નીંઘા જગદીસ, તાસ તણા ફલ ભોગવોરે; ઢામણુ ઉઠો સીસ. ૬૧ હો૦ પશ્ચાતાપ કરી ધણોરે, એક ભવ બાંધુ દુરિત; તે નારી તું અવતરીરે, રોગે દેહ ભરીત. ૬૮ હો૦ પશ્ચાતાપ ક-

રંતાં બહુ, ઉપજે કેવલ નાણ; ચંદનબાલા મૃગાવતી, લેજો એહ આભાણ. ૬૯ સોમસિરી જીવ ઉપન્યો, ભગવાન ભાખ્યુ કિહાં; કર દેવ લોકે મુગતીમે, કઇ આવ્યું છે ઇહાં. ૭૦ હો૦

ચોપાઈ. શ્રીધર નૃપને પાસે રહી, કુવરી કુંભસિરી નામ કહી; મનવાંછિત સુખ ભોગવે ભોગ, નર ભવ પામી પુણ્ય સંયોગ. ૭૧ પાંચમે ભવ મુગતી જાશેએ, તે જીનવર પુજાને વસે; કુંભસિરી સાંભલી ગુરૂ વેણ, હરખે સિંચ હૂયાં દો નેણ. ૭૨ કુંભસિરી ભણે પ્રભુ જોઇ, કુંભકાર મરી કિહાં ગયો સોઇ; જેણે મુજને ઘટ કર્યો પસાય, સ્વામી સગપણ હરખ ન માય. ૭૩ મરી ઉપન્યો સો તુજ પિતા, અનુમોદના થકી ગુણ છતા; સાંભલી શ્રીધર આપ ચરિત્ર, પ્રણમે વલી ગુરૂ પાય વિનીત. ૭૪ જાતી સમરણ ત્રહુંને હુઓ, સુણતા કર્મ બંધ થયું જુઓ; સુંદર સુત સુર પ્રિય કથા, સાંભલતાં કીધાં કર્મ વૃથા. ૭૫ જનમાંતરે કીધા અવરાહ, માંહો માંહિ ખમાવે વિરાહ; વ્યાધિ ઘડોની ગમીયો નારી, પરસ

કરી કરી રાજ કુવારી. ૭૬ નિજ પુત્રી દેખી અત્રદાત, જલ પુજા કરે જગત વિખ્યાત; કું-ભસિરી કંચન કુંભ ભરી, ત્રિસંધ્યા પુજે નિખરી ૭૭ દુર્ગંધ નારી થઈ માહા સતી, પંચમહા વ્રત પાલે છતી; મુનિવર વિચરે મહા યલિમહિ, દાનાદિક સંભલાવે કહી. ૭૮ કુંભસિરી નિજ આયુ પાલિ, વિજય દેવતા માહિ નિહાલિ; સુરનર ભત્ર ભોગવી અંતરે, પાંચમે ભવ મુગતિ સં-વરે. ૭૯ અષ્ટ પ્રકાર પુજા વધિ ભણી, ધરણી-ધર હરચંદે સુણી; દેખી ફલ પુજાના ઘણા, નિત નવલા કરે વધાંમણા. ૮૦ ભૂપતિ પ્રતિ બોધી મન રલી, વિચરે વિજયચંદ કેવલી; સુ-ણજો સકલ સંઘ જયકાર, આઠમો જલ પુજા અ-ધિકાર. ૮૧ પ્રીતિ વિમલે ક્ષેમપુરી માંહિ કવિ અષ્ટ પ્રકાર પુજા સુર ગવી; ભણતા ગણતાં સંપ-તિ મળે, સાંભલતાં મહા મનોરથ ફળે. ૮૨ ઇતિ અષ્ટપ્રકાર પુજા પ્રતિ બંધઃસપુર્ણઃ ॥છઃ॥ ૮ ॥

દુહા. અષ્ટપ્રકાર પુજા પ્રબંધ, કરીયા કરી વ-ખાંણ; શ્રી શાંતિનાથ પશા ઉલે, તે ચઢીઆ

પ્રમાણ. ૧ કોણ પાટ કોણ ગચ્છ ગુરૂ, કોણે ક-
કવિયા સુ પ્રબંધ; ભાવ ધરી ભગતિ કહું, સુ-
ણજો સહુ અનુબંધ. ૨ ચોપાઇ. સુખમ સુખમ
આરોધરિ ધારિ, સાગર કોડા કોડીચ્યા; તેહ માહિ
યુગલીયાં હોઈ, આઉતિ ન પલ્યોપમ જોઈ. ૩
તિન કોસ કાયા તસુ કરી, અઠમ ભગત ભોજન
તુ અરી; સંતાન યુગલ તણી લાલણા, દિન
ઓગણપંચાસ પાલણા. ૪ પાંસલી બિસ્યઇ છ-
પન તસ તણી, સુહ ગુરૂ વચન થકી મે સુણી;
રૂદ્ધિ વૃદ્ધિ સંપતિ સુખ તરૂ, મનવાંછિત પૂરે
સુર તરૂ. ૫ બીજુ સુખમ કહે જિન વરૂ, ત્રણિ
કોડી કોડી સાગરૂં; આઉખુ પલ્યોપમ દોઇ, દોઇ
કોસ ઉંચપણુ સોઈ. ૬ બીજે દિન લેવે આહાર,
બદરી ફલને સરીખુ ભાર; એકસો અઠાવીસ
પાંસલી, પાળે અપતિ દિન ચઉસઠી વલી. ૭
આરો સુખમ દુખમ જગિ જોડિ, સાગર દોય
કોડ કોડિ; આયુ એક પલ્યોપમ જાસ, એક કોસ
ઉંચપણુ તાસ. ૮ ચઉથ ભગત ભોજન કેટલું,
આમલ ફળ હોય જેટલું; ચઉસઠિ પાસલિ તે

ભોગવે, દિન ઓગણાસી અપતિ ગોગવે. ૯ લ-
ખ્ય ચોરાસી પૂર્વ પાઠ, જિનવર સમ સવાડા
આઠ; સાઢા સાત દિવસ ભાષતે, ત્રીજા આરાને
થાકતે. ૧૦ તિહાં રૂષભ દેવ જિનવર અવતરચા,
માત મનોરથ પુરા કરચા; ચઉથઉ દુખમ સુખમ
અભિધાન, સાગર કોડા કોડિ માન. ૧૧ વરસ
બેતાલીસ સહસ્સે હીણ, માનવ સુખ ભોગવે
અદીન; તેવીસેં જિનવર તિહાં હુવા, નામે ઠામે
લક્ષણ જુજુવા. ૧૨ દુહા. વરસ પંચ્યોતેર થા-
કતે, આઠમાસ નિરધાર; સાઢાસાત દિન ઉપરી,
ઉત્તમ જિન અવતાર. ૧૩ વીસવરસ ગૃહ વાસ
દસ, સંયમ લીયે સુજાણ; બારવરસ અધિકે રહે,
પામ્યું કેવલ જ્ઞાંન. ૧૪ ત્રીસવરસ કેવલ લહી,
પહોતા મુગતિ મઝારિ; સકળ આઉષુ વીરનુ,
બહોતેર વરસ વિચાર. ૧૫ ચોપાઇ. એકાદસ
ગણધર તસ હુવા, બ્રાહ્મણ કુલ બ્રાહ્મણના સૂઆ;
ગૌતમ ગોત્ર પહેલું ઇંદ્ર ભૂતિ, અગનિ ભૂતને
વાયુ ભૂત. ૧૬ વ્યક્ત સુધર્મા ગુથ્યાં સૂત્ર, મંડિત
છઠો મૌરીય પુત્ર; અકંપિત અચલ ભાયામ તાર્ય,

પ્રભાસ નામ એકદશ આર્ય. ૧૭ પાંચમા ગણધ-
રના સંતાન, જંબુસ્વામી ૨ પ્રભવો; પરધાન૩
શીય ભવ ૪ ચોથો, ભદ્ર ૫ સંભૂતિ વિજય ૬
તણો થુલિભદ્ર. ૭ ૧૮ આર્ય માહાગિરિ ૮ સુ-
સ્થિત સૂરિ, ૯ ઇંદ્રદિન ૧૦ શ્રીદિન ૧૧ ગુણ
ભૂરિ; સીંહગિરિ ૧૨ સીસવયરસેન સ્વામિ, ૧૩
વજ્રસ્વામિ ૧૪ ચંદ્રસૂરિ સડામિ. ૧૫ ૧૯ સા-
મંતભદ્ર ૧૬ વલી વૃધ્ધદેવ, ૧૭ પ્રદ્યોતન ૧૮ પા-
ટિમાનદેવ ૧૯ માનતુંગ ૨૦ પાટિગુણ વીસ વી-
રસૂરિ નામે થઈ વીસ. ૨૧ જયદેવ. ૨૨ દેવા-
નંદસૂરિ ૨૩ વિક્રમસૂરિ ૨૪ કીયાં કર્મ દુરિ
નરસિંહ ૨૫ સમુદ્ર ૨૬ માનદેવવગુરૂ ૨૭ વિ-
બુધપ્રભ ૨૮ જયાનંદ વરૂ ૨૯ શ્રીવિરપ્રભ ૩૦
નઇજસોદેવ મુણી ૩૧ પ્રકવન્મ ૩૧ માનદેવસુ-
રિગુણ ૩૩ શ્રીવિમલચંદ્ર ૩૪ ઉદ્યોતનતાત ૩૫
સર્વદેવ ૩૬ શ્રીદેવ વિખ્યાત. ૨૨ સર્વ દેવ અ-
ડત્રીસમેપાટિ. ૩૮ યશોભદ્રસુરિ ગુણ હાટ. ૩૯
ચારલી સમે રમે મુનિચંદ. ૪૦ અજિતદેવ શેવે
નર વૃંદ ૪૧ વિજયસીંહ નામે ૪૨ સોમવિભુ૪૩

જયચંદ્ર પાટ ૪૪ તણુ શ્રીદેવેંદ્રસુરિ ૪૫ ધર્મ ઘોષ ૪૬ સોમપ્રભ ૪૭ સોમતિલક ૪૮ આરોષ. ૨૪ દેવ સુંદર ઓગણપંચાસ ૪૯ પાટે પુરે સેવકે આસ, સોમસુંદરસુરિ ૫૦ મુનિ સુંદર નામ ૫૧ રત્નસેખર ગુરૂ ૫૨ કરૂ પ્રણામ. ૨૫ લક્ષમીસાગર ગુણમણિ ખાણિ ૫૩ સુમનિસાથ૫૪ હેમ વિમલ વખાણિ ૫૫ પંચાવભ પાટ સંખ્યા કહી, અવર પાટ સાંભલ્યો સહી. ૨૬ દુહા.

રાગ ધન્યાશ્રી. તપ ગછછપતિ ગુણ ગિરી, શ્રી આણંદ વિમલ સુરિસીંહ; વિચરયો કુમત વિ-ડારવા, અકંપ અડોલ અબીહ. ૨૭ સંવતપંનર બ્યાસીયે,યતી પંથ પરગટ કીજ; પરમાદ પરિગ્રહ પરહરી, રોપા સમકિત બીજ. ૨૮ તાસ પાટિ વિજયદાનસુરિ, તાસ પાટિ પ્રભુ હીર; તાસ પાટિ વિજય સેનસુરિ, સાયર સમ ગંભીર. ૨૯ ઢાલ. સાંભળ્યું આઠ પુજા પ્રબંધા ભવી, અઠકમ્મ અરિ ભય દુરિ જાએ; કલ્પતરૂ કાંમ ઘટ ધેનુ ચિંતામણિ, આંગણે આવીયાં પુણ્ય પસાઇ.૩૦ સાંભલ્યું૦ આણંદ વિમલ વિજયદાનસુરી સરા,

તાસ પાટ પ્રભુ હીર હરખ્યું; સકલ જગિ જીવ પાદપ એહ સીંચવી, વચન સુધારસ મેઘ વરષ્યો. ૩૧ સાં૦ તાસ પાટિ વિજયસેનસુરી નિધી, જાગતો જાસ જગિ મંજુ મહિમા; તાસ શેવક ગણિ ધર્મ સીધુરિ લગે, જિનવર લોપીન સીમા. ૩૨ સાંભ૦ તાસ શેવક ગણી જય વિમલ શેવકો, પ્રીતિ વિમલ ક્ષેમંપુરી ચઉમાસે; સંવત સોલ છપન વરસિં કર્યા, સકલ સંઘ માંહિ બેઠો વિભાસે. ૩૩ ॥ છ ॥ શ્રીઃ ॥ ઇતિશ્રી અષ્ટપ્રકાર પૂજા પ્રબંધ ॥ સપૂર્ણઃ ॥ ॥ શ્રી ॥ મત્યાનુસારેણ લપીકૃત દોષોનિદેયઃ ॥ ॥ ॥

સમાપ્ત.

श्री श्रेणीकमहाराजनो रास.

દુહા. સકલ સિદ્ધિ મંગલ કરણ, જિન ચ- ઉવીસ નમેવ; બ્રહ્માપુત્રી સરસ્વતિ, માય પાય પ્રણમેવ. ૧ ગોયમ ગણધરને નમું, વિધુન વિણ સૃંગાર; સોહમ સ્વામી નમું સદા, જસ સાખા વિસ્તાર. ૨ સાર સદા ફલ ગુણ તણા, હું અ- વિચલ પદ્દ; અનુક્રમે પંચાવનમેં, જસુ નામે ગહ ગદ્દ. ૩ હેમ વિલતણું દીપતા, શ્રી સોમવિમલ સુરિંદ; તેહ તણા ભલણ નમી, હયડે ધરી આ- નંદ. ૪ ચંદ પરે ચડતી કલા, લાજે જેહને નામ; શીષ્ય સૌભાગ્ય હર્ષ સૂરિંદવર, હરખિઓ તાસ પ્રમાણ. ૫ મુખ્ય અક્ષર જે કહ્યા, તસવિ ગુરૂ પસાય; વણ માવિત્ર જેણે શીખવ્યું, તેહના પ્ર- ણમુ પાય. ૬

वस्तु सकल जिनवर चरणवंदेवि, देवी श्री सरस्वती तणा; पाय कमल बहु भक्ति जुक्तिओ, प्रणमी गोयम स्वामिवर; सुगुरु राय कमल स्तओ, श्रे- णिकराजा गुण निलुओ; निर्मळ बुद्ध विशाल, रवि सुरा सहु तह तणुं; सुणीआ अतिहि रसाल. ७

ચોપાઈ. મહીયલ જોયણુ લક્ષ પયાલ, મણુ અરિ વત્ત સોહે સુ વિશાલ; પુષ્કરા વ્રતને ધાતકી ખંડ, વળી કરીયાછે નવ ખંડ.૮ મધ્યદ્વીપ દીપે ચઉ સાલ, જંબુદીપ સમો જેમ થાલ; ખંડ અપુરવ ત્યાં છે ભરત, રૂષભ પુત્ર જ્યાં હુવા ભરત. ૯ દક્ષિણાર્દ્ધિ જેમ મધ્યજ ખંડ, દીસે ત્યાં બહુ દેશ પ્રચંડ; કવિજન કેતાં કહેત સુ નામ, ધર્મ તણા જ્યાં અવિચલ ઠામ. ૧૦ સિંધ, સવીલખ ને સાવીર, સોરઠ, સિંગલ, ને કાસ્મીર; ચરણ વલી મહાવીણ પ્રસિદ્ધ, અંગ વંગને તિલંગ સમૃદ્ધ. ૧૧ કુંકણ,કલહધ્ધ, ને કચ્છ,મારવાડ,મેવાડ, માંહથ; પુરાષાણ, પારકર, ને પંડ, પુરવ,ઉવર, દેશ અખંડ. ૧૨ ગંગા પાર ભલું ગુજરાત, ઘણા કર્યા ત્યાં જાગ વિખ્યાત; માલવ, મરહઠ, ને મંડોર, સુવિચક્ષણ દક્ષણ ખંડોર. ગાજણ,ગૌડ, ચૌડ, કર્ણાટ, ભણું ભોટ, દમણ નેલાટ; સોવિત, વાગડ, ને ભીનમાલ, કનોજ,ને વળી ચઉઆલ. ૧૪ સાચુરૂકા હુડ, પંચાલ, ડંડીઆણ, ઉડાહલ, કુણાલ, કુરૂ, જંગલ, કોશલકા રૂપ, જાલંધર,

વિક્ષર, બહુરૂપ. ૧૫ મહા માલવ એમ જાણીયે,
મગધદેશ શું વખાણીએ; રૂડાં દુર્ગ અતિ ઘણાં,
ગમે ગમે છે સોહામણા. ૧૬ રાજ ગૃહ નામે ત્યાં
નગર, નવકો લોકન ધરે મુનીવર; અમરાપુરી
કેરો અવતાર, વસ્તાર જોજન નવ બાર. ૧૭
ગઢ મઢ મંદીર પોઢી પોલ, ઉપર કોસીસાની
ઓલ; વાવ્ય. કુપ, સરોવર, ચંગ, નિર્મલ નીર
નાળીયર જેમ ગંગ. ૧૮ નગર માંહિ જિનમં-
દિર ઘણાં, ડંડ, કલસ, ધજા, સોહામણાં; વ્યવ-
હારી કેરા અવાસ, તસુ ઉપમ અનુપમ કૈલાશ.
૨૦ નગર દંડ દીસે પ્રસાદ, મારસાર પણ નહીં
વિવાદ; ધાતુર્વાદી કહીએ કલંક, દીસે વાંહિણી
વંસે વંક. ૨૧ ઘડીઆલ નાડી વાજતી, વાદ
વઢાવડિ ત્યાંત ભાજતી; દીસે સજન મનના
ચોર, જ્યાં દુરંગો દીસે બોર. ૨૨ ફુલ વિના કુ-
મનું કોય, તેહ વિના નહીં બંધન હોય; ચંપકરે
કામી જન મલી, પણ કોઇ ન કરે કોયની તન્તિ.
૨૩ કર પીડા કીજેવી વહી, કહે કુવિ કામી કરે
ઉછાહિ; અણ દેવ જિહાં દીસે દોષ, લોક સકલ

વર્તે સંતોષ. ૨૪ એ સઘળાં દિસે એણે ઠામ, નગર માંહિ નવ લહીએ તામ; નગર તણું વર્ણનછે ઘણું, એકે જીભે કેનુ ભણું. ૨૫ શ્રીપ્રસેનજીત તિહાં ભૂપાલ, આરીચણ કોડી તણોત કાલ; કરે રાજ્ય કન્યા અભિરામ, કહે હવે અવતરીઓ રામ. ૨૬ ગજ ગામની શશીવદની નાર, શીલે શીતાનો અવતાર; રાજકુંવરી અંતે ઉરી ઘણી, રૂપે અતિ ઘણું રળીઆમણી. ૨૭ તાસ કુંવર સત સુત ઉત્પન્ન, તેહ માંહ ગુણેછે સપન્ન; એક દિવસ નિસી પોઢીઓ રાય, મનચિતવે એહવો ઉપાય. ૨૮ પુત્ર સાવછે ઉછાંછલા, માંહો માંહી ધરે અમલ; લાજ માહરી છે જયાંલગી, તાસ ઘણાં મુજને ઓલગી. ૨૯ રાજ ઘરૂં ઘર કે હું પુત્ર, કોણ રાખશે ઘરનું સુત્ર; એ ચિંતા મોટી મન વસી, કરી બુદ્ધિપર જોઈ કસી. ૩૦ પુત્ર પરીક્ષા કરવા કાજ, ખાંજાં કરંડ ભરાવ્યાં રાજ; નિર્મલ નીર ભરાવ્યાં કુંભ, જેવાં સુજન જિત નિર્દંભ. ૩૧ સકલ પુત્ર તેડયા તેણે ઠામ, બોલાવ્યા ભૂપતિ લઇ નામ; કરો પુત્ર

બુદ્ધિ હીંઆં કાજ,જેમ નિજ કુળને ના'વે લાજ. ૩૨ શ્રેણિક પ્રમુખ ભણે કરજોડ, તાત વચન કરતાં નહીં ખોડ; ભણે ભુપ લીઓ કુંભ કરંડ, કરી મુહાર રાખવી અખંડ. ૩૩ પીઓ નીર વાવરો પકવાન, જાણીશ તમે વાંચ્યા જ્ઞાન; કુવર વશે મન ચિંતા એમ, કોઇ કોહડો પુછે નેમ. ૩૪ દુહા. પુરવ પુણ્ય હુઓ જાસ, બુદ્ધિ તણે અનુસાર; નીરમઝ કબુ વસે, પણ તન તરે વાર. ૩૫ પુણ્ય લગે પૂછ્યા વિના, ઉપજે નવ નવ બુદ્ધિ; વિક્રમરાય નરીંદને, તેણે પરિ પરસા સિદ્ધિ. ૩૬ બુદ્ધિ તણે પર ભાવજે, સસે વિણા સિઓ સીંહ; બુદ્ધિ પસાયે સુગુણ નર, તહ હુઓ અબીહ. ૩૭ ડગ મગ જોય કુંવર સવિ, નવી પીએ નવી ખાય; શ્રેણિક બુદ્ધિ પસાઉલે, ભૂખ તરસ દુખ જાય. ૩૮ ઢંઢોલીને કરંડીઓ, પાડે બહુ પકવાન; વસ્ત્ર ધિકાં તે ઉદ્ધરી, વાવરે પુરૂષ પરધાન. ૩૯ કુંભ પાખતી વીટીઆ, આછાં ચોખાં વસ્ત્ર; નીચોઈ ત્યાં ધંપીએ, નિર્મલ નીર પવિત્ર. ૪૦ ઢાલ કલાલુ તુ સંધ્યા સમયે ભુપા-

લ, તેડી કુંવર ભૂપાલ; પુછે કહ્યું કેમ કીધું,કેમ ખાધું કેમ પીધું. ૪૧ કુંવર કહે સુણો તાત, પણ નવિ જાણીએ વાત; ભૂખે તરસે પવાત, ભૂખે તરસે એ વ્યાપ, કાંઅહ્ય એમ સંતાપ. ૪૨ હાથ જોડી સીર નામ, શ્રેણિક કહે સુણ સ્વામ; ભો-ગવીયું પકવાન નીર, ઠ્ઠીરીઉં તેણે સઘલું શરીર. ૪૩ પુર્વે વાત પ્રકાશ, નૃપ મન કમલ વિકાસ; જાણીઉં બુદ્ધિ નિધાન, સવિ હું મહિપ પ્રધાન. ૪૪ બીજી પરીક્ષા તે માંડે, કુંવરને ખીર જમાડે; છોડી મુકાવ્યા એ શ્વાન, બીન્હી આપ ધાન.૪પ દહ દિસિ કુંવર પાલાણ, બલવંત અતિ સરાણ; શ્રેણિક જિમણ કરેછે, શ્વાનને ધાન કિ ધાલ ધ-રેછે. ૪૬ કુંવરને રાય તેડાવે, અમૃતને વચને બોલાવે; પુછે સયલ ચરિત્ર, ભોજન તણું સુ-પવિત્ર. ૪૭ રાજા ચિંતવે એ નિજમન, શ્રેણિક સમો નહીં રાજન; મતિ મેર હર નર એ જાણ, એહની વરતસે આણ. ૪૮ હોજો દેહ નીરોગ, એહને છે છત્ર યોગ; બીજા પુત્ર નવાણું, તેપણ ઉદ્ધત જાણું. ૪૯ તેહ ધીનિજિ રાજ વિણસે,

લોકને ચિતે ન બેસે; જોએ જાણસે વાત, તોએ કરશે ઉપઘાત. ૫૦ એહ પરે ચિત્ત ધરંત, કુડો કોપ કરંત; નરપતિ કુંવરને ભાસે, જાજાસીઓ રહી ઉપાસે. ૫૧ તું અતિ મોટું એ પેટ, હોયશે ગોવાલુ અનેટ; જાતાં ઢોર તુ રાખે. મેં કહ્યું એ જન સાખે. ૫૨ ધર્યો ધાનડ લોભ, નવી રાખ્યો જિન ક્ષોભ; આગમ તુ પરખીઓ, ભંભા વાવ્ય શીખીઓ. ૫૩ મેલી રત્ન ભંડાર, સોવન કપડ સાર; ભંભા હાથી ધરે જે, વાતુ દેશ ફિર જે. ૫૪ તું નીરલજ નહીં સાન, જમણ કરાવ્યાં તે શ્વાન; સાધિ ધાન જોતે ખાધું, તેમજ ઉપમાન તેં લીધું. ૫૫ કુમર કલાનિધિ બીજા, તુતો અતિ સહેજા; નૃપ કહે અહ્મમન ભાવે, તુડસીઉં પ્રેમ ન આવે. ૫૬ જા તું જો વિદેશ, કરી હમ એહ દેશ; હોસે કાજ જેહ જેવારે, કરસ્યું તેડું તે વારે. ૫૭ દુહા. શ્રેણીક ચિત્તે ચીંતવે, હવે કરવું કેમ; જો દીધું અપમાન નૃપ, તો છાંડું વિસરામ. ૫૮ નૃપ અપમાને જીવીએ, તે જીવ્યું સહી ફોક; માય કુખે ભારજ કર્યો, તેણે નયરી

કહે લોક. ૫૯ પગિયઆણી રજ પાધરી, ફુડી માથે થઇ; રજથી તે હું અધમ નર, નૃપ અપમાને ઠાઇ. ૬૦ જાણી જે આપણ પણુ, લહીએ મિત્ર કુમિત્ર; દેશ વિદેશે હીંડતાં, લહીએ સયલ ચરીત્ર. ૬૧ એમ ચીંતવતો નીસરે, શ્રીશ્રેણીક સુકમાલ; જો તું પૃથ્વી તલ ભલું, જે છે અતિહિ વિશાળ. ૬૨ જાયે વિદ્યા યોગ સવી, જાણે સઘળા મંત્ર; જાણેસ્ત પરી ખવું, પ્રીછે સઘળા તંત્ર. ૬૩ ચોપાઇ. લઇ ખડ્ગને મેલી નગર, વઇરાગ રીપુ હતો તે કુમર; નિશી સુતા સુપનાંતર લહે, ઇષ્ટ દેવતા આવી કહે.૬૪ નદી તીરે છે બે વૃક્ષ, શમી અને બીજું વલી પક્ષ; એ બે વચ્ચે જે ધોળો પાષાણ, રત્ન તે માંહિ જાણો જાણ. ૬૫ એક એક પાહેત સાર, સંખ્યા તે વલી અઢાર; તેહ તણો મહિમા અતિ આણ, એક લગે વિખ ટળીયું જાણ. ૬૬ બીજે નાવે કાર્મ્મણ દોષ, ત્રીજે અન્નપાન ઉપોષ; ચોથે પવર હોય સંતાન, પઢયા વિના પંચમ લહે જ્ઞાન. ૬૭ છઠ્ઠે આગેન આવે રાગ, સત્તમિ સઘળા લઇએ ભાગ;

અઠ્ઠમી રૂપ પાલટ્ટુ કરે, નવમેથી જળ નિધિ ઉ-
તરે. ૬૮ દસમે લઇએ વસુ પરીખ, અગ્યારમે
વિવેક હિત સીખ; અગ્નિ તણો નહીં ભય બા-
રમે, તેરમે શુલ દોષ ઉપ સમે. ૬૯ ધાર બંધ
જાણે ચઉદમે, પનર સગે આવી સહુ નમે; સો-
લમે નૃપ માને બોલ, સતરમેં સ્ત્રીઓ રંગરોળ.
૭૦ અઠારમે દેખે જા ચંધ, સર્વ વ્યાધિના ટાળે
બંધ; મન માંહિ જાણે તું જાણ, વળી એહનું
એહિ નાણ. ૭૧ રત્ન તણા ગુણ પાથરી લખે,
પછે રત્ન માંહિ ઓળખે; લખ્યા સરિપૂરિ સિજ-
ગીસ, અવધિ તેહની વર્ષજ વીસ. ૭૨ એવું સુ-
પન લઈ જાગજો જામ, પોહોતો કુમર જિહાં તે
ઠામ; દીઠો તે તર ધવલ પાષાણ, સુપન તણું
મહ્યું એ ઇધાણ. ૭૩ પાંધર આગલ આવીઓ
ખસી, તે કુમરીએ લીધુ ઉલ્લસી; નઇતર આઘો
સંચરે, ધીર વીર સાહસ આદરે. ૭૪ ઢાલ ત્રી-
પદીનું. ચંપક નાગ અને પુન્નાગ, તાલ મતાલ
ને સરાલ સાગ; ચંદન દીસે નાગ. ૭૫ કરણી
વાલી, જંબીરી, ચંગી, દાડમ, બીજોરી; નારં-

ગી, કેસુ. કુસુમ, સુરંગી. ૭૬ જુહી,જાહી, તણા ઘણા છોડ; નિમ, જાવાયમ, અને અખોડ, દીઠે ઉપજે ખોડ. ૭૭ કેતકિ, વેલ્રી, અને કંકોલ, રાયણ, જંબીરી, ને વરસોલ્ર; નાલીએરી, કેરીનું રોલ્ર. ૭૮ વારૂ, ફોકલ, ને ફણસ, કમર, ખલીક બુદીસે સરસ; વટ, પિપલ્ર, ને સરૂસ. ૭૯ તેણે વને પોહોતો શ્રેણીક કુમાર, રૂપે જાણે રતિવર અમર; ચતુર પણે જેમ ભર. ૮૦ ચાહે ચતુર તે મોટા રૂપ, જેહથી જાશે સઘળાં દુઃખ; ભાગે ખાધે ભુખ. ૮૧ મધુકર, મોર, કોયલ, સ્વરરૂડા રાતા, નીલા, દીસે સૂડા; પ્રેમ ધરે નવિ કુડા. ૮૨ સસા, સૂયર, ને હરણાં, સીંહ, કુમર તણી નવિ લોપે લીહ; હીંડે અકલ અબીહ. ૮૩ પર્વતથી નીજરણાં વાજે, શીતલ્ર મધુરી નીત્રસ સભાજે; વંશ સમીરે ગાજે. ૮૪ ચીંતે શ્રેણીક લીલ્રવિલાસ, ધન યોગ લેજે વનવાસ; સઉ કીજે વારૂ અવાસ. ૮૫ ઢાલબાહુલીનું. એક સફલ તરૂ પેખીયું એ, બેઠો નિચે મને હરખીઓએ; સરખાવિયે રૂપે એ, ભીલી અછે એકું. ૮૬ ભી-

લી કુમરને ચાહીએ, મળવા મન ઉમાઇએ; સાહ્ય કોણ મારી બાંયડીએ. ૮૭ ધન ધન રૂપે યોવને એ, ધન ધન તું એમજ તનુંએ, રત્ન પુરૂષ જુએ મુજ વરે એ. ૮૮ ભીલી રાગ લડાવતી એ, ગજાહયર મલ્હાવતી એ; પારવતી જેમ હુઈ હરને હેઠ લાવા એ. ૮૯ મોર પિછ કેરૂ ચરણુ એ, ચોલી સહિત સોહામણુ એ; બમણુ રાગે રંગ વધારતી એ. ૯૦ આવી કુંમરને પાસે એ, મધુરે વયણે ભાંસે એ; ભાસે એ સાસે એ, વચને રળીઆમણુ એ. ૯૧ કુમરી કહે મુજને વરે રહી એ, એણ મદીર અવસર જોતાં; તુ વર આવીઓ એ. ૯૨ જો નહીં માને મુજ વચણ, કરી તુજસુ જેમ મયણ; નયણુ વિકાસી જોઇ, એમ સુણીએ એ. ૯૩ કહે તું કોણછે નારી એ, એ વનમાં વન ચારીએ; સારીએ દિકન્યા ઉત્તર પુછે એ. ૯૪ એ પલી તુ તરવર તાત, તે અમારૂ સુખ કર્યું એ; દુઃખ હર વિધા કેડ, પરવર્યા એ. ૯૫ રાજ સહિત સહી મુને, એ આપસે તુહને એ; એને વિહેરના નવિ, હરે ભાખવીઓ

૯૬ અમે વિરમ્યા દ્વિઓ દુખંડ, જાણું સઘલા ૨ખંડ એ; પાડું માસ સવા પડીએ. ૯૭ માણસ પશુ વળી કીજીએ, સાપ સીંહ નવિ બીજીએ; લીજીએ મય તણું જીવ હરીએ. ૯૮ વૃક્ષ છેદ કરૂં જેટલે એ, નર કર છેદીએ તેટલે એ; ક્ષેત્ર લવીરીએ, શાકિની જેમ કરીએ. ૯૯ ઘણું પુરે હુવો જે જળ, તરવા નાવા પરિસબલ એ; અબલ અનિલ, મતિ અમે જીપ વાએ. ૧૦૦ સુણિએ વાત નર ચીંતવે, કેમ કરવું ઇહાં કને હવે એ; સંભવે ડાકિણી, કે સીકોતરી એ. ૧૦૧ જાતે એ તો ભીલડી એ, કામ કરવા મેલડીએ; મેલડીએ, સાથે કેમ પહોંચવુ એ. ૧૦૨ આગે જેમ લડીયા એ, ખરી સૂજું પોસીઆએ; લડી એને તર્ત કાઢીઆ એ. ૧૦૩ જો પરણું બાલીએ, મેલો વેશ વિટાલીએ; ટાલી મેહેલે બંધવ અતિ ઘણાએ. ૧૦૪ રત્ન હાથી કરી ચાલીએ, દાવાનલ માંહી માલીએ એ; સાલે એ ભીલી મન દેખી કરીએ. ૧૦૫ હું હું ત્યાંથી કાઢીએ એ, તુને અહીં કોણે કાઢીઓ એ; નાઠી એ બુદ્ધિ સર્વે રાવણ પરે એ.

૧૦૬ અમથીએ અતિશય રૂએ, સકલ કલા સં-
પુરણહુએ; જો રૂવે પુર્વે કીધાં કર્મને એ. ૧૦૭હાહા
કાંઇ મેલવીએ, કુમર ન જાણે જાલવીએ; ચા-
લવી ચિત્ત મારૂં કયાં ગયુંએ. ૧૦૮ જો બોલે તે
મીઠાં વેણ એ, રહે તસ હૈયું નર રચણ એ; રા-
વણ સમુ તુજ વિણએ સહ્યુએ. ૧૦૯ એણે પેરે
શોચ બહુ કરે એ, આરતિ અસુખ પરી હરીએ;
સુંદરી નિજ મંદિર તે સુખે રહીએ. ૧૧૦
ચોપાઇ. આણંદે આધુ સંચરીએ, ગંગાને તટે
અનુસરીએ; નીર પુર ભર્યો દીઠો જામ, શુક વૃક્ષ
એક માડીયો તામ. ૧૧૧ રત્ન તણો મહિમા
મન ધરી, ચડી ગાંઠે ને જલ ઉતરી; વિસ દિ-
વસ જલમાં દેહ રહી, બેન્ના તટ ક્ષેમે ગયું વહી.
૧૧૨ લેઇ કાઠ ઉતરીયા ઘાટ, બેઠો કુમર નગર
જિહાં વાટ; લોક તણા જવ મળીયા આઘાટ,
જંપે જોઇએ ચંદન ઘાટ. ૧૧૩ પરિમલ બહુલ
તણે અનુસાર, ભમરપરે આવે જન ભાવ; કહે
રયું મુલ એનું કહે વીર, બોલે કુવર સાહસધીર.
૧૧૪ એવા બાવનચંદન વૃક્ષ, એહને કટકે આવે

લક્ષ; અધિકાર આઠ્યા અતિ જાણ, માગે બાવન
ચંદન દાણ. ૧૧૫ સોવન લેઇ ચંદન દેઇ, સો-
વન વેચી રત્ન કરે; રત્ન લેઇને બાંધ્યાં પુંઠ,
શુકન તણા હવે જોઇએ સુંઠ. ૧૧૬ નગર સમે
મન ચંપે જામ, જમણું વૃષભ ત્રરૂ કીઉ તામ;
જમણા શ્યાનડાંવિશ્વની, ખર જમણું દેખી સર
સુણી. ૧૧૭ જવ દીઠા પુરના આવાસ, તુજ ઉ-
તરીઆ નીલા ચાસ; નકુલ મોર કરતાં ગેલ,
જમણે હુતે હુવો રંગરેલ. ૧૧૮ પોલ પ્રવેશે
ધોરી ધવલ, રાસે ધરા ધણીઆ તાસ બલ; કમલ
કુસુમ કેરી વર માલ, વન માલણ લાવે સુકમા-
લ. ૧૧૯ હયસુ પલાણ સામો મળ્યો, ચિત્ત
કુમર મનોરથ ફલ્યો; ડાબા જમણા હુઆ ગણેશ,
એવા શુકને પુર કીધ પ્રવેશ. ૧૨૦ રત્નપ્રભા
વિરૂપ પાસટે, વહેવા કુમર ગયો ઝુહટે; પેલે હાટે
ધનાવ સેઠ, કુમર આવતો દીઠો દેવ.૧૨૧તું તે ઉઠયો
ઉકસાહ, કરી ભગતિને લેવું લાહ; ગુણવંતા
તુમે પુરૂષ પ્રધાન, હાટ પધારી દ્યો બહુ માન.
૧૨૨ સાહ સાથે હાટે પહોત્યા, દેખાડે વળી વસુ

બહોત; સુડલ ઢલ પુરીયો એક, બીજે રોહિણી છાલ અનેક. ૧૨૩ ઈંદ્ર જવે એક પુરીઓ ઠામ, કુમર પેખિયો અતિ અભિરામ; કહે શેઠ સુણ સકલ કુમાર, સહુ તુ મ'રૂ જે ઘર સાર. ૧૨૪ વસે કુમર પભણ કહ્યું, શ્રીવંત અમ ઉપર હેત ઘણું; કહો કેણ કારણ એ કીજે, અગ સભાવે જે એ-હવુ અવર દેશ નર માન દીજે; જે કાંઇ કારણ હોય તે બોલવુ સુજાણ, શેઠ ભણ શુણ નિપુણ નર; એ સવિ સુપન પરમાણ. ૧૨૫ ચોપાઇ. ઘરનીસી ભરમેં પહોડચા આજ, દીઠા સુપન અસો નર રાજ; પરદેશી નર આવે જેહ, તુ તેહુ હર્ખે કરી તેહ. ૧૨૬ તેહ થકી તુજ હોશે લાહ, તેને કારણ મુજ માન્યો માંહ; હઇસા ચુકે માયા કરે, ઘરી ચિત્ત આઘો સંચરે. ૧૨૭ ઉરા માંહી જઇ બેઠા, તવ તે જન નૂરી દીઠા; બોલે વચન અમૃત સમ મીઠ, કહુ એક એની રીદ્ધિ અનીઠ. ૧૨૧ શેઠ કહે સુણ તું અભિરામ, હાંસી કરવા નહીં તુમે કામ; આગે નગર લોક મડ નામ, કીધું હાંસી કેરૂં ઠામ. ૧૨૯ નગર રાય આગે ડંડીયો,

કરી ચોર લોકે ભંડોયો; ધણ, કણ, કપ્પડ, ચો-
પડ, ચીર, રાજ ભુવન ગ્રહ્યો સવિ વીર. ૧૩૦
ભણે કુમર મુજ કહું વૃતાંત, શેઠ કહે સુણ થઇ
કાંત; અન્ન દિવસ એણે નગર પહોત, દ્રવ્યે વા-
હાણ પુર્યા બહોત. ૧૩૧ પરદેશીના વાયુ વિ-
શેષ, ચાર ઠામ ગયાં તટ વષિ; ચાર વેચવા
લઇ આવિયા, એણે પરે નરપતિ નવિ જાણીયા.
૧૩૨ ઓછું મુલ્ન કર મઇ લીધ, દાણ ભાગ રા-
યને નવ દીધ; દુર્જનથી એક જાણી વાત, કીધી
લોક માંહિ વિખ્યાત. ૧૩૩ અનુક્રમે રાય લાગટ
ગયા, તુરંગ ઉપર તે સજ થયા; પ્રવહણ સહિત
લીધ સંપુર્ણ, દુર્જનને ઘેર માંડીઓ જંગ. ૧૩૪
પ્રવહણ કેરો કાઢીયો બહાર, રત્ન, હેમ, ભરી-
યા ભંડાર; દીઠા પ્રવહણ કરે મુલ, નગર રાય
મંત્રીસ્વરે સૂલ્ન. ૧૩૫ લીધો શેઠનો અધિકાર,
દીધો પ્રવહણ રાજનો ભાર; દીલ્ન તણો ઉદ્યમ
મેં કરી, ઇહાં આણી તિહાંથી ઉદ્ધરી. ૧૩૬ વ-
રસાદ કાદવ હુઓ એહાટ, આવ્યો ગ્રાહક જાઇ
તે માટ; તીહાં નાખુશી સઘળી થઇ, અણાથી

તે એણે મુક્ત રહી. ૧૩૭ નદી તીરે છ પ્રવહણ પડચા, બહુ દિવસે તેઓ સંચર્યા; નગર લોક એણે કારણ હશે, અધિકાર અધિકેરૂં થશે. ૧૩૮ સુગુણ શિરોમણી મળીયો તું, હવે હર્ખ હુઓ છે બહુ; રખિ કુમર કહે સુણો સાહ, એહથકી તુજ હોશે સલાહ. ૧૩૯ પ્રવહણ વલગી હુઓ તર તરી, તેણે તીહાંથી ઉદ્ધરી; એહનું તે જન નૂરી નામ, ફરી પાષાણ તણું એ ઠામ. ૧૪૦ ભણે ધના વહ તુમથી અધિ, હમો જાણું છું આવે સિહધિ; રસ પ્રભાવે લોહું જેમ, ક્ષણ એકમાં હુઓ હેમ. ૧૪૧ દુહા. સજ્જનને દુર્જણને મલ્યો, નિચ અવગુણ ઢંકત; સોના ઉપર ઘા જેમ, ધરે પીરોજા કાંત. ૧૪૨ દુર્જનને સજ્જન મલે, સામો ઝાંખો થાય; પીતલ સંગમે રત્ન જેમ, ઓછે મુલ વિકાય. ૧૪૩ દુર્જનને દુર્જન મલે, બોલે સામા ફાગ ચકમકને પાષાણ મલ્યો,સામી ઉઠે આગ.૧૪૪સજ્જનને સજ્જન મીલે,સાહ વધારે પ્રીત; દુધ સાથે સાકર મીલે, મીઠી જગ

એ રીત. ૧૪૫ રત્ન માહરાં લઈ તમે, વલી કરૂં વ્યવસાય; ઓલગ અધિ કેરી કરી, હવે મનાવે રાય. ૧૪૬ દેશ અનેક જોવા તણી, મુજ મને છે ખંત; વસતાં આવીસું વલી, તસ ભવ જીસું મન ભ્રંત. ૧૪૭ મન માંહિ અલિ મનોરથ સફલ તરૂવર કેરી ઘાત; કાંઇ કરવા કારણે, જાવાની કહી વાત. ૧૪૮ સુગુણ સરસી ગોઠડી, લાગે પુણ્ય પ્રમાણ; દેવ યોગ મલતાં મળી, નિર વહી નિરવાણ. ૧૪૯ હયડું અમૃતપરે, સજ્જન કેરે સંગ; વિરહ ઉત્પન તેહને, દાહ ઉઠેછે અંગ. ૧૫૦ અમ આગળ મહિમા કહો, એ રજ કેરૂં જેહ; દીન દશ પંચ રહી કરી, દેખાડું સવિ તેહ. ૧૫૧ દારિદ્ર નરને કહે, નવ કો રાંધે ખીર; નર હુઓ તે રજસે, લઇ મુકયું જ્યાં નય નીર. ૧૫૨ નર ઉત્તમ જે આદર્યો, તે નવ ધાએ ફોક; એહ વસ્ત્ર વેચી કરી, લાભ અર્ન લીઓ રોક. ૧૫૩ એવાં વચન સુણી શેઠનાં, કુમર રહી કુર માંય; રાખંતાં જે નવિ રહે, અધમ શિરોમણી

ધાય. ૧૫૪ કુમર કહે સુણ શેઠજી, તું હું રહી કરૂં કામ; જો મુજને પુછો નહીં, માત તાત પુર નામ. ૧૫૫ વળતો કુમર પ્રત્યે ભણે, શેઠ અમૃત સમી વાણ; જેમ કહેશો તેમ કીજસ્યું, મકરો તાણા તાણ. ૧૫૬ હરખે બે નર સહુ કરે, માંહો માંહિ બોલ; સંપ પસાયે જેહથી, નીજ ઘરે હુઆ રંગ રોલ. ૧૫૭ શેઠ ધનાવહ કારડી, બેટી સુનંદા નામ; દાણ તે નીર લઇ કરી, આવે અતિ અભિરામ. ૧૫૮ દાતણના કટકા કરી, હરખે આપે સાહ; ભૂપ કુમર ચિત્ત અસે, એણે વ્યવસાએ લાહ. ૧૫૯ કુમરી ચાહે કુમરને, લક્ષણછે બત્રીસ; ઉદયવંત અતિ દિપતો, વિસાવલીછે વીસ. ૧૬૦ ચોપાઈ. નાનું અથવા મોટું કામ, આરંભ્યું કરવા પરિણામ; સીંહ તણું એ લક્ષણ એક, એક બક કેરૂંછે સુવિવેક. ૧૬૧ ઇંદ્રી કેરૂં સંવર કર કરે, દર્શકાલે કારજ આદરે; કુર્કટ કેરા લક્ષણ ચ્યાર, વેહેલો જાગે એ આચાર. ૧૬૨ કરતો યુદ્ધ ન પાછો થાયે, બંધૂ ભાગ આપીને ખાય; આ ક્રમ તું

સ્ત્રીને ભોગવે, પંચ લક્ષણ વાજસ ભોગવે. ૧૬૩ મૈથુન શેવા છાની કરે, ધૈર્યપણું અધિકેરૂં ધરે; અપ્રમતને કરે વિશ્વાસ, વહેયું રહેવા કરે અવાસ. ૧૬૪ શ્વાન તણા ગુણ છેહ્વા જે, સ્વામિ ભક્ત ઉદ્યમ કીજે; અલ્પનિએ થોડે સંતોષ, ,સદા સૂર જાણે ગુણ દોષ. ૧૬૫ ગર્દભના ગુણ ત્રિહિ સાર, આરોપ્યો સહે સઘળો ભાર; ત્રણ લક્ષણ સંતોષી સદા, તાઢ તાપ ન લહે એ કદા. ૧૬૬ એણે પેરે સાવીસ જે કહ્યા, કુમર માંહિ સઘળા તે લહ્યા; રૂપવંતને સાહસ ધીર, બળવંતો સહી બાવનવીર. ૧૬૭ દુહા. કુમરે કુમરી ઓળખી, લક્ષણવંતી નાર; નયણો નયણ મેલાવતાં, હુવો મનસ વિકાર. ૧૬૮ પેહલું નયણ સલુયણે, વિમલ તે મળીયો મન; મન મળે વયણે મલણ, પછે તન્ને તન્ન. ૧૬૯ ગઈ સુનંદા હર્ષ ભરી, નિજ ઘર જનની પાસ; જાણે આવીસુ ગુણ ભરી, ત્યાં તેડુ આવાસ. ૧૭૦ કળા ક્રોડછે પરવર્યો, રૂપે મયણ અવતાર; મનવાંછિત સુજને મળ્યો, અનુપમ એ ભરતાર. ૧૭૧ આજ મ-

નોરથ સવિ ફલ્યા, મળ્યા સીયલ સંજોગ; લાડુ, ઘેબર, લાપસી, સરસ રસ વતિ યોગ. ૧૭૨ સાકર જે આપણ ઘરે, એક પરદેશી કાજ; રે રે છોકરી ગેલડી, તું મુંકસે વર આજ. ૧૭૩ જે જે રૂપે રૂઅડા, તે તે કેસ્યું કરેશ; હું નહીં વેતું પાયકું, એહ પરૂણા રેસ. ૧૭૪ વળતી જંપે લાડકી, બેટીને સુણ માય; એણે ભવ એ નર કેરડા, વિશ્વાસે વસુ પાય. ૧૭૫ તેહ ભણી મુજ સુખડી, કેરા એ લ્યો દામ; નીપાયે વર વર રસવતી, કરવાને અભિરામ. ૧૭૬ કહે એ વર મુજ સહી કરૂં, કહે મુજ સંજમ માત; અવર પુરૂષ બંધવ સમ, એ સહી જાણું વાત. ૧૭૭ મા બેટી બે બોલતાં, કરે રૂપ સુવિચાર; એણે અવસર ધન પરૂણો, બે આવ્યા ઘરબાર. ૧૭૮ ધણી આગળ ઘરિણી ભસે, બેટી કેરા બોલ; શેઠ કહે સુણ સુંદરી, એહથી છે રંગરોલ. ૧૭૯ બેટિ બુદ્ધિ આગળે, તાત જણાવીયું તામ; મુજ પરણવું પરહુણો, કે સંજમ સંઘાત. ૧૮૦ જાત ભાત નવ જાણીસે, નવિ જાણું જે ઠામ; માત

તાત નવિ જાણીયે, પણછે ગુણ અભિરામ. ૧૮૧
અંગ પખાલે આપણું, શ્રી જીનવર અપેય;
શેઠ કુમર ભોજન કરે, બેઠા વાત કરેય. ૧૮૨
વચન એકાંતે પરહુણો, કરવું સહી પ્રમાણ; મુજ
પુત્રી છે ગુણ ભરી, વરવી તે તે સુજાણ. ૧૮૩
વળતી જંપે કુમર સ્વર, સુણ તું લીલવિલાસ;
આભ કેરી છાંયડી, તે તેહની કેતી આસ. ૧૮૪
વાસન જાણો માહરો, ન જાણો મુજ તાત;
કુળ નવ જાણો માહરૂં કેમ કરો એ વાત. ૧૮૫
સુગુણ સુલક્ષણ સુંદરી, બેટી કુલ સણગાર;
મુજ અણજાણ્યા પુરૂષને, દેવા નહીં વ્યવહાર
શેઠ ધન કહે તુમ સમો,નહીં કુલવંતો કોય; આ-
પણ પુન્ને દીજ કે સુ ગુણ શારોમણ સોય. ૧૮૭
એહ વાત જો માનસો, તો અમે જમશું કાલ;
લગન અપુરવ આજનું, એહછે ભલો વિપા
લ. ૧૮૮ કુમર વાત માને નહીં, કુમરી મુકી
લાજ; નામ ઠામ જોઇયે કસ્યું, કુલક્ષણ નરરાજ.
૧૮૯ ન રૂચી તુમ વિણ અવર નર,સર્વ મુજ તાત
સમાન; દયા કરી મુજને વરો,આદર મુકી માન.

૧૯૦ કુમર કહે રે ગેલડી, એવડી મ કર વાત,
વેશ્યાને બ્રાહ્મણ તણો, કયાં મળે સંઘાત. ૧૯૧
હું પરદેશી પરૂણો મુજસું ઘર વાસ; થિર વાસી
ધન પતી, અવર નર વિરહે વિલાસ. ૧૯૨ આ-
સ્યા પુરો હવે માહરી, હું છું તારી દાશી; દુધ
તણું પલક ભણું, નહીં મણ અધમ છાસ. ૧૯૩
સજ્જન સું ઘડી ભલી, નહીં દુર્જન સું જન્મ;
સુકૃત જો થોડે કીજીયે, નહીં પણ ઘણું કુકર્મ.
૧૯૪ સજ્જન સરસી ગોઠડી, જો કીજે તો સાર;
સોનાનું વાલે ભલું, નહીં મણ લાઢી ભાર. ૧૯૫
જે મન માને તમ તણું, ત્યાં રહીયે રંગ રાજ;
પછી ઘરે જઈ કરી, કરીયે ધાર્યા કાજ. ૧૯૬
શુકન ગાંઠ બાંધી કરી, છાનો કીધો વિવાહ;
સુખે સમાધે ત્યાં રહે, લે ધન યોવન લાહ. ૧૯૭
શ્રેણિક નરપતિ રાસનો, રચિયો પહેલો ખંડ;
સોમ વિમલ અવસર લહી, કહી શું બીજો ખંડ.

૨૯૮ इति श्री सम्यक्य सार श्रेणिक नर राज रासे
वणिकादिक पुत्र परिक्षा करण श्रेणिक देश गमन
रत्न प्रापण विन्नातट गमन सुनंदा पाणी गृहण क-

रण प्रस्ताव शुभगं प्रथम खंड समाप्तणं. १॥

ચોપાઇ. શ્રીમતી ભગવતિ સરસ્વતિ દેવ, તેના ચરણ કમળ વંદેઅ; બીજે ખંડે રચું હું વલી, જે સુણતાં પહોંચે મન રલી. ૨૦૦ કુમર શેઠ બે વ્યવસાય કરે, એક દિન ચોટામાં સંચરે; પડે સાદ સુણીને કાન, ઉભા રહીને સુણે એક ધ્યાન. ૨૦૧ શુક સંબોધન નાયક આવિયો, સવાલાખ બળદ લાવિયો; આ વૃતાંતને હુવા છ માસ, દેવ દિયો શુક વચન વિલાસ. ૨૦૨ અહીં થકી બિજા તટ જાય, તે જનનુ રીજો લીઠે તિણિ ઠાય; તેણે વચને તે નાયક અહીં, લઈ પોઠ આવ્યો ગહ ગહી. ૨૦૩ નયર ધણીને કીધી ભેટ, ભૂપ વિનવે નાયક નેટ; તે જનનુ રીસ ધરે રહ્યો, મુજ મહેલે આવો શ્રીપતિ સોહો. ૨૦૪ નગર રાજા જંપે એહવે, તે જનનુ રીતે મેળવે; નગર સોહક રજે હુવો શેઠ, તે હર્ષે આવ્યો મુજ હેઠ. ૨૦૫ પડહ વજડાવ્યો નગર મોઝાર, બેસી ભૂપ મંત્રી સુવિચાર; તે જનનુરી આપે જેહ, નગર શેઠ નૃપ થાપ્યું તેહ. ૨૦૬ પડહ સુણીને શેઠ કુમાર,

હૈડે હરખ ધરે એણી વાર; કુમર કહે સુણો શેઠ મહંત, તું થા માંડવિયો જસવંત. ૨૦૭ દ્રામ વધારૂં રાઓલીજે, તમારી આશા સફલ સવિ હુવે; વિરામ બાંધુ પાઘડી, ભેટચો ભૂપ સવિ પાઘડી. ૨૦૮ રાઓલી કુમર શેઠ બે જણા, પહોત્યા માન લઇ અતિ ઘણાં; વાજે પડહ કેવો પુર માંહી, રાજા જપે મન ઉલસાહી. ૨૦૯ વિણજારૂ પર દાસી એક, લાવ્યો બલદ વસ અનેક; તે કહે મનવાંછિત એણે ગામ, કહ્યું ભૂપ લેઉ કુણ કામ. ૨૧૦ સોવન, રૂપુ, રત્ન, કપુર, હીર, ચીર, ચંદન, નેપુર; આછી ચોલી અને મજીઠ, પટકી નૂરી દંત અનીઠ. ૨૧૧ કેરમુ મોતી મુગડા, જાતિ અનેક તણાં લૂગડાં; એણ પેર વસ્તુ ઘણી તે કહી, જે જોઇયે તેહ માંય નહીં. ૨૧૨ નગર અનોપમ મોહું સુણી, હું અહીં આવ્યો તુમ ભણી; જુવે અહીં કણ લાભે નહીં, તું જાવાનું કરવું સહી. ૨૧૩ ભણે ભૂપ શેઠ અધિકાર, માંડવીઆ કેરો વ્યાપાર; લેઇ અને ચિંતા સવિ કરૂં, વણજારાની આરત હરૂં. ૨૧૪ રત્ન પ્રભાવ ભૂપ વશ

થયો, ભૂપને વચન શેઠે ગળુ ગળ્યો; તતક્ષણ તેડયો સારથ વાહ, માગુ વસુ મન ધરી ઉછાંહ. ૨૧૫ કહે વણજારો માંહિ ત્યાં કુમર, અમે દીયો તે જનનુરી પર્વર; જે જોઇયે તે માંગો મુલ, નર તુમે થાવો સાનુ કુળ. ૨૧૬ કુમર શેઠ વણજારા સાથ, ચઉટે પહોત્યાં વલગી હાથ; હાટ મોઝાર પહોત્યાં જામ, તે જનનુરી દીઠા તામ. ૨૧૭ દીઠે હર્ખ ધરે અનિવાર, વાર વાર તે કરે જુહાર; સોવન, કુસુમે અરચ્યાં અંગ, હવે પહોત્યાં મનના રંગ. ૨૧૮ અંગ તણી આરતી સવી ટળી, કુમર શેઠ સહુ બેઠા મળી; કુમર જોઇ વણઝાર, કહે મલ્યાછો કાંઈ કુમાર. ૨૧૯ મગધદેશ રાજ ગૃહનગર, રાલ ગુંનજ દીઠાછે દિવર; ભૂપ કુમર રાતાં કરી નેણ, રાજા જંપે એહવું વેણ. ૨૨૦ જાજારે વણઝારા તું, શું કહું અવિચારી હું; રખે ત્યાં અમ વેરી હોય, જાય જ્યાં પ્રસેન જીત સોય. ૨૨૧ જાઓ વણઝારા લાગુ વાટ, બેસસો તુમે ઇણે હાટ; શુંક સંબોધ નાયક કહે ઇમ, એહ વાત હવે કરવા નીમ. ૨૨૨ નાયક પભણે કરૂં

પસાય, હો વસ્તુને કરૂં વ્યવસાય; કુમર કહે નિ સુણું સુ વિવેક, સોમણ સોને ગદીઆણા એક. ૨૨૩ એનું તે જનનુરી નામ, એહ વસ્તુનું મોટું ઠામ; તમે નજાણો એહનો મર્મ, ઉહલી જુવે શુભ કર્મ. ૨૨૪ ભાર એક ત્રાંબુ ગાલીયે, વાલ એક માંહિ ભેલીએ; સાઢ સોલું સોનું તે થાય, કસમલ સઘલું દારીદ્ર જાય. ૨૨૫ નાયક ઉઠી પ્રણમે પાય, તુમે લહ્યો છે સર્વ ઉપાય; દેવદત્ત સૂડે જે કહ્યું, તે સઘલું મેં તુમથી લહ્યું. ૨૨૬. ચંદન, સોવન્ન, રત્ન, પ્રવાલ, માણેક હિરા ચારસુ વિશાલ; ભરી પોઠ આણ્યા છે ઇહાં, લઈ ઉતારૂં તુમ ઘર જિહાં. ૨૨૭. તે જન તુરી આપ્યું અમ, રત્ન પ્રવાલ લીઓ સવિ તુમ; એણ વચ્ચે પરમેશ્વર સાખ, મન માંહિ અંતરમાં રાખ, ૨૨૮. માંહો માંહિ માન્યા મન્ન, ઘનવંતા સેઠ હુઆ ધન્ન; નાયકને મન ચિંત્યુ ફલ્યું, ભેટી ભુપ કહે દુઃખ ટલ્યું. ૨૨૯. નયર મંડણુ એ વેવારીઓ, ભલે કર્યો તે વેપારીઓ; તું ભુપ મંત્રી સર એહ, સ્નેહ ઘણું જિમ પૃથ્વી મેહ.

૨૩૦. વણઝારો ગયો નિજ ઠામ, શેઠ પ્રસિધ વાધ્યો તેણ ઠામ; તુંગ તુરંગમ લીધા સાર, વ્ય-વસાએ પાલ્યો વેવહાર. ૨૩૧. આવી મલીયા ઘણા વાણોત્ર, ધન્ન શેઠ તમારૂ ગોત્ર; અમને આ પો વચન પ્રસાદ, પ્રથમ વિરસેં કરતા વિવાદ. ૨૩૨ પુર્વે લાવરી વાણીઆ, શેઠ ભુયબી હતા પ્રાણીઆ; તે આવીને પ્રણમે પાય, પડયું વરાંસ કરૂં પસાય. ૨૩૩ મંડાવ્યા મોટા આવાસ, સમુહ રતે તીહાં પુર્યા વાસ; દીએ દાન નીત લીલ વિલાસ, યાચક જનની પુરે આસ. ૨૩૪ શ્રેણિક નામ ઠવંતુ ગોપાલ, ભોગ ભોગવે પરમ દયાલ; ઘરણિ સુનંદા સાથે પ્રીત, રતિ પતિ ધરે જેમ રતિને પ્રીત. ૨૩૫ હુઓ સુનંદાને આ થાન, ચક્રવર્તિ ધરે જેમ નિધાન; ત્રીજે માસે ડોહલા ધરે, અભયદાન પુરમાંહે વીસ્તરે. ૨૩૬ સોવન રત્ન જડીત સવા લખી, રાજ કુંવર બેઠો પાલખી; આગળ પાયગ કેરી ક્રોડ, ગાયણ ગાયે કરજોડ. ૨૩૭ ગજવર રાજા તણું હું ચડી, વાજંતે માદલ દડદડી; વરતાવું પુરમાંહિ અમાર,

સફલ જન્મ કરૂં દેવ જુહાર. ૨૩૮ એવો મનોરથ મન ચીંતવે, લાજંતે પતિ વિનવે; તણે તે દુબડી થાય, તેજ વર્ણ તસ શિરથી જાય. ૨૩૯ ગર્ભ ભાવે મુખ આવે મુલિ, ભાગી ભુખ થઇ એક કુલિ; આવે ફેર મુહે ફેફરી, કીસ્યુ કામ તે ન સકે કરી. ૨૪૦ કેમ પહોંચસે મનની આસ, વાત તણો કીમ કરૂં પ્રકાશ; લાજતિ પીત અને નવિ મિલે, જેહથિ સવિ સુખ દુરે ટલે. ૨૪૧ એક દિન કુંમર સુનંદા નાર, દીઠી આવંતી ઘર બાર; આખડતી હીંડતી, ઘણા સાસ મુખે નાંખતી. ૨૪૨ મરવા સરખી દીઠી જામ, ચિત્ત ઉચાટ થયોઅતિ તામ; સાસૂને પુછે તતકાલ, કાંદીસે એહવી વિકરાલ. ૨૪૩ સાસુ કહેજમાઈ સુણ, ગર્ભપાત તુમે નવિ સુણ; મન ડોહલો ન જાણ્યું કસ્યું, છોરૂં યોગી એહ મન કસ્યું. ૨૪૪ શ્રેણિક જંપે પુછયું માજ, લાજે વિણસે સઘળા કાજ; ગઈ સુનંદા પુત્રી પાસ, કહે ડોહલું મન ઉલ્લાસ. ૨૪૫ ભણે સુનંદા સાંભળ માત, ડોહલા ની મોટી છે વાત; જાણું નરપતિ કેરૂં જાત, શિ-

બિકા બેઠી સંઘાત. ૨૪૬ એણે પરે મનની વાતજ કહી, અનુક્રમે શ્રેણિક કુમરે લહી; ચિંતે શ્રેણિક કરી પ્રપંચ, કેઇ પરે મલશે એ સંચ. ૨૪૭ શેઠ ધનાવહે કીધો સાદ, જોઉં વહિમમ કરૂં પ્રમાદ; તુમ બેટી મન ડોહલો જેહ, પુરવો જોઇએ નિશ્ચે. ૨૪૮ જોતાં જોતાં ઉપની બુદ્ધ, સોહિલું હોસે કારજ શુદ્ધ; નરપતિને બેટીને બેટી જાયંધ, તેનું કશું છે સબંધ. ૨૪૯ ભણે શેઠ સુણી કુંમર દયાલ, તેહના લોચન છે વિશાલ; કાંઈ કારણ દેખે નહીં, માને આણ સહુ તસ સહી. ૨૫૦ રત્ન પ્રભાવ નયણ નિરમલા, હોસે જમચંદ્ર મંડલા; લઈ હમણાંને જાઓ શેઠ, છાંટી નિર્મલ કરજ્યો દ્રેઠ. ૨૫૧ વર આ-પે તુમને જવરાય, નવ બીજું માગવું પસાય; બેટી ડોહલા પુરૂ જામ, હવે કરવું નિશ્ચે તામ. ૨૫૨ ભરી કચોલું હુવણ નીર, રાજ ભુવન પો-હતો ધનવીર; નમી ભુપ કહે પુત્રી કીયાં, નામ લઇને તેડું ઇહાં. ૨૫૩ તતક્ષણ સુલોચના કુંવરી, આવે રણ કંતીને ઉરી, બેઠી શેઠ તણા ઉમરે,

છાંડી દ્રદ્ધિ નીરમન રંગ. ૨૫૪ લોચન નિર્મ્મ
લહુ આ તતકાલ, મન માંહિ હરખ્યો ભુપાલ;
ભણે ભુપ મન વંછિત કહુ, જે માગું તે સઘળું
લહું. ૨૫૫ કહે શેઠ પુણ્ય પ્રસાદ, અભયદાન
દેવરાવું સાદ, દસ માંહિ વરતી અમારી, જીવ
દયા સંપદ બારી. ૨૫૬ કહે શેઠ સાંભળ નર
રાજ, કાજ કહેતાં આવે લાજ; ભણે ભુપ ભાખું
નિજ કાજ, નાનું મોટું કરવું આજ. ૨૫૭ બેટી
ડોહલા તણું સ્વરૂપ, સેઠે વિનવ્યું તવ ભુપ, કરી
સજાઈ સઘળી સાર, તેડું સુતા મેલ્યું આ વાર
૨૫૮ ગજવર ચડી સુનંદા નાર, ભુપ સાથે જિન
મંદિર બાર; પહોતી જિનવર પુજા કરંત, હૈયડું
અધિકું હર્ષ ધરંત. ૨૫૯ સકલ મનોરથ પુરા
થયા, ધનશ્રી ધણી હુય તુમે ગયા; સુલોચના
સુનંદા સહી; સરખી જોડી મીલીએ સહી. ૨૬૦
ગર્ભ પોષણ કારણ કરે, ઉસભ વાત મનથી અ-
પહરે, એક દિન શ્રેણિક કરે વિચાર, નામ દીજે
એ અભયકુમાર. ૨૬૧ ભણે સુનંદા જંપુ સ્વામ,
વાસ તમારૂ કહો કુણ ગામ; રાજ ગ્રહના ગોવા-

લિઆ, ધુલે ટોડે જગી જાણીઆં. ૨૬૨ સુખે સમાધે સહુ તિહા રહે, રાજમાન અધિકાર લહે; હવે પ્રસેન જિત ભુપવાન, કહે વેણ સુણજ્યો વિખ્યાત. ૨૬૩ ઢાલ. સલખણીઆનું. શ્રી પસેન જિત ભુપ, રૂપ અનોપમ બેઠયો; સુખ વિલાસે ઘણું એ. એણ અવસર પુર તેણે, આવ્યો નાયક એક; ચરિત્ર પુછયું જેહ તણું એ. ૨૬૪ તુમ બેટા સુ જેહ, તેયન વાણું અહીએ; કહુ કુણ કારણે એ. વલતો જંપે રાય, રત્ન રહે કિમ રાંક તણઘ્ઘર બારણે એ. ૨૬૫ સુણિ સુણિ શુક સંબોધ, એ બુધિ મારી ધરી; તે મુજને ફલીએ. જનમ ન મોહ ન પુત્ર, સુત્ર જેહથીએ; તે કુવચન ગંટી ઉવલીએ. ૨૬૬ પુત્ર નવાણું જેહ, તસવિ ઉદ્ધત એ; વાત કહેને બેસે નહીંએ. કુંમર સિરોમણ સાર, પાર ન જાણું ગુણનોહ, રૂડી તેહ નહીં સહીએ. ૨૬૭ કીધી છે પરખી શીખ, નલોપી કહે; તેણે માહરી એ. મારે કુવચન તેહ, ગયો પરદેશે એ. ચિંત લોક ત્યાંના હરીએ. ૨૬૮ શુદ્ધ કહુ તે પુત્રીની, તમે સાંભ-

હ્યું એહ; બેન્ના તટ ગેહ દેહ દીપતુંએ, તેમેં દીઠું અતિ ભલું એ. ૨૬૯ વલતી બોલે રાય નાયક મંગલ દુધ; કહી નવી જીવને એ. નવિ પહોંચે મન આસ, તાસ અપુર્વ દર્શન; જ્યાં નવિ પામીએ એ. ૨૭૦ તારી પર અનેક; લોકે મોંને મીઠ; વચન ઠારીયું એહ. નાયક જંપે એમ, નિમણે પરે નવ કોય; અમે ધુતારીઆએ. ૨૭૧ તુમ બેટે ગુણ કીધ, દીધ અપુર્વ વસ્ત્ર એક; મન માનતીએ. જવ પુછયું મેં ગામ, નામ જેમ ભાખે ભાખી; કહુ સુ વિચારતી એ. ૨૭૨ સહી તે તારૂં જાત નહીં, અને રૂએ નિશ્ચય; તુમે મન રાવું એ. જો નવ માને એહ, તુએ કકો મોકલું તેહને સહી મેં દાખવ્યું એ. ૨૭૩ જો કદી જુઠું હોય, તુ ગુરૂદેવ એહ; લોપી પાપલીજીએ. આયરી ઉવઝાય, સાધુ સાહ મ્મીર, પ્રત્યનીક પાપ ભાજીએ. ૨૭૪ માત તાતનું લોપ, થાપણ મોસુએ કીધ; પાપ જેટલું એ. જુઠી સાખે પાપ, જો કહું જુઠું અનુસહી; હોજયો તેટલું એ. ૨૭૫ કહે નાયક સુ વિચાર, કુંમર કિસી

પરે કોણે; રૂપે તે પેખીઆ એ. કહે જુવારી ચોર, કહે ધુતારીએ; કેવી પરે તેં પેખીઆ એ. ૨૭૬ જંપે સુણી ભુપાલ, આલ ન જંપીએ; માનું વેણુ અમારડું એ. નયર શેઠની ધુઅ, પરણીતું રયણી રાજ; ભુવન રમે છોરડું એ. ૨૭૭ કરતું અતિ ઘણી લીલ, શીલ પાલતુંએ નાર; સુનંદા સ્યું રમે એ. શાલ દાલ ઘૃત ગોળ, રોલ કરતું એ; ધાન ભરે બેઠો તે જમે. ૨૭૮ મુજ ઘેર સોવન જે, આરયણુ ભંડાર એ; તે મહિમા તુમ પુત્રનું એ. મુજ મન જોતાં રોય, નહીં આનરૂએ; અધિપતિ રાજન સુત્રનું એ. ૨૭૯ નરપતિ બેઠા શુદ્ધ, જાણી સાચી આપ; ઘણી વધા મણીએ. હવે પુત્રને કાજ, નરપતિ મોકલે; ગોધો દોઈ સોહામણાએ. ૨૮૦

દુહા.

ગેહ જમાઈ ન સુણે, એ બિહું અધીકું કોઈ; જાણુ પુરૂષ જો કરે, મોહ જાણવું સોઈ. ૨૮૧ તાત વેણ કુંવર કહ્યું, ઘર જમાઈ હોય; પરદેસીને પરઘરે, ડાહ્યુ ન ફિરે કાંઈ. ૨૮૨ દોય લીખી કરી, પાઠવીઆ ભુપાલ; બેન્નાતટ ત્યાં પહોંચ્યાડચા,

પશ્ચિમ સંધ્યા કાલ. ૨૮૩ અક્ષર શ્રેણિક કુંમર
વરે, જન કહુ કેરા જામ, નેહ ભરે તે ચાંપતાં,
નયણુ ભરિયા જલ તામ. ૨૮૪ નિસિ મોકલવાને
નારને, અમે જાસ્યું અમ ઠામ; હું ને પુત્ર તુમા-
રડો, કહો આવું કોણ ઠામ. ૨૮૫ રાજ ગૃહ પુ-
રવ તણા, અમે છીએ ગોવાલ; ધુલે ટોડે ઘરછે,
જાણે બાપ ગોવાલ. ૨૮૬ પિતા પ્રતે વળતી
લખે, રહે ઉત્તમ આચાર; એક પ્રતે દે સુખડી,
એક પ્રતે દે ગાલ. ૨૮૭ પિતા કેસ્યું અંતર કરે,
આવે વરસ દુઃકાલ; પુત્ર સપુત્ર તે કહ્યો, જે ન-
વિ લોપે શીખ. ૨૮૮ માત તાત સહિ ગુરૂ તણી,
જે છે અમૃત શીખ; જ્યારે લે અપમાનનું, તવ
તે નિશ્ચે છંડીએ દેસ નગર પુરાણ. ૨૮૯ આયુ
સમાપી તુમ તણું, મેં લીધો પરદેશ; પિતા વચ-
ન પ્રતિ પાલતાં, નિશ્ચે હોય વિસેસ. ૨૯૦ પગ
સુખ જુહાર ત્રણ, એક રહિતજ જવ હોય; કાંઇ
ઉણું નવિ પડે, ઇમ ભણે સહુ કોય. ૨૯૧ તેમ
તુમ બેટા સુંવલી, ઓ લીયો ગુણવંત સ્વામી;
દ્વિહાન મુરખ વલી, ઉતાહુ કાકુણ ઠામ. ૨૯૨

એમ લખીને મોકલે, રાય પ્રતિ સુ વિચાર; શ્રી
પ્રસેન જીત વાંચતાં, પામ્યાં હરખ અપાર. ૨૯૩
પુત્ર વેણુની ચતુરીમ, પેખી રંજ્યા ભુપ; સભા
દેખતાં નૃપ કહે, પેખું વિનય સ્વરૂપ. ૨૯૪ પુત્ર
નવાણું ઇમ કહે, આમ ન કરૂં સનાથ; શ્રેણિક
કુમર તેડાવિએ, જોઈ રૂડો સાથ. ૨૯૫ શ્રી પ્રસેન
જિત રાય વર, પુનઃરપિ લખ લિખંત; ઉત્તમ
આહું તહિં પરભવે, ચિતે રાસ ન ધરંત. ૨૯૬
બેટી છે અતિ ઘણી, પણ તુજ સમ નહી કોઇ;
વલી મીલીએ ઘણો, થંભ વિના નવી હોય.
૨૯૭ અણ જોઇતું બહુ મીલે, નહીં જોઇતું એક;
સુગુણ સલુહો નૃપ નર, વિનય વંત સુ વિવેક
૨૯૮ એક પખુ સનેહ પણ, દીસેછે ગુણવંત;
પ્રેમ ધરંતિ નવી થઈ, તસુ કેમ કહીએ સત.
૨૯૯ મુજ મન તુજસ્યો વાધીઓ, પણ તુજને
નહીં સાર; બપૈઓ પીઉ પીઉ કરે, મની ધરે
જલ ધાર. ૩૦૦ દૃષ્ટિ દેખતું આવજે, જો મુજ
જીવને કાજ; લેખ લખીને પાઠવજે, બન્નવટ
નર રાજ. ૩૦૧ લેખ પહોત્યો કુમરને, વાંચ્યો

ધરી સ્નેહ; તાત વેણ મન આણતાં, નયણ ઠુઠા હામ. ૩૦૨ શ્રી શ્રેણિક નર વર કુમર, સોવન કેરા સાર; રત્ન જડીત્ર સોહામણા, નીપાએ સણગાર. ૩૦૩ ભાઈ નવાણું પ્રતે, વહુ વરને વલી તેમ; માત તાતને મોકલે, તીહાં પોહતા જામ. ૩૦૪ તવ તે હરખીઆ, પેખી સવિ સણગાર; જય જય હોજો એહને, ધન ધન એહ અવતાર. ૩૦૫ શ્રી પ્રસેન જિતરાયને, ડીલ થઈ સમાધ; જાણ પુરૂષ જોઈ કહે, એછે વ્યાધિ અસાધ. ૩૦૬ તવ નખર જંપે અસ્યું, સુણ મંત્રિ સુ વિચાર; શ્રેણિકને તેડી કરી, આપુ રાજ ભાર. ૩૦૭ વત શ્રેણિકને તેડવા, ધરી અજાણી સાંઢ; મહિ તે સઘલે મોકલી, ઉતરી જઈ માંઢ. ૩૦૮ તાત તણે શ્રીરાગનું, શ્રેણિક સુણી ઉચ્ચાય; નારી સુનંદાને કહે, તેડાવે પછે બાપ. ૩૦૯ શીખ ધનાવહ સેઠની, આણવિનય અંગ; એમ કહીને ચાલીઓ, પોહતો નીયમ નિરંગ. ૩૧૦ શ્રી પસેનજિત રાયને, મલીઓ પોહતી આશ; રાજ ભાર સવિ સુંપીઓ, જંપે લીલવિલાસ.

૩૧૧ તાત તુમારે ધર્મનો, મન હોય હર્ષ; તે
સ્થળુ તુમે પુરજ્યો, છાડી સીયલ અમર્ષ ૩૧૨
શ્રી પ્રસન જિત ચીંતવે, મહામંત્ર નવકાર; શા-
રણ અપુર્વે પડાવજે, અરિહંતાદિક ચ્યાર. ૩૧૩
જીવ ચોરાસી લક્ષ જેહ, તસવિ મીત્ર સમાન;
ભૂપતિ નિજ મન ચીંતવે, અતિ આણી શુભ
ધ્યાન. ૩૧૪ પુરૂં પાલી આઉખું, ભૂપ ગયા દેવ
લોક; શોગ સંતાપ કરી આ ઘણાં, રાજ ગૃહ
પુર લોક. ૩૧૫ પ્રેત કૃત્ય સઘલા કરી, શ્રી શ્રે-
ણિક નર નાહ; ઉત્સવ અધિકેરા કરે, મંડે દાન
પ્રવાહ. ૩૧૬ વસ્તુ. હવે નિસુણુ સુણુ સેઠ ધન-
ગેહ; શ્રેણિક ઘરણે જોય પુત્ર એક સોભાગ સું-
દર; દાણ માણ ઓછવ ઘણા કરે મંગલ મનો-
હર, અશ્વવિ કર્મ સવિ ટાલે દિવસ હુઆ જ
વ બાર, સજન પુછી નામ તસ ઠવીઓ અભય
કુમાર. ૩૧૭ કુંમર વાધે વાધે બીય જિમ ચંદ,
ઈંદ્ર પરી રૂપિ વર અઠ વરસ તસુ જામ હોય;
તામ સુ ગુરૂ પાસે રહી સયલ ગૃંથ બહુ પરે જોય
બાલક માંહિ રમતુ કોડીઓ બાલક એક, સગા

સણીજાં તેહના તતક્ષણ મિલ્યા અનેક. ૩૧૮
તેહ ભણે ભણે સુણી નતુ બાલ બાપ વિના કોણ
ઉપરે બાલ સાથે કલહ કીજે, એમ સુણીને કું-
મર વર વર ચિત્ત ખેદ અધિકું ધરજે; ઘેર
જઇને પુછયું માત કોણ મુજ તાત; નામ કહે
શ્યું વલતું કહીએ સુણી તુમ પુત્રજ વાત. ૩૧૯
તાત તાહરૂ તાહરૂ એક પ્રાદસ વાસી નર વર
આવીઓ તાસ સાથે મેં કીદ્ધ રંગ, તુજ આધાન
રહે થકે ને હુઓ નિજ ગામિ ચંગહ; ગામ ઠામ
જબ પુછીયું તવ મને કહ્યું, એ મારાજ ગૃહ
ગોવાલીઆ એ નહીં જુઠું નીમ. ૩૨૦ ભણે
કુંવર સુણને તું માતા તાત જિહાં તિહાં જાવું
એહ વાત નિશ્ચે કરેવા, રહે પુત્ર માતા કહે કર-
સું કાજ મન મતિ ધરવા; શેઠ ધનાવહ પુછિયું
કીધ સજાઈ સાર, રથ બેસી માત સહિત ચાલ્યા
અભય કુમાર. ૩૨૧. ચોપાઈ.

કેટલા દિન સુખ વાટે વહ્યા, રાજ ગૃહ આવ્યા
ગહ ગહ્યા; ઉદ્યમ અપૂરવ માંહિ જાય, રથ રાખી
જંપે સુણને માય. ૩૨૨ હું જોઈ આવું પુરસ્વ

રૂપ, અહીં રાજ કરેછે કોણ ભુપ;કહે જનની જા-
જે નગર માંહિ, ધુતારા જ્યાં ધરે બાંહિ. ૩૨૩
કહે કુંવર માત સુણિને બોલ, મન માને સ્યા
રીતનું ટોલ; એણે પુરે જાતાં છે રંગ રોલ, જેણે
મુજ મલીઓ તંબોલ. ૩૨૪ કહે કુંવર પહોંચું
જામાંહ પોલ, તવ કુંભ ભરી કુંકમ તણે રોલ;
અખ્યાણું શ્રી બાલક ધરવા, કહે આવું આવું
રંગ ભરવા. ૩૨૫. શુભ શુકને પુર પ્રવેશ,
એણે અવસર શ્રી શ્રેણિક નરેશ; ચિંતે મન માં-
હિતા સુ પ્રપંચ, એ કેછે ઉણાંસ્યાં પંચ. ૩૨૬
તસ ઉપર નાયક એક કોય, સહી કરવું સજજન
સુગુણ હોય; પરિક્ષા કારણ જોએ ભુપ, બેઠો તે
સુકો જ્યાં કુપ. ૩૨૭ કર વીટીં મુકી તસ માંહે,
કહો પહેરો જન મન ઉછાંહ; જે પહેરે કાઢી રહ્યાં
વલી, તે માંહિ તુ થાપું સહુ મલી. ૩૨૮ તે તણે
ઠામે મળીઆ લોક લક્ષ, ટગ મગ રહ્યાં ચાહે જે
દક્ષ; નવ કહે ને સૂજે કાંઈ બુદ્ધિ, જેણે પેરે કાજ
હોય સિદ્ધિ. ૩૨૯ તેણે ઠામે પહોત્યો કુંમર રાય,
એમ ચિંતવે લોક ઉપાય; શા કારણ મળીયું ન-

ગર લોક; હરખી તમો દીસે નહીં સોક. ૩૩૦ તવ પુછયું કુંમરે પુરૂષ સાર, કોણ કારણ નરપતિ સહ પરિવાર; આવી બેઠો એણે ઠામ, વલતું જે જંપે સુણું સ્યામ. ૩૩૧ એણે નગરે શ્રી શ્રેણિક નરિંદ, તસ ઘર માંહિ તાનું છે વૃંદ; તેહ ઉપર કુપતિ તણે કાજ, એ ઉપાય રચીઓ તેણે કાજ. ૩૩૨ એણે પરે તેને કીધી સકલ વાત, પુર માંહિ હતો વિખ્યાત; તવ જંપે કુમર સુણિને સાહ, કર મુદ્ર પહેરી લીઓ શાહ. ૩૩૩ તું જેને વીનવે નગર નાહ, પરદેશી કહેછે ધરી ઉછાહ; બુદ્ધિ કરી પહિરૂં મુદ્રડી, રાય વેણ ન લાગે ઘડી. ૩૩૪ તેણે સેઠ જરા વીનવો, સુણી સ્વામી દેસાં તરિ નવો, ન જપે જો મુજ કહે દેવ, કર મુદ્રા પહેરી કરૂં સેવ. ૩૩૫ તે વેણ સુણી શ્રેણી નરેસ, કરૂં કાર્ય મુજને દીઓ આદેસ; તવ ભુપે હુંઘર બોલાવીઓ, પ્રણમીને આગલ આવીઓ. ૩૩૬ કરજોડી જંપે સુણ નરેસ, કરૂં કાર્ય મુજને આદેસ; તવ ભૂપતિ ભાખે કુમાર, કર મુદ્રા પહેરી કર વ્યાપાર. ૩૩૭ તે આવી બેઠો

કુપ પાસ, માંહિ મોટો નાંખ્યો મણુ રાસ; અધ
ત્નલ તું પુલ્તુ કરી એક, માંહિ મુકે મન મતિ
ધરી વિવેક. ૩૩૮ તતાપે સુકું છાણુ જામ, તવ
નીર ભર્યો રૂપ તામ; તે વરતુ છાણું આવ્યું
તીર, તતક્ષણ લીધું સાહસ ધીર. ૩૩૯ રાજ
મુદ્રા પહેરી મન રૂલી, તવ ભુપ તણી આરતિ
સવિ ટલી; સવિ મંત્રી માંહિ મુલગુ, મેં થાપ્યું
સહુ ઉલગુ. ૩૪૦ કહે શ્રેણિક જપુ કુમર નામ,
તુમ વાસ તણું તે કવણ ઠામ; કહે અમે બેના તટ
રહું, તે નગર રૂપ જે સહું. ૩૪૧ કહે ભુપતિ
ન વસે તેણે ઠામ, શેઠ એક ધનાવહ તેણે નામ;
તસ પુત્રી સુનંદા ગર્ભવતી, એહ ભરતરે તીહાં
મુકી હતી. ૩૪૨ તસ સુદ્ધિ કહું અભયકુમાર
રાજ, ત્યાં આવ્યું છે સુણીને રાજ; તે ભુપતિ
કહે તસ્યું અમ કાજ, તુ મીલસે તુમને સહી
આજ. ૩૪૩ તસ જઇને તું તેડી આવ, તુ જપે
કુમર મન ભાવ; મેં મેલી મલ્યુ તુમ તેહ, મુજ
સાત અછેની રોગ દેહ. ૩૪૪ પ્રણમીને ભાખે
કુમર વાત, એણે નગરે આવીછે મુજ માત; તે

સુણીને ભૂપ આણ દીયા, તેડીને નિજ ઘર આ-
વીઆ. ૩૪૫ પુણ્યે કરી મળ્યો સકળ સંજોગ,
સુખ વિલસે ભૂપતિ ભલે ભોગ; નૃપ ઘરે હુઓ
સ્વગાંન, યાચકને દીજે સબલ દાન. ૩૪૬

દુહા.શ્રેણીક નરપતિ રાસનો,રચીઓ બીજોખંડ;
સોમ વિમલસુરી અવસરે, કહે ત્રીજો ખંડ. ૩૪૭

इति श्री सम्यक सार श्री श्रेणिक नर राज रासे शुक संवधित, नायका गमन, भूपति मिलन धना वह श्रेष्टि पदा धिकार वलन, ते जन नुरी वच दर्पण, सुनंदा गर्भ धारण, प्रसेनजित भूपाळ कारित गमन, राज्य प्रापण अभयकुमार पुत्र प्रस्यना, सापन लेख शाळा पठन, समाचक राज गृह गमन, स्वबुद्धा मुद्रिका कर्षण, प्रापु सकल मंत्रीश्वरा धिकार, पद लंभन सुभंग, द्वितीय खंड संपुर्ण.

દુહા. વિરજિનેશ્વર ચરણકમલ, કહેવાશે એ ઢાલ; ગોયમ ગણહર રાય પાય, સરસ્વતિ દેવી વિશાલ. ૧ શેવિ સહી ગુરૂ ચરણકમલ, ભાવે વંદે શ્રી શ્રણીક; નર રાય રાસે કરૂં, ત્રીજો ખંડ આધુનિક. ૨ ભવિયણ ભાવે સાંભલો, ધ-

રીય ધ્યાન અખંડ; ધ્યાન નવિ તમે ચુકતા, સજ્જન ત્રિજે ખંડ. ૩ મહારાય ચેડા તણી પુ- ત્રીઓ છે સાત, પભાવઇ, પુમાવઈ, બહુ ગુણી, વિખ્યાત; જિઠ, સુજિઠ, સુમિ ગાવઈ, શેરી, ચિલણાદેવી, શિવાદેવી, સંબંધ એહ બાલુ સં- ખેવિ. ૨ પરણી પંચે પંચ ઠામ નરપતિને ગહિ, સુજેષ્ટાને ચિલ્લણા કુમરી વર દહિ; એકવાર એક તાપસ અંતપુર આવ્યો, કુમરીએ નિજ ધર્મ ભાવે તેને બોલાવ્યો. ૩ તેણે ખર દેતાં ચિંતવે મનસ્યું ધૂતારી, હું પરણાવું એહને જિહાં બહુ નારી; કુંવરી રૂપ પદી લીખી પહોતા રાજ ગૃહી, જોઇ અવસર તે ગઈ રાય રાજ ગૃહ્યો પદ રૂપ દેખી કરી નર વર એમ બોલે કહી. ૪ તાપસ કવણ રૂપ અમરી તોલે, જંપે સ્વામી સુણીને રાય ચેડાની ધૂઅ; એહ રૂપથી છે ભલી, જેવું સુખ હોય. ૫ પેખી રૂપને સુણી નામ નૃપ કામે પડીઓ, બુદ્ધિ પૂછવા કારણે મંત્રીસરે તેડયો; અભયકુમારને કહિ ભૂપ રાય ચેડાની પુત્રી, મુ- જને તું પરણાવિ પુત્ર પરી રૂડી સુત્રી. ૬ મુજ

તાતને ન ગણું મીનમેખ, લેખ પહોતે કહે ભૂપ સુણિ સુણિરે દૂત; તુજ મંત્રીસર રાયને, વલગ્યું છે ભૂત. ૭ લોક માંહિ એછે રીતી વરે વર કન્યાય, વરજે કન્યા વરજને વર એ તુ છે અન્યાય; જા જઇને તું વિનવ શ્રી શ્રેણિક રાય, એ મુજ કન્યા નહીં દીઓ, મકરસ્યો ઉપાય. ૮ દૂત જઇને વિનવે સુણી અભયકુમાર, એ પરણુવા તણી ઇચ્છા મન કરો લગાર; દૂત વેણુ તે સાંભલી શ્રેણિક ભૂપાલ, આસ રહિત મન ચીંતવ્યું થયું સહુ વિસરાલ. ૯ મકરસ્યો આરતિ તાત તું એ ચિંતા મુહ, તેમ મેં કર્યું સહી સ્વામિ જિમ પરણે તુંહ; ગયો વિસાલ નગરમાં જે શ્રી અભયકુમાર, રાય ભુવન માંડી હદ પોલ વ્યવહાર. ૧૦ શ્રી શ્રેણિક નરરાય રૂપ પદે તકાર, હાટે બેઠો કરે પૂજ બહુ ભાતે સાર; રાજભુવન માંહિ થકી વૃતઘો લેવા આવે, સુજેષ્ટા કુમરી તણી દાસી બોલાવે. ૧૧ કહીને શેઠ એ કવણુ રૂપ તું અહ નિશિધ્યાય, અભય કહે અમ નૃપ તણું જોતાં દુઃખ જાય; દાશી ચિતે ચીતમાં કે

સુરવર કીંન્નર, રૂપ અનોપમ નયણ મયણ આ-
ણંદણ વયર. ૧૨ જોઇ રૂપ પાછિ વલી પહોતી
ઘર સાસુ. જ્યેષ્ટાને કહે દાસિ સુણિ સુણિ ઉ-
લ્લાસ; પરદેશી છે શેઠ એક તે માંડી હાટ, બેઠો
પુજે એક રૂપ જ્યાં નૃપ ઘર વાટ. ૧૩ સ્વામિને
નથી તેહ સમજ ગમે રૂપ, મેં પુછયું એ કેવું
રૂપ તે કહે અમે ભૂપ; સુજ્યેષ્ટા સહીને કહે ક-
હેજે તું લાવી, સખી જઈ અભયડ કહુ માગે
શુભ ભાવિ. ૧૪ પટ લઇ પહોતીય જ્યાંમ
સુજેષ્ટા જોય, સહી સખી એ રૂપને તોલે નહીં
કોય; કે પરણું હું એ રાયકે સંયમ ભાર, અવર
રાય બંધવ સમા જે રૂપે પવાર. ૧૫ સખી કહે
ઉતાવલી કાં તુમ થાય, એહ શેઠને પુછસ્યું એ
જેમ દુઃખ જાય; પટ્ટ રૂપ લઇ કરી જાય સહી
એક, પહોતી અભયડને કહે સાંભલ સુવિવેક.
૧૬ મુજ સ્વામિનિ તુજ રૂપને પરણવું વંછે,
એહ વાત સહી તુમ થકી હોસે પછે; તેહ તણો
કરવા ઉપાય જેમ કાજ સીજે, એહ વેણ સુભ
સાંભલી અભયડને રીજે. ૧૭ કહે અભયડ ક-

રવી નહીં એ ચીંતા કસી, જેમ હોસે કાર્ય જો
સિદ્ધ પરે કરી વાત સી; અમુક દીનને અમુક
વેલા તુમે જો જો વાટ, દેઇ સરંગને આવશું,
જ્યાં છે તુમ ખાટ. ૧૮ એણે પરે સહીયર સાથ
સંચ સુધા તે વિરચી, પહોતું રાજ ગૃહ પરે
મોટું સુ પ્રપંચી; કરી સુરંગને તેણે દિવસ શ્રે-
ણિકભૂપાલ, સુલસા પુત્ર બત્રીસ સાથ પહોતો
સુકમાલ. ૧૯ સુજ્યેષ્ટા કુમરી જાગ્ર પેખી તેડી
આવુ, ચિલણાવય રૂપ સરખી રયણક એ વામુ;
લેવા રહી સુજ્યેષ્ટા કુમરી, જવ આવી ત્યાં
ચિલણા રૂપકારિ અમરી. ૨૦ શ્રેણિકને સ્વામી
કહે સુણું સ્વામી આજ, હવે ઘેર કયારે હું જઉ
સીધ્યું કાજ; રથે બેસારી ચાલીઆ તે સુરંગ
મોઝાર, પુછે રયણુક રંડ સહિત આવી તે નારિ.
૨૧ જવ દેખે તિહાં નહીં કોઇ તવ જંપે વિલ
વિલખી, રે રે ચિલણા કયાં ગઇ મુજને ઉવેખી;
રોઇ ગણુંને સલ તલે તલપાપડ થાય, મુજ મુ-
કીને ચીલણાએ એકલડી જાય. ૨૨ જાણી સ-
હીયર દાસિ સકલ કોલાહલ કીધું, જાણી ચીડે

રાય વાત વીરંગ કનૂંધું; જઇ મલ્યો સુરંગ બાર નાંખ્યું એક બાણ, સુલસા પુત્ર બત્રીસ તિહાં છંડાવ્યા પ્રાણ. ૨૩ સબ પડ્યાં સુરંગ બહાર આધું ન જવાય, વીરંગ કજીપી કરી નિય મંદિર જાય; સુજ્યેષ્ટા મન ચીંતવે એ મુજથી પાપ, ચારીત્ર લઇ તપ કરે તેણે તાર્યો આપ. ૨૪ શ્રી શ્રેણિકને ચીલણા સુખિ વાત કરંત, સુજ્યેષ્ટાનું નામ લઈ નૃપ રંગ ધરંત; લઘુ ભગિની હું તેહની મુજ ચ્યિલણા નામ, નૃપ ચિંત્તે ફોક નવિ થયો નેટિ સીધું કામ. ૨૫ શુભ દિન શ્રી શ્રેણિક નરેસ પુરો કર્યો પ્રવેશ, કર્યો ગંધર્વ વિવાહ સાર મન હરખ વિષેશ; નાગને સુલસા સાંભલો સુત કેરો ઘાત, બત્રીસે અતિ રૂપ ગણિ કરી વિખ્યાત. ૨૬ ઢાલ. અશાડ ભૂતિના રાસનુ વિષયને ગાંજે એ, પુત્ર મરણ સુલસા સુણીરે; મન દુઃખ ધરે અપાર, શોક વારે આવિઆરે, શ્રેણિક અભયકુમારોરે. ૨૭ અભયડ એમ ભણે, સુલસા અથિર સંસારોરે; દુઃખ નવિ કીજે, ધરે ધર્મ વિચારોરે. ૨૮ અભયડ નાગને સુલસા એમ

ભણે, અમ હું તું આધારરે; અમવડ પણ કોણ પાળશે, સુસયળ સંસારોરે. ૨૯ અભયડ ચીંતવી અને રૂડું,અને અનેરૂં હાય ઉચલી; આ તેથી હુઓરે, થિર ઉચલીઆ તજો એ. ૩૦ અભયડ અભયકુમાર એણી પર ભણે, સુલસા મકરૂં શોક; જન્મ હુઓ તું મરણછે, એમ કહે સઘળું લોક. ૩૧ અભયડ અભય તણા પ્રતિબોધથી, છંડયો સઘળો શોગ; ધર્મ પસાયે જીવને, સુસ સંયોગોરે. ૩૨ અભયડ. ચોપાઈ. શ્રેણિક રાજ કરે આપણું, ચિલણાસ્યું સુખ વિલશે ઘણું; ચિલણાને હુઓ ઓધાન, અશુભ દોહલા મેલું ધાન. ૩૩ ગર્ભ ભવે મન એવું વસ્યુ., પીચ રંગત રાય મંશ રયું; એક દોહિલું કહિને આવે, તેમ ચિંતાએ દેહજ દહે. ૩૪ એક દિન રાય આગળ સંચરી, દીઠા કશને ચીંતા તુરી; દાસી પાસે પૂછાવે રાય, સ્યું કર્યું જોઇએછે કાજ. ૩૫ બાઇ કેવી વાત કીજે, રાયમંસ કહો કેમ ખાજે; મુજ અરીએ એકાંત વિચાર, ઉપન્યો વેર વાલવા બાપનું આ વાર. ૩૬ તવ દાસી કેજે રા-

યને, તુમ મંસ દોહિલું છે એહને; રાય તેડાવે અભયકુમાર, એકાંતે કહ્યો સવિ વિચાર. ૩૭ બુદ્ધિ કરીને સાધ્યું કાજ, હરખ્યા શ્રી શ્રેણિક નર રાજ; ગર્ભ સંબંધછે સુ પ્રસિદ્ધ, તેણે અહીં વિસ્તાર ન કીધ. ૩૮ નવ મસવાડાને દીન સાત, પહોતો શુભ લગ્ને સંજાત; તેજવંત સૂરજની પરે, અંધારે અજવાલું કરે. ૩૯ પુત્ર જનમ જાણીને દેવ, મુખ અણ જોઇ નખાવિ ખેવ; તવ દાસી લેઇ ગઇ વગ માંહિ, મૂકયો અશોક વૃક્ષની છાંહિ. ૪૦ દાસી નાંખી પાછી વલી, ધસમસતી ને ઉતાવલી; શ્રેણિકરાયની દ્રષ્ટિ પડી, ગઇ હતી કયાં રહે તું ખડી. ૪૧ દાસી જંપે પ્રણમી પાય, સુણ સ્વામી શ્રેણિક નરરાય; ચિલણાદેવી પુત્ર જાઇઓ, મુજ પાસે બાહાર નંખાવિઓ. ૪૨ સુણિ વાત શ્રેણિક નર નાહ, લેવા જાય ધરી ઉછાંહ; અશોક હેઠે શશિ સમ પેખીઓ, રાજા હૈડે ઘણું હરખીઓ. ૪૩ ચંદ્ર તણી પરે તે દિપંત, કર લઇ ચાલ્યો મહંત; ઘરે જઇ વણા દેઇ, કહે નારીએ આણ્યો સીદ.

૪૪ ભણે ભૂપ તું પાપિણી, પુત્ર ડેડકો પરે સા-
પિણી; કાણું ને પાંગલું, નવિ છાંડે જાય રાં-
ધલું. ૪૫ શ્યામ ગર્ભથી કહે તુમ તણું, મંસ
ભક્ષણ એણે કીધું ઘણું; તે જાયું કરશે સંતાપ,
પતિ વયરી હણતાં નહીં પાપ. ૪૬ સ્ત્રી કેરો
સ્વામી એ ધર્મ, એણી પેરે રહેતાં લઇએ
શર્મ; પતિ વચન થકી આદરે, સર્પ દુધ પાવું
મન ધરે. ૪૭ અશોક હેઠે શસિ સમ અભિરામ,
દીધું અશોક ચંદ્ર તેણ નામ; આંગલડી કરડી
જેણે, બીજું નામ કોણ કહે તેણે. ૪૮ વૃદ્ધિવંત
તે હુઓ કુમાર, કળા બહોતેર વિવિધ વિચાર;
થોડા દિવસ વનમાંહે અભ્યસે, તેમ તેમ શ્રેણિક
મન ઉલસે. ૪૯ ચિલણાદેવિ તણા સુત દોઇ,
હલ્લ વિહલ્લ નામે વળી હોઇ; એ સંબંધ કહ્યા
એટલે,સાંભલતાં સવિ દુઃખ તે ખલે.૫૦ શ્રેણિક
રાણી ધારણી, ધરે ગર્ભ શુભ મતિ ધારણી; ગ-
જવર તણું સુપન તે લહે, મેહ તણું દોહલું મન
વહે. ૫૧ દેવ પ્રભાવે અભયકુમાર, દોહદ પુર્ણ
કરે સુવિચાર; પૂરે દિન સુત જાયો સાર, નામ

થાપ્યો મેઘકુમાર. ૫૨ વાધે કુમર રૂપ ગુણવંત, સીખી કલાને ધર્મ અનંત; નંદિ ખેણ દુરવ ભવ તણું; સુણુ ચરીત્ર દાને ફલ ઘણું. ૫૩ પૃથ્વી ભૂષણ નરયણ પવિત્ર, વસે વિપ્રત સુ ભલું ચરિત્ર; લક્ષ વિપ્રનું ભોજન કરે, નિર્મલ ભાવ સદા તે ધરે. ૫૪ કર્મ કરેવા જાઇએ દાસ, પુરૂષ એક તિહાં માગે ગ્રાસ; તે કહે અહીં કોણ તું રહ્યુ, ઉગરનું અન સઘલું લહ્યુ. ૫૫ દાસ કર્મ કરનું તેર હરે, ઉગરનું અન સઘલું લહે; તપીઆ સાધુ મતે તે દઇ, દાને અશુભ કર્મછે દેઇ. ૫૬ કરીઆ યુદ્ધ રૂંતદાસ, દેવ લોક ગયો લીલવિલાસ; દેવ ભોગ ઉત્તમ ભોગવી, શ્રેણિક પુત્ર હુઓ તે ચવિ. ૫૭ નંદિખેણ તસ દીધું નામ, વાધે કલારૂપ અભિરામ; લક્ષ ભોજી બંભણ તે મરી, પાંચ સાત ભવ ભૂડા કરી. ૫૮ વનમાંહે છે એક હાથણી, કુખે ઉપનું તાતહ તણી; હાથીણી દામની ચિંતવે એ સ્યું, પતિ સુત હણસે કરવું કસ્યુ. ૫૯ હાથણી તાપસ આશ્રમે ગઇ, તાપસ પ્રણમે નીચી થઇ; કરી સાનને એહવું

કહ્યું, મુજ પુત્ર જીવી તુમથી લહું. ૬૦ ઇહાં આવીને પ્રસવજ કરે, એ ચિંતા મનથી પરહરે; યુદ્ધ થકી તે અલગી પડે, પતિ દ્રષ્ટિ સંધ્યાએ ચડે. ૬૧ અનુક્રમે પ્રસવ સમય આવિયો,ઉડવલે જઇ કરવા જાઇઓ; વલી યુદ્ધ માંહિ ભલી થઇ, દિન દિન પાલે આશ્રમ જઇ. ૬૨ તાપસ પાલે છોરૂં પરે, નદી તીર જલ ગલ જે કરે; ભરી સુંઢ રાખી વન સિંચે, સેચનક નામિ તેણ તસાદે. ૬૩ દિન કેતે યુદ્ધાધૂપ મુઓ, તેહને ઠામે સેચનક હુઓ; કરી ચિંતામાં એ હવી, તાપસ આશ્રમથી એ હવી. ૬૪ કો કરણી વલી એણી પરે કરે, એહ ઠામ હું ભાંગુ સીરે; આશ્રમ ભાગ્યાં તાપસ તણા, જેહસ્યું પ્રેમ હતા અતિ ઘણા. ૬૫ તાપસને મન ઉપની રીસ, તેમ કરવું જેમ પાડે ચીસ; જઇ શ્રેણિક નરપતિ વિનવ્યું, સ્વામી હાથી એક છે નવું. ૬૬ લાભે ભૂમિ જાસ સપૂગ, જસુ ઘરે હુઓ તસુ લક્ષ્મી રંગ; રાય બુદ્ધિ કરી આણીઓ, બંધન બાંધ્યું તે પ્રાણી-

એ. ૬૭ તાપસ આવી કરીને કહે, કાં મુખ નિજ મન દુઃખ વહે; જો કીધુ તે જાણ્યું નહીં, તે તે બંધન પામ્યો સહી. ૬૮ હસ્તી સદા સુખ તિહાં રહે, એક દિન મદ ભર તસ સરિ વહે; પાડે ગઢ મઢ મંદિર પોળ, કંપાવે સવિ ચહુટા ઓલ. ૬૯ કરે ઉધત કોણ ન ઝાલે, નંદીખેણ તસ જોવા જાએ; દેખી કુંવર કરી જાગીઓ, પૂર્વ ભવ સંબળો જાણીઓ. ૭૦ તતક્ષણ મદ ભર સઘળુ ગયું, નંદિખેણને આવી મળ્યું; જોયુ તેહ તણું પરમાણ, નંદિખેણની માની આણ. ૭૧ પટ્ટ હસ્તી તે કરી વર કિધ, બીજી રાણી તણા પ્રસિદ્ધ; કુમર કલાદિકછે ઘણાં, ભોગવે રાજ કીસી તસમણા. એણે અવસર પહોતા વિહરંત, વર્ધમાન જિનવર ભગવંત; સુપરિવાર શ્રેણિક નર રાય, જઈ જિનવરના પ્રણમે પાય. ૭૩ જગદાનંદન જગદાધાર, વિખય મહાદેવ તું જલ ધાર; તુમ વંદે દુઃખ દુર્ગતિ ટલે, તુમ શેવે સુખ સંપદા મલે. ૭૪ રાગ ભૂપાલના ગીતનું, મન મલ્યું મુજ વીરસ્યુંરે, જેમ જો દુધે નીર; સુતાં

બેઠતાં ઉઠતાંરે, મનવચને તું વીર. ૭૫ વીર તુજસ્યું લાગ્યો રંગ, હોજ્યો રંગ અભંગ; ભલે ભેટ્યાં તારાં અંગ, રખે કાં કરે વિરંગ. ૫૬. જલ પાખે જેમ માછલીરે, ઉથલ પાથલ થાય; તેમ જિન નામ જપાવનાર, ક્ષણ એક દોહિલું જાય. ૭૬ વીરજી ધન ધન તેમજ દેહ ડાયુંરે, ધન ધન તેમજ રાત; ધન ધન પહોરને તે ઘડીરે, જયાં મળતો રાજા તે. ૭૭ વીરજી. ધન ધન તેમજ હાથડીરે, જેમ લીઆ તુમ અંગ; ધન ધન મુજ લોઅણારે, જો જો તુમે રંગ. ૭૮ વીરજી. ધન ધન તુ મુજ જીભડીરે, જેનું મમ લેઇ નામ, ધનધન કાંન સોહામણારે;જે સુણે ગુણઅભિરામ. ૭૯વીરજી ધનધન તું મુજ હૈડવુંરે,જે ચિંતે ઓડ વાત;તુજ ઠાકુર તુહીજ ધણીરે,તુ મુજ બંધવ તાત. ૮૦ વીરજી. એણે પરે શ્રેણિક રાજીઓરે, હું જંપુ જિન નામ; સોમ વિમલસુરી એમ ભણેરે, તું લહેસે તસ ઠામ. ૮૧ વીરજી. ચોપાઈ. એણીપરે જિનવર ગુણ ઉચરી, શ્રેણિક નરપતિ ભાવે કરી; બેઠાને સુણે જિનવર વાણ, જાણે

ઉપશમ રસની ખાણ. ૮૨ ગ્રંથ ભેદ સર્વ તુ ક્ષય કરે, શ્રેણિક ક્ષાયક સમકિત વરે; વ્રત બાર અભયડ ઉચ્ચરે, ઘણા જીવ જિન ધર્મ અણુસરે. ૮૩ શ્રેણિક વંદી નિજ ઘેર જાય, મેઘકુમર તવ બેઠો થાય; જંપે સ્વામી એ સંસાર, સુહણા તણી પરે અસાર. ૮૪ મુને પરણાવો સંજમ સરી, ભવસાયર તરવા પર ખરી; સ્વામી ભણે યથા સુખ હોય, ઇહાં પ્રતિબંધ કરે નહીં કોય. ૮૫ ઘેર જઇને મેઘકુમાર, માત તાતને કરે જુહાર; સ્વામી એ સંસાર અસાર, દ્યો અનુમત લઇએ સંજમ ભાર. ૮૬ ધારણી માત ધરણી તલે ઢળી, વચન સુણતાં થઈ આકળી; દાસી નાંખે ટાઢા વાય, ચિત વાળવા કરે ઉપાય. ૮૭ વળ્યું ચિત શરીરે તેટલે, વછ વછ કરી તેટલે; ઉઠી મથ પ્રતે એમ કહે, ગેલા કેસું એ મન વહે. ૮૮ માહરે એક તુજ આધાર, કયાં મેલી જાએ નિરધાર; સંજમ ઘણુ છે દોહલું, ભોગવ રાજ કુમર સોહલું. ૮૯ તુજ આતુર નવિલીછે, સુખ વિલસી સંજમ લ્યો પછે; ઘડપણે લે સહુ સં-

જમ યોગ, બાલ્યપણે ભોગવીએ ભોગ. ૯૦ સુ-
ણ તું માતા સાચી વાત, ધન યોવનને બહુ ઉ-
પઘાત; ધન યોવન જુજી વળગે, થિર હોય હું
રાચુ તાં લગે. ૯૧ માંણ દંત વછ લોહમે ચણા,
ચાવવા કુશ વેલૂ તણા; ખડગ ધાર ઉપર ચા-
લવું, ભાષા સમતા નિત બોલવું. ૯૨ માત
તાતને ચાલે નમી, સર્વે મતી માગે ઉપ શમી;
વતની અનુમતિ આપે માય, ઓછવ અધિક
કરે હવે રાય. ૯૩ લાખ દોકૃતકા પણ્દે, અડધું
પડધું ત્યાંથી લે; નાવીને એક આપે લાખ, ધન
ધન શ્રેણિક નરવર સાખ. ૯૪ શબિકા બેસારે
સોય કુમાર, મેલી કુટંબ સકળ પરિવાર; ભેર
નફેરી માદલ શંખ, વાજે વાજિત્ર મધુર અસં-
ખ્ય. ૯૫ ઓછવ સહિત જઈ જિન પાસ, સીસ
ભેખ આપે ઉલ્લાસ; પંચમુષ્ટિ કરી લોચ જે
કરે, ધારણિ માતા વસ્ત્ર ધરે.૯૬ જઈ જીનવરના
પ્રણમી પાય, લે સંજમ શિવ રમણિ ઉપાય;
સ્થિવર પ્રત્યે આપે શીખવા, જાય ત્યાંહાં પુણ્ય
પોષવા. ૯૭ ભણતાં ગણતાં દિન નીર્ગમે, થઈ

રાતિ ભાગ્યું ઉપશમે; પહોત્યા પુરે સિમ ભણી જામ, અનુક્રમે લહુ સંથારા ઠામ. ૯૮ ઉપાસિરા તણે બારણે, નવિ પાથરણે નવિ ઓઢણે; નીંદ્રા ને સિના વીત સુ તણે, પાય પહાર સેવે ઘણે. ૯૯ રાજભુવનની લીલા કહે, દુઃખ સહેવું બહોળુ સહી ઇહાં; હજી નથી વિણસ્યો મુજ કાજ, સુપ્રભાવતી વંદે જિનરાજ. ૧૦૦ પછી દીધો ઓઘો મુહપતિ, ઘેર જાસે નહીં થાય ઉચ્યતિ; એમ કરતો વિહણી સાત, જઈ જિનવર વંધ્યા પ્રભાત. ૧ મીઠે વચને બોલાવે, મેઘકુમર આઘો આવે; તુજને રાત થઇ દોહલી, ઘેર જાઓ મન ચીંતી વળી. ૨ પામે દુધ આછણ કોઇ જમે, વિષ ખાવું કહો કોને ગમે, સોનું મુકી લોઢું ધમે, ધર્મ મુકી પ્રમાદ રમે. ૩ અગ્નિ માંહી પડતાં ભલું, કોઇ વાર વિખ ખાવું એકલું; વાર અનંત દુઃખ એવાં સહ્યાં, કહે વીર કેમ જાયે કહ્યાં. ૪ આથી ભવ ત્રીજો સંભાર, હાથી હુઓ વન મોઝાર; સહસ હાથણી તણો પરિવાર, વચરી ઘણા તણો જયકાર. એક દિન દાવાનળ થયો,

તાપ તાપ્યો સરોવર ગયો; પંક ઘણુંને થોડું
નીર, ત્યાં તું પોહોત્યો તું સાહસ ધરી. ૬ વય-
રી બીજુ કરી આવીઓ, દંતુસલ કરી તું મા-
રીઓ; વંધ્યાચલ વલી પણ અવતર્યો, કરણી
સેસા તે પરવર્યો. ૭ દંતુસલ સોહે વલી ચ્યાર,
દીઠો દેવતઈ વન મોઝાર; દીઠાછે સંભાર્યો જા-
મ, જાતી સમરણ લહ્યું તામ. ૮ દાવાનલનું ભય
મન ધરે, મંડલ ત્રણ રહેવા કરે; પરિહરે દાહ
લાગે અણુસરે, ત્યાંથી છંડીલ સંચરે. ૯ ઘણા
જિવ ત્યાં વીઆરી રહે, પગ મુકવા ઠામ નવ
લહે; એણ અવસર પગ આવી ખાંજ; પગ
ઉચો કરીઓ ખણુવા કાજ. ૧૦ સસુ એક આ-
વી રહ્યો ત્યાં, જોયું પગ મુકુ હું ક્યાં; ત્રિ ત્રિહું
પાગ દિન ત્રણ તુ રહયો, દિન ચોથે પગ મારગ
લહ્યો. ૧૧ રૂધિર ભરાણું ભારે ડીલ, જોજો જીવ
દયા એલીલ; દિન ત્રણ અણસણ પાળી તીહાં,
કરી કાળને ઉપન્યો ઇહાં. ૧૨ તેણ ભવ તું પા-
મ્યો નહીં ખેદ, પરી સહે પામ્યો ભેદ; સુણી
વચનને જાગ્યો જાણ, ધન ધન શ્રીજિનવચન પ્ર-

માણુ. ૧૩ મુનિ સંજમની થિરતા થઈ, દુરમતિ સઘલી દુરે ગઇ; મેઘ રીખી સંજમ પાલે, અતીચાર સઘલા ટાલે. ૧૪ અવસર લહી અણસણ ઉચરે, કરી કાળ દેવ લોક અવતરે; મહાવિદે ખેત્રે અવતરી, મેઘકુમાર જાશે શિવપુરી. ૧૫ નંદીખેણુ પામે વઇરાગ, સંજમ લઉ હું પામી લાગ; શ્રેણિકરાય મનાવી કરી, જાય વીર પાસે આદરી. ૧૬ સુણે વચન વાટે દેવનાં, કર્મ છે તારે ભોગનાં;દ્રઢ થઇ ચાલ્યો લેવા ચોગ,મુજને સ્યું કરશે એ ભોગ.૧૭ વીર પાસે જઇ સંજમ લીધ,થિવર પ્રત્યે શીખવા દીધ;ભણ્યા સુત્ર સર્વ શીખી કલા,ધરમદાસ ગુરૂની આગલા. ૧૮ એકવાર જિનને આદેસ, એકલડો ચાલે પ્રદેસ; ગુણિકા ગ્રહે ગયા વોહરવા, જોયો ખેપા ત્યાં જે હવા. ૧૯ ધર્મ લાભ મુનિ દીધો જીસે, ગુણિકા ઉત્તર આપે તિસે; દામ લાભ જાયે મુનિરાજ, જેહથી સર્વ સીજે અમ કાજ. ૨૦ મુનિવર મન આણી અભિરામ, નવ તણું તૃણુ તાણ્યો જામ; તતક્ષણુ મુઠી ધણુની કોડ, ઉઠી વેસ્યા કહે કરજોડ. ૨૧

સ્વામી એ ધન સ્યું કીજે, રહો તો તુમસ્યું ફલ લીજે; હાવ ભાવ વિભ્રમ બહુ કરે, નંદિખેણ મુનીનું મન હરે. ૨૨ વેસ્યા વેણે વેધ્યું સંજતી, મુકી માંહ ઓઘો મુહપતી; મુનિ વિલસે વેસ્યા સું ભોગ, ચિંતે યોવન એક સંયોગ. ૨૩ અથ રાગ સામેરી ગીતનું. ભામનિ ભમે ભમાડે, વાંકી દ્રષ્ટિએ પુરૂષને પાડે; બોલાવી અતિ ચડે આડરે, માનવ માનિની મમ રાચ્યો. જગ પાશ છે એ સાચુંરે. ૨૪ માનવ દ્રુપદ અતિ કૂડ કરે એ કર સાહી, લે ધનવંતનાં ધન વાંહી; મન જાણે હું છું ડાહીરે. ૨૫ માનવ યોવન મદ રસ ચડીઆ, એ દેખી નિપુણ નર પડીઆ; ઇંદ્રાદિક દીસે નડીઆરે. ૨૬ માનવી. કવિ સોમવિમલ મુનિ બોલે, એમ જાણે મનડું ડમડોલે, જગશીલ સમુ નહીં તોલેરે, માનવ. ૨૭ ચોપાઇ. નટ વિટ ખૂટ ખરડ વિસણીઆ, વસ વિલુધ્ય જે પ્રાણીયા; તેહવા દસને દ્યો ઉપદેશ, વીર પાસે લે સંજમ વેસ. ૨૮ બારે વરસે કેતા હુઆ, સહસ ત્રેતાલીશ દોસે જુઆ; એક દિન સમો આવ્યો ટાક, નવિ

બૂઝે તે અતિ હિસ ડાક.૨૯ વેલ્રા થઈ તસ ભો-જન તણી, દાસી વાટ જુએ અતિ ઘણી; સરસ રસવતી ટાઢી થાય, સહુસ કિરણ સિરથી ઢલી જાય. ૩૦ દાસી આવી વળી તેડવા, નંદિખેણ નવ ઉઠે જમવા; દસમો નર જ્યારે બુજશે,ત્યારે જમવું મુને સુજશે. ૩૧ વેસ્યા આવી ત્યાં એ ધસી, બોલ્રે વચન સ્યું ઉલસી; સ્વામી બોલ કહુંછું અમે, ઉઠો જમવા દસમા તુમે. ૩૨ ભોગ કર્મનો આવ્યો અંત, જઈ વાંદ્યા પુનરપિ ભગ-વંત; વીર પાસે લે સંજમ ભાર, આરાધી લે સુર અવતાર. ૩૩ દુહા. શ્રેણિક નરપતિ રા-સનો, રચીઓ ત્રીજો ખંડ; સોમવિમલસૂરી અ-વસરે, કહેશું ચોથોખંડ. ૩૪

इति श्री सम्यक्य सार श्री श्रेणिक नरराज सरासे चिलणा हरण, सुलसा पुत्र मरण, पाणी गृहण करण, सुलसा शोक वारण, चिलणा गर्भ धरण, अशोकचंद्रपर नाम, कोणीनाम स्वप्नमेघ, कुमार संवंध कथन पूर्व भय युत सेवन, नंदिखेण संबंध ग्रंथ न सुभगं तृतीय खंड संपूर्ण देशमगध मांहि जाणीए.

એ ઢાલ. સરસતિ મુજ વાણી દિઓ, જેસી મીઠી ખંડજી; શ્રેણિક નરપતિ રાસનો, હું રચું છું ચોથો ખંડજી. ૧ ધન ધન શ્રેણિક નર વરૂ, ખાયક સમકિત ધારજી; સુરપતિ જસુ તણુ ઉચરે, શ્રી જિન ધર્મ આધારજી. ધન. ૨ રાજગૃહ પુર જાણુજી, સોમવસરણ રચેજી; સુર વર વહે જિન આણુજી, ધન ધન શ્રેણિ. ૩ આવી વાંદે શ્રી જિન રાજજી, સુર નર કિંન્નર પાય નમે; વંદિરે શ્રી સુર રાજજી. ધન. ૪ કુષ્ટી એક આવી કરી, સુર સ્વભાવે બેઠોજી; કુષ્ટ રસે એં જિન પ્રતે, ખરડતાં શ્રેણિક દીઠોજી. ધન. ૫ જિનની ભગતિએ ભાવીઓ, શ્રેણિક રીસ ધરેજી; એણે અવસર જિનવર વળીજી, સબલ છીંક કરેજી. ધન. ૬ નિસુણી સુરવર સહુ કહે, જયવંત કોડી વરસજી; તવ કુષ્ટી કહે મરી પડ્ડ, સુણી શ્રેણિક થઇ રીસજી. ધન. ૭ અવસર પણ એ રાયને, છીંક તે કહે ચિરજીવજી; એણે પેરે અભયકુમારને, છીંક તે કહી મરિ જીવજી. ધન. ૮ તેમ વળી કાલિક સુરે, છીંકયો સુણ્યો જામજી; મમરિમ

જીવને તેહને, જેણે પાપ નહીં ઠામજી. ધન. ૯ સાતસેં રાજ સુભટને, જંપે ધર જો એહજી; દસન પુરી જબ હવી, તવ સહુ ઉઠયો ત્યાંહજી. ધન. ૧૦ ધસમસતા ભડ આવીઆ, સાવા કુષ્ટી પાસજી; વીજ તણી પેરે અબકલે, તે પોહોતો સુર વાસજી. ધન. ૧૧ સેવક આવી કહે, માણસ નહીં તે દેવજી; શ્રેણિક જિનવર પ્રભુ પ્રતે, પૂછે કહે જિન દેવજી. ધન. ૧૨ નગર કોસંબી જાણીએ, શતાનીક ભુપાળજી; સેડક બ્રાહ્મણ તીહાં વસે, દારિદ્રી વિકરાલ. ધન. ૧૩ ભણતાં ગણતાં ના આવડે, તસ દો ભાગ બહે; નજીક ધરણીએ ગર્ભ જ્યાં ધરૂં, પ્રસવનો સમય પહોત્યોજી. ધન. ૧૪ સેડકને ધરણી કહે, ઘૃત ગુડ જોઇએ આજજી; કહે વિપ્ર લાવું કયાં થકી, જઈ માગુ નર રાજજી. ધન. ૧૫ વિપ્ર ગયો ભુપતિ ભણી, લઇને ફળ ફુલજી; સાગર જમ સેવ્યા પછી, આપે રત્ન અમુલકજી. ધન. ૧૬ એણે અવસર આવીઓ, ચંપાનગરી ભુપજી; કટકે વીટી ચહુ પખે, જોયું કોસંબી રૂપજી. ધન. ૧૭

કટક સહિત બાહાર રહ્યા, શતાનીક નરરાજજી; જવ વર્ષારૂતુ આવીઓ, ચંપાવતિ જાય ડાયજી. ધન. ૧૮ કટક સહુકે સંચર્યા, થોડું થયું પરિવારજી; સેડકસરી પોહોતો હતો, દીઠો સકલ પ્રકારજી. ધન. ૧૯ સ્થાનક આગલે જઇ, જંપે સુણ મુજ વાણજી; ચંપાપ્રભુપતિ સર તટે, કટક થોડું થયું જાણજી. ધન. ૨૦ કટક લઇને નિસર્યો, પહોત્યો જવ સર તીરજી; અરીદલ જીતી આવીઓ, પામ્યો જય તેણ વારજી. ધન. ૨૧ સેડકને રાઓ તુંઠડા, જે જોઇએ તે માંગયજી; નિજ મનમાંહી વિચારતાં, કાંઈ ન આવે લાગજી. ધન. ૨૨ સેડક કહે અવધારીયે, ઘરણી સ્યું કરી અવિચારજી; વર માગુ મન માનતો, તે દેજ્યો મુજ સારજી. ધન. ૨૩ ઘેર જઇને વિપ્ર કહે, સુણ સુણ તું મુજ નારજી; કોસંબીપતિ તુઠડા; સ્યું માગો સવિચારજી. ધન. ૨૪ દુહા.
નારી મનસ્યું ચિંતવે, નર વાધે નહીં સુખ; જેહ ભણી નર વાધીઓ, એ ત્રિહુને દે દુઃખ. ૨૫ પહેલો મિત્ર હુઓ જે પાછલ્યા, અને પહેલીનાર;

ઘર જુના માથે પડે, નર વાઢ્યો સંસાર. ૨૬ કાજ વિણ દઉ તેહનું, જેહ ઘેર નારી ચાલ; આપ સ્વારથ સાધવા, સુખ કરે વિકરાલ. ૨૭ નારી અનરથ કારણે, નારી ઘર તે હોય, સાહસ ધરે નારી ઘણું, ફેડણ હારી જોય. ૨૮ એ દ્રષ્ટાંતછે ખરૂં, એ ચોકડે નવ જાય; વીત્રુડી અનર્થ કર્યું, એ સઘળે કહેવાય. ૨૯ પક્ષ ધૂર્તે વાયસ કહ્યો, કોઇલિ તસ ધૂતે; બાલક નાંખી તેહના, આપણ પાંમુ કે. ૩૦ દાંત બત્રીસ સુલક્ષણા, ભાજે કરડે ખાય; જીભ લે રસ આપણા, દુઃખ દંતે સહેવાય. ૩૧ સ્ત્રી કેરા નર ફેરવ્યા, ફરીઆ જો જગ માંહિ; નાહુ ઢોલણિ રેટીઓ, ફેરે સાહી બાંહી. ૩૨ પ્રહ પુરૂષે ઘણેરડા, પડીઆ દીસે પાસ; તસ પય પણ મુકી કહે, નવસે નારી વાસ. ૩૩ ભણ્યા ગણ્યા ને નિપુણ નર, લક્ષણવંતા વીર; યોગવંત તપીઆ જિકે, નારી અણાવ્યા નીર. ૩૪ વિપ્ર પ્રતે નારી કહે, રખે લીઓ અધિકાર; આપણ બંભણ પાધરા, ઉત્તર વહે લગાર. ૩૫ વરતે નગર જેટલે, એ નરપતિ અ-

ધિકાર; ઘેર સહુ ભોજન દેઈ,ઉપર દીએ દીનાર.
૩૬ એટલું તુમે માગજો, જઇને નરપતિ પાસ;
બુદ્ધિ રહિત બંભણ જઈ, માગે ધરી ઉલાસ.૩૭
નરપતિ જંપે મુરખા, એ સ્યું માગે અબુજ; ગ-
મનગર પુર કેરડુ, ધણી કરૂં હું તુજ. ૩૮ રાય
વેણ માની કરી, હરખ્યો મન મોઝાર; જમી
અને દીના રલે, લોભણ ભાખે નાર. ૩૯ એક
દીનારે સ્યુ હુએ, કાંઇ કીજે વળી બુદ્ધી; ઘણ
ધણેરે જીમણા, જે જેમુ એણ પરી વાધે રીદ્ધિ.
૪૦ એક ઘેર ભોજન કરે, વમી તેહ આહાર;
બીજે જમે તેહુ વમે, એમ મલે દિનાર. ૪૧
કર્મ તણુ વસ તેહનો, વિણઠું સયલ શરીર; ગ-
લિત કુષ્ટ તસ ઉપન્યો, દેહે વહે ઘણું નીર. ૪૨
નગર માંહિ લોકે કહ્યું, તુમ વિશેઅ માગેહ; પુત્ર
મોકલે તાહરો, જિણ તું વિણઠયુ દેહ. ૪૩ પુત્ર
કલત્ર બંધવ સહુ, તે ચીંત્યુ એમ; એ સંગત
રૂડી નહીં, હવે કરવું કેમ. ૪૪ ઘર પાસે બીજું
કરી, આપ્યું કુષ્ટી કાજ; દુઃખ અહનિશ સહતાં
ઘણાં, કુષ્ટી આવ્યો વાજ. દુષ્ટ ચીંતવે ચીતસ્યું,

જ્યું કાઢયો એ સેણ; તું કાંઇ એહવું કરે, કુષ્ટી થાગે જેણ. ૪૬ બોકડ બંભણ આવીઓ, પિરૂ એ ખરડી ચાર; નીર તે જેમ વાવરે, વ્યાપ્યો રોગ અપાર. ૪૭ સેડક માય બહુ કરી, કહે સાંભલો કુટુંબ; જઇ તીરથસેં કરૂં, દવિસનું હીસ કુટુંબ. ૪૮ એક વાર ભોજન દેઉ, કુટુંબ પ્રતે નિજ હાથ; વિત્ત સુડામે વાવરૂં, જેણે ન આવે સાથ. ૪૯ હણી છાગને કેલવી, કુટુંબ પ્રતે દે; સજ્જન સર્વ મોકલાવીઆ, પુર મુકી ચાલે. ૫૦ વન માંહે આગો ગયો, તરશ્યો થયો અસાર; કંઈ પાણી પામે નહીં, તસ આવ્યો સર એક સાર. ૫૧ દેખી મન આણંદીઓ, બંભણ પીએની નીર; કર્યું અનેરૂં કસાલું, આકુલ થયું શરીર. ૫૨ અતીસાર તિએ થયું, વહી ગયું સર સર્વ રાગ; કૃથિ સત્રલી જવ નીસરી, તવત ગયોની રાગ. ૫૩ ક્ષુધા પૂરિત તે થયું, પહોતો નગર નિવેસ; પૂછે લોક કેસી પરે, રોગ ગયોની સેસ. ૫૪ કહે દિવ એ આરાધીઓ, તેણે મુજ થઈ સમાધિ; છાગ મંશ ભોજન થકી,

કુટુંબ વ્યાપી વ્યાધિ. ૫૫ જવ તે નિચ ઘેર પુઠ તુંડા, સજન દીઠ સરોગ; વડા મુને અવગણો, તુ તુમ કુષ્ટ હ્રયોગ. ૫૬ ભણે પુત્ર પાપી પિતા, કહે કેસ્યું એ કિઠ; વીસાસી કુષ્ઠી તણું, મંશ ભોજન તે દિઠ. ૫૭ સજન વર્ગ સવિ આણું, પહોત્યો નગર દ્વાર; એણે અવસર શ્રી વિરજીન, પહોતા વન મોઝાર. ૫૮ દ્વારપાલક મન ચિંતવે, વંદુ શ્રી વીરજીણંદ; પાલે સેડક મુકીઓ, પહોચે ધરી આણંદ. ૫૯ ધર્મ દેશના વીરની, સુણતા વેલા લગય; દ્વારપાલ તે સાંભલે, આણી રંગ અભંગ. ૬૦ પુઠેઈ પોલિ લઈ, આવ્યા લાડુ આનક; બાકુલ પુડા લાબસી, ખાય લેઇએ છેક. ૬૧ શરીર નબલું અતિ તેહનું, અને વળી સબળો આહાર; ત્રસ લાગી તરસ અતિ ઘણી, જઈ નવ સકે લગાર. ૬૨ તરફડતું તરસે કરે, આર્તિને અનુસાર; સેડક મરી ડેડક થયું, વાપી વારમ જાર. ૬૩ જળ માંહે કીડા કરે, એણે અવસર વિહરંત; તેણે પુર વલી પહોતલા, વર્દ્ધમાન ભગવંત. ૬૪ ચોપાઈ. પાણીહારી જતી

આવતિ, એસી વાણી બોલી ભામનિ વલતી; આવું સખી વીર વંદણ જાઇએ, એણે પરે નિર્મલ થાઇએ. ૬૫ તેહ વાત ડેડકી સાંભલી, તવ તે ચિંતે એવું વલી; આગે એહ વાત છે સુણી, હવે સંભારૂં સહી તેહ ભણી. ૬૬ ઇહાં પોહ કરંતા તાસ, હુઓ પુરવ ભવ પ્રકાસ; હવે વીર વંદી લ્યો લાહ, મનમાં એમ ધર્યો ઉછાંહ. ૬૭ ડેડક જાય ભાવે ચડયો, એ હવે તુજ ઘોડે દોડ઼યો; આવ્યો ચંપાણા પગની ખરી, દેવ થયો તે ડેડક મરી. ૬૮ દેવ ચિંતવે મન એહવું, અવધિ જ્ઞાન હવે હુઉ; જાઉં પૂર્વે ભવે સ્યાં કીધાં કર્મ, દેવ તણા જેણે પામ્યા શર્મ. ૬૯ પુર્વભવ જોઈ ધરે જ્ઞાન, વીર વંદવા તણું નિદાન; કુષ્ટી રૂપ ધરી આવીઓ, ભક્તિ ધરી વંદે ભાવીઓ. ૭૦ બાવના ચંદન ચરચે, સહુ જાણે કુષ્ટી અરચે; દેવ માયાએ જાણ સહુ, કહે વિર શ્રેણિકને બહુ. ૭૧ સુણી છીંક સ્વામી તુમ તણી, એવું બોલ્યો કહું સાંભણી; સ્વામી ભાખે સુણો વિચાર, એ સ્યાં સુખ સંસાર અસાર. ૭૨ શિવ

ગતિના છે સુરક અનંત, ત્યાં રૂડુ ભાખે ભગવંત; તેણે કારણ પણ મરિ કહ્યો, સર્વ લોક મન કુડુ લહ્યો. ૭૩ ભાખું ભગવન કરી પસાય, જંપે શ્રી શ્રેણિક નરરાય;ચિરંજીવ જે મુજને કહ્યું, ત્યાં એણ કારણ કેહુ લહ્યું. ૭૪ એક વાર નરકે જાઇસ્યો, પછે તિર્થંકર થાઇસ્યો; અભયડ લેસિ દેવ વિમાન, મરણ જીવ તહ ભણી સમાન. ૭૫ હિંસા કરે કાલિગ સૂરીઓ, જાસે નર્કે હાથી મુઓ; તેહ ભણી નવ જીવ મરે, એ કારણ કહ્યાં મન ધરે. ૭૬ ચિત્તે દુઃખ ધરે ભુપાલ, નરક તણી ગતિ છે વિકરાલ; ઉઠી જિનવરને પાયે પડે, દીન વચને દુઃખ ભરી રડે. ૭૭ સ્વામી કાંઈ કહો તે કરૂં, નગર માંહે જેમ હું નવ ફરૂં; જંપે જિનવર પરમદયાળ, કર્મનિ કાચી તનું હે વિસરાલ. ૭૮ કહે શ્રેણિક સ્વામી તું ધણી, તારી સેવા કરી સાભણી; તુઠયો તુ સહુને સુખ દે, મુજને સદગતિ કાં ન દે. ૭૯ વીર કહે સુણ શ્રેણિકરાજ, કપિલા કરે દાનનું કાજ; કાલગસૂરી હંસા નત્ર કરે, તુતું નગર માંહે નવ ફરે. ૮૦ ઉઠી

ભગવંત વાદી કરી, ઉલટ અધિકો મનમાં ધરી; વળી પુર ભણી ભૂપતિ ચાલ્યો જામ, દુર્દરસુર કૌતિક કરે તામ. ૮૧ શ્રેણિક સમકિત સૂધું કીસ્યું, કરી પરીક્ષા એમ મન વસ્યું; ક્ષુધા સાધુ તણો કરી વેશ, એમ કરંતા દેખાડયો દેશ. ૮૨ ધરી જાલ જળ માંહિ જાય, શ્રેણિક મનને કૌતિક થાય; જિવ જાલ ભરી નિસર્યો, તવ તે શ્રેણિક બાંહિ ધર્યો. ૮૩ કહ્યું એ રીખીએ કરસ્યો કીશું, મદ્ય સહિત અમે તે જિમસ્યું; પીયો મદ્ય તુમે વલી મુનિ, નવ એકલું વેશા સ્યું મળી. ૮૪ તું ધન જોઇએ તે કયાં થકી, છોડી ગાંઠ લઉ પારકી; કીસે ધ્યાને દિન આખો ગમુ, ચોરી કરૂં ને જુવટુ રમુ. ૮૫ કરી ચોરીને પર દ્રવ્ય, પરનારી સ્યું ધરીએ પ્રવ્ય; તુજને ઈંદ્રધને નિધાન, ધર્યો વેશ તે ગુણ નિધાન. ૮૬ હીંસાનો સંગ કરી પરિહાર, નવ માને તે બોલ લગાર; પહોતો નગર તણી જ્યાં વાટ, દીઠું એક ઉઘાડું હાટ. ૮૭ દીઠી ગર્ભવતી માહ સતી, ત્યાં જઇ બેઠો સંપતી; દીઠો અસમ તસ અધિકાર, ખેદ ન હુઓ

નૃપતિ લગાર. ૮૮ રખે ધર્મની હોય હાણી, એમ ચિંતી બોલે નૃપ વાણી; આવું તુમ સબળ આપીઓ, ઘેર એક રૂડું વળી રાખીઓ. ૮૯ વાટે હાટ વાય લાગશે, અસુખ ઘણું તુમ સિરી થાયસે; અણપરે રાય ચીંત્તા કરે, નગયો ધર્મ તું ચિત ઉતરે. ૯૦ દુર્દર દેવે જોયુ જ્ઞાન, નવ ચૂકું એ પુરૂષ પ્રધાન; એહ તું સમકિત સૂધુ સહી, તું તીર્થંકર પદવી લહી. ૯૧ પરતક્ષ દેવ હુઓ ગહગહી, દુઃખ દારિદ્ર સર્વ ગયું વહી; સુરંગે જેવું તું ઇંદ્રે કહ્યું, પરિક્ષા કરતાં તેહવું લહ્યું. ૯૨ ગોળા દોય રાયને દેઇ, વળી હાર એકજ આપેઇ; ત્રુટયો હાર જે સાંધસે, તે નર નિશ્ચે ભવ ચૂકશે. ૯૩ કહીસ્યું સુર ગયો દેવ લોકે, શ્રેણિકનો જશ વાહ્યો લોકે; સુરપતિ આગલ એમ ગુણ ઉચરે, સમકિત મહિમા એમ વિસ્તરે. ૯૪ વસ્તુ. સુણું સમકિત સમકિત તણાં એ લીંગ, ઉચિત રજે સઘલું સાચવું; સત્ય વૃત પરતાને છંડીય; જિનવર રયણ સદ્દહુ, ચિત મુજ સુહ ભાવ મડિય; ગુણવંત ગુણ ઉચરે, અવગુણ મધ્યમ હોય, એ-

ણીપેરે સમકિત પાલતાં,શ્રી શ્રેણિક ફલ જોય.૯૫
શુદ્ધ સમકિત સમકિત ધરૂ સહુ કોઇ, સમકિત
વિણ જિવ રડવડે; ચઢીને નહીં અગુણઠાણ
ઉચે, નરગ ત્રિયંચ નવ ફરે, હરે પાપને પુણ્ય
સંચે; દેવ ચલાવ્યો નવ ચલે, બોલે ગુણ અ-
ભિરામ, તે શ્રેણિક નરરાય વરે, પામું ઉત્તમ
ઠામ. ૯૬ ચોપાઇ. હરખિ નરપતિ નિજ ઘેર
ગયા, સકળ લોક મન આણંદ થયા; દીધો હાર
દેવી ચિલણા, દોયગોલા સોહામણા.૯૭ આપ્યા
તેહ સુનંદા પ્રતે,તે લેઇ ભાજ્યા નિજ મતે;માંહિ-
થી કુંડલ યુગલ નીસર્યો,રાણીએ નિજ કાને ધર્યો.
૯૮ બીજો ગો ભાગ્યો જામ, નિકળ્યું વસ્ત્ર યુગલ
અભિરામ; ચિંતે રાણી મન મોઝાર, એ સમો
વસ્ત્ર નહીં સંસાર. ૯૯ શેવક અંગ તણા મોકલી,
કપિલા ત્યાં તેડાવી વળી; રાજાએ કપિલાને
કહ્યું, દે તું દાન જેમ સદ્દગતિ લહું. ૧૦૦ કપિ-
લા કહે સુણો પુરધણી, એહ વાત મમ કરસ્યો
ઘણી; આણ જન્મે ન દીધું દાન, જાહું તુ ન
બોટં ધાન. ૧ રાજાએ તવ કીધી રીસ, કોણ

પુરસે તુંઝ જગીસ; દાસી હાથે બાંધ્યો ચાટુઓ, મુખ સંકોચી કીધ વાટવો. ૨ સાહ હાથ દેવરાવે દાન, દે ચાટુ મુજને નહીં દાન; કાલિકસૂરી તેડવા રહ્યો, ન રહે પાતક વ્યાપારીઓ. ૩ બાંધી કૂપ માંહે તે ધર્યો, મન ચિત્તે પાપિ પરવર્યો; રાય વીરને કરે વિનતી, નરક દુઃખ નહીં પામું રતી.૪ વર્દ્ધમાન જિનવર એમ કહે, નરવર મહિમા તેણે કહે; સ્વામી કહે પહોતો તે કર્યું, કહે વીર નથી અણસર્યું. ૫ દાસી કાલિકસુરે પૂછીઆં, સહેજ આપણે નવ ચૂકીઆં; શ્રેણિક દુઃખ ધરે અતિ ઘણું, ખસે પુરવ કૃત.આપણું. ૬ જંપે જિનવર મધુરૂં દુઃખ, અમ સરખું તુમે લેસ્યો સૂખ; પ્રથમ તિર્થંકર હોસ્યો તુમે, પદ્મનાભ નિશ્ચે કહું અમે. ૭ જાણી શુદ્ધ વાત નરરાય, વળી વળી વંદે જિન પાય; આણંદે અધિકો ઉલસે, જિનવર ચરણકમલ મન વસે. ૮ વીરજિણંદે કીધો વિહાર, શ્રેણિકરાજ કરે જયકાર; એક વાર સંજમ અનુમતી,અભયં મંત્રી માગે શુભ મતી.૯ ભાખે ભૂપતિ ભંભા સાર, એહ વાત મમ કરો

લગાર; બુધિનિધાન મંત્રીસર કહે, એ અનુમતિ કહ્યું કહીએ લહે. ૧૦ જાઓ જવ જંપુ હું વળી, ભવ સંજમ લેયો મન રળી; બુદ્ધિવંત બહુ કરે એ ઉપાય, પણ અનુમતિ નવ આપે રાય. ૧૧ વળી તિર્થ પતિ ત્યાં આવિઆ, ભાવ ધરી વંદે ભાવિઆ;, શ્રેણિક પેરે પરવરો, જાય વંદવા ભાવે કરી. ૧૨ જિનવર વંદિ પાછા વલ્યા, સરોવર તીરે મુનિવર મળ્યા; તે મુનિ કાઉસગે રહ્યા દીઠ, વંદિને નિજ નગરે પઇઠ. ૧૩ ચિલણા રાણી સાથે હતી, હાથ ઉવાડા રહ્યા ઢાંકતી; નિશિ નિદ્ર ભરે જાગે જામ, મુનિવર મન સંભાર્યા તામ. ૧૪ ભોલી ભાખે ભક્તિ કરી, તે બાપલડું જાસે ઠરી; ટાઢે કરી હુંઠવાતુ હશે, તે કહો કેમ કેથું થાયસે. ૧૫ દુહા. તેને સુણી ભૂપતિ ભલું, ચિંતે મન મોઝાર; એક બીજા પુરૂષ સ્યું, એ છે વિલૂધી નાર. ૧૬ કુલવંતી રૂપે ભલી, પરણી મોટે ઠામ; તું હે નારી નીચ સ્યું, સંગત કરે કુઠામ. ૧૭ યતઃ મહતિ કુલે પિહિ જાતા, મત્યા એણુ મધુપમા; લવાડાના વર્જિત -હદયા, ચું-

બતિ માતંગ વક્રમપિ. ૧૮ જે નર નારી વીસરે,
તે નર જાણ અજાણ; કવિતા જન એણી પરે
ભણે, નહીં જુઠું જિન આણ. ૧૯ શ્રેણિક મન
રીસે ભર્યો, ચિંતે એવી વાત; જો નર એ એહવી,
તુ કરવું ઉપઘાત. ૨૦ દિનકર ઉગ્યો જેટલે,
તેટલે તેડયો મંત્રી; અંત ઉરપર જાલજે, કીધી
વાત કુમંત્રી. ૨૧ ક્રોધ અગ્નિ જવ પર જલે,
બોલે વિનય વિવેક; અર્થ વિણાસે આપણું, ગુણ
નવ વાધે એક. ૨૨ અભય પ્રતે એમ કહી
કરી, ચાલ્યો જિનવર પાસ; વાંદ્યા વીર આ-
ણંદસ્યું, પુછે મન ઉલાસ. ૨૩ પુત્રી ચેડારાયની,
કહો કેવી કહેવાય; અસતી અથવા તે સતી,
સાતસેં શીતા ઠાય. ૨૪ સુણી બેણ જિનરાજનાં,
મન આણે અતિ ખેદ; સ્વામી કહે મુની રાજ,
કહો કોણ આવ્યો ભેદ. ૨૫ ચોપાઈ. મુજ વં-
દીને વળીઆં કાલ, જે મુનિ દીઠયો સરનીપાળ;
નારી હાથ બહેરે વીસર્યો, ટાઢ પડેથી મુનિ સાં-
ભર્યો. ૨૬ સુણી વાત ઉઠયો તતકાલ, નગર
ભણી ચાલ્યો ભૂપાલ; ભૂપે ધૂમ તણી જવ દીઠી

જાલ, તવ મુનીરાય હુવા રિસાળ. ૨૭ મંત્રી અંતે ઉર સુના કરી, ઘણી કડબ લાવીને ભરી; દઈ આગ બાહાર નિકળ્યો, મંત્રી ભૂપને સામો મલ્યો. ૨૮ તવ તે નેણ કરી રાતડાં, ભૂપ વેણ ભાખે વાંકડાં; અભયડ બુદ્ધિ ગઈ તાહરી, જા જા વાણિ એવી માહરી. ૨૯ માની વેણ આઘો સંચરે, વીર પાસે સંજમ અણુસરે; શ્રીશ્રેણિક નિજ મંદિર ગયો, દેખી કુશળ હૈએ ગહ ગહ્યો. ૩૦ જોઈ વાટ અભડક કેરડી, નવ આવ્યો ત્યાં ચિંતા પડી; લીધું સંજમ જાણી સાર, ભૂપતિ ચિંતા મન ધરે અપાર. ૩૧ વેહટા બઉને કુંડલ દોય, વસ્ત્ર યુગલ પ્રતે આપે સોય; નિજ રાણી ઘણે ભારી ચારિત્ર લીએ, નિર્મલ ભાવ ધરીને હુએ. ૩૨ અભયડ તપ જપ ખપ બહુ કરે, પંચમે અણુતર નિસીર વરે, હલ્લ વિહલ્લ પ્રતે ગજરાજ, સેચનાક ગજ આપે શ્રી નરરાજ. ૩૩ શ્રેણિકને મન ચિંતા વસી, રાજ તણી પરે હોસ્યે કીસી; રાજ જોગ જે અભયકુમાર, તેણે લીધું સંજમ ભાર. ૩૪ બીજા કુવર સર્વ આ-

કરા, આણ ન માને કો ઠાકરા; તેહ ભણી કોણે થાપીએ, રાજ ભાર સઘળો સોંપીએ. ૩૫ એણે અવસર કોણ ચીંતવે, બાંધી રાય રાજ લ્યો હવે; કાલાદિક દસસ્યું કરી સંચ, બાંધ્યો તાત તેણે કરી પ્રપંચ. ૩૬ જંજરે કાઢી પંજરે ભર્યો, નાડી થાય એમ દુઃખીઓ કર્યો; અનપાન નવ મુકે પુત્ર, ચિલણા એવું સુત્રે સુત્ર. ૩૭ અન્નઅડદના ઢોકળ કરી, મસ્તકી વેણા માંહે ધરી; મદિરાએ ખરડી નિજ કેસ, જાય જ્યાં છે નરેસ. ૩૮ કોઈ કેસને પાયે નીર, તેણે વલી ભલું થાય શરીર; ઢોકળ કેરો લે આહાર, ગમે કાલ નહીં સુખ અપાર. ૩૯ કોણ રાજ કરે આપણું, પુમાસું સુખ વિલસે ઘણું; પદમાદેવિ પુત્ર જાઇઓ, વધામણી લેઈ આવીઓ. ૪૦ હાર હોર કર કંકણ દીધ, જન્મ મહોછવ રાયે કીધ; પુત્ર પ્રેમ કોણને ઘણું, વિરહ સહી ન સકે ક્ષણ તણું. ૪૧ કોણ ભૂપતિ ભોજન કરે, બાલક થાલ માંહે મુતરે; ભોજન કરે રીસ નવ ધરે, લહડી નીતિ અલગી ઉદ્ધરે. ચિલણા દેખી મન દુઃખ ધરે,

કોણ ભૂપતિ એવું કહે; નિસુણુ માતા એવું પ્રેમ, પુત્ર સાથ માછા જલ જેમ. ૪૩ મુજ સમવડ નથી કેહને, માતા જંપે સુણ તેહને; મેં નાંખ્યો હતો વનમાંહિ, ત્યાંથી તું આણ્યો ઉછાંહી. ૪૪ તારો હાથ કુકડે કરડીઓ, તુજ બાપે મુજને આપીઓ; પાઉ હાથ પિરૂધણ વહે, તું રાતો કેમે નવ રહે. ૪૫ તું રહેજો મુજહમાં ધાલે, પીતા તું ઋઃણિ પરે પાલે; વલી તાત તુજને હુત રાજ, તવ તે કીધું એવું કાજ. ૪૬ કોણ કહે મોદક ગુલ તણા, મુજને કયાં મોકલ્યા ઘણા; બીજાને વળી ઘાતી ખાંડ, મોકલ્યા મોદક તે માંડ. ૪૭ માતા જંપે તેમજ વાંક, એ નિશ્ચય તું આણે આંક; પિતા પ્રેમ નીસ હડે વસે, અધ જમતું તે ઉડયું તસે. ૪૮ પિતા તણી હવે કીજે ભગતિ પાલ્યા પુત્રને જાણે વિગતિ; લેઇ લાહ કેરી આ-ગલો, ભાંગી પંજર કર્યો મોકલો. ૪૯ લોહડંડ લઇ આવે જામ, શ્રેણિક સેવક જંપે તામ; પણ કાંઇ તુમે નથી જાણતા, લોહડંડ દિસે આણતા. ૫૦ તવ તે શ્રેણિક ચિંતે ચિત, નહીં કાંઇ એ

રૂડી રીત; આગે મારે નાડી માર, નહીં ખમાએ ડંડ પ્રહાર. ૫૧ તતક્ષણ તાલપુટ વિષ વાવરે, શ્રેણિકરાય મરણ અનુસરે; દેખી કોણે વિલખો થયો, રોતો જનની આગલ ગયો. ૫૨ પિતા વિયોગ કરે અતિ ઘણો, કેસું વિસ્તાર કહું તે તણો; રાજા મન અતિ આણે શોક, થયા દૂમ-લા દેખી લોક. ૫૩ સઘળા મંત્રી કરે વિચાર, શોક ટાલવા કરે ઉપચાર; કરી પત્ર ત્યાં ત્રાંબા તણાં, અક્ષર કોરે સોહામણા. ૫૪ દેખાડ્યા ભૂપતિને વલી, કહે વાંચો સ્વામી મન રળી; પિતા દેવ ગત હુઆ જામ, બેટા પિંડ દાન દે તામ. ૫૫ તેણે તે એકોતર તરે, બેટા એમ મા-રગ ઉદ્ધરે; ત્યાંથી પિંડ દાન ચાલીઓ, મન માન્યો સહુને આલીઓ. ૫૬ ટલ્યો શોક હુઓ સંતોષ, એણે પરે કીધું સજ્જન પોષ; જો જો નારી કેરી વાત, અધિક વિદ્યા એકોદર જાત. ૫૭ ઢાળ અસાડ ભૂતિના રાસની પ્રથમ ઢાળ. સર-સતિ જિણેસરૂએ, હવે કોણ નરવર સુરવર પ-રની રાજ; પાલે તસ બંધવે દો ચડચા ગજરાજ,

શર્શી મંડળ ઉજલ કુંડલ શ્રવણ ધરંત, પહેરે સર્વ વસ્ત્ર ચાલે અતિ મલપંત. ચાલચાલે મલપંતા, હલ વિહલ્લહ એક દિન; પદમાવતીએ, નયણે દીઠા અતિહે અલીહે તેહ.૫૯ રાણી જઈ કોણીક રાય પ્રતે ભાખે, તુજ રિદ્ધિ એ કેસી ચિંહુ રયણ તે પાખે; વળતું તે કોણીક રાણીને એમ ભાખે, નિજ બંધવ લોપે નવ કીજે એણિ એ સાખે. ૬૦ ચાલિ નવ કીજે લોપે બાપ, આપ્યો જવ આપણને રાજ, તેણે ઠામ એહને એ આપ્યો તુમે નથી કાજ; વાર ૨૦ લેઈ રાણી પહોતી પતિને જંપે, હસ્તી હાર વસ્ત્ર કુંડલ વિણ રાજ તણી સીસંપે. ૬૧ સ્ત્રી વેણુ વિલૂધે સૂધુ મુકી નેહ, હોય બંધ વાતડો માગ્યાં દઈ છેહ; મન માંહે વિમાસસે, દોય બંધવ મલી તેહ, માયાએ જંપે સહુ તુમ ચઉછે એહ. ૬૨ સહુ તમારૂં એણિ પરે, બોલી પુહુતા નિજ અવાસ, કરી સજઇ સર્વ લઈ નિજ પહોતા વડુઆ પાસ; હલવિહલ ગયા બે જાણ નૃપ રાણી કરે ખેદ, કૂડ કરી સર્વ લઇ ગયા દે નવ જાણ્યો

ભેદ. ૬૩ પછે તે ચેડારાયને લેખ પઢાવે, તુમને
સહુ સરખું એ રાખવાને આવે, શરણાગત આ-
વ્યા એ હું કમે નમુ હું, તુજસ્યું પણ જો બો
રાજ રીત કેમ ચુકું. ૬૪ ચાલ કાઢી તુજને કેમ
ન આપું માહરે તુમે બેહુ સરીખ, ઉતર નિસુ-
ણીને રાજાનો સર્વ વળી દૂત થયા વિલખ; વાત
સુણીને કોણ રાજા કોપે થયા વિકરાલ, જુજ
સજાઇ માંડી જાજિ કટક મિલ્યાં અસરાલ. ૬૫
પરવત પરે પોઢા મયગલ, મહા મય દંતુસલ સ-
બલાં; સુંડાલા મદિલિતા રૂડી અંબાડી સહિત
સહસ તેત્રીસ; હઝાર વકરત હયવર લાખ ત્રેવી-
સ. ૬૬ ત્રીસક્રોડ પાયદલ જેહને કાલાદિક સે-
નાની, કીસી જાત ને તે છે કેહવા તેની બોલવાની
જાછું પરિકાલ અતિ વિકરાલ કર કરવાલા તસ
કરે, બંગલાવાલા મુહ મુંછાલા તીખાલા સવિ
શસ્ત્ર ધરે. ૬૭ પરમશે માતુ રાતુ રોમ સાથ, મદ
ભિંભલ મુંગલ જંગલ જે લે બાથ; અણીયાલા
ભાલા તીખાં તોમર તીર, અને પટ ધરંતા બ-
લવંત વડા વજીર. ૬૮ બલવંત વડા વજીર

સર્વ ચાલે સેસપી ચાલે હાલે, ગિરિવર ધ્રૂજે ખેહ ન સુડે કાયરના મન સાલે; સાયરપૂર તણી પરે ઉજલ પરે ઘણું દીપતું, નગર વિશાલ પાસે પહોત્યો રિપુ જન માન હરંતુ. ૬૯ રાયચિક ચિંતી કરવી કટક સજાઇ, પૂતને કહે તેડુ અઢાર હરાઇ; હય ગય રહ પાયક સહુ એ તું સજ થાય, ત્યાં મુહ વહ વડિ મોટા વિહલ હલ દોય ભાઈ. ૭૦ દો ભાઇ ચેડુરાય અઢાર કહું તેનો પરિવાર, સહસ સત્તાવન સગયવર ગરૂઆ હય લખ તેતા સાર; સતાવન કોડી પાયદલ મેલી કિધ પ્રણામ, રણુક હલ રણતુર નફેરી વાજે રણ નીસાણ. ૭૧ માંહો માંહી જુજે સગપણ કો નવિ બુજે, શિર વિણ થડ ધ્રૂજે, સુહડ ખંતે એમ પુજે; પાયકે પાયક અસ્વાર, હાથીએ હાથી હથીઆરે હથીઆર. ૭૨ હીથઆરે હથીઆર જેવાજે નાદે અંબર ગાજે, ચેડા બાણ એક નિત મુકે તેણે સેનાને ભાંજે; કાલાદિક દસ ભાઇ સેનાની દસે દિને સંહાર્યા, કોણીરાય મન માંહિ ચિંતવે સહી આપણપે હાર્યો.૭૩ કોણીએ કીધા

પોસહ ત્રણ ઉપવાસ, આરાચા નહીં દેવા ઘો ઘાત; તારે એમ કહી સુરપતિ વલીઓ, મહા શિલા કટક રથ મુશલ રદે ચમરૂ બલીઓ. ૭૪ હલ વિહલ સેચન કિચડી આનિત દીઓ, ઘાત તાહરે એમ કહી સુરપતિ વલ્યો; કોણી સેન થયું અતિ વિલખું, હણવા તસ જોઇ વાટ. ૭૫ કોણીના કટકહ કેડે કીધી ખાઇ, અંગારે પૂરી ત્યાં આવે દોભાઈ; સેચનક ચાલે જ્ઞાન રહે પય ખંચિ, એવે એ પેઠ્યો એહ વાત મન સંચી.૭૬ એહ વાત સંચીને ભાખે તું કીધું નવ જાણે, તારે કાજે કીધું એ તું તું મનને કંપે ન જાણે; એણે પરેતા જોઉ લાજીઓ ખંધ થકો ઉતારી, ખાધ માંહે જઇને બલીઓ પ્રથમ નરક અવ-તારી. ૭૭ કર જાડ્યો જાણી આણી મન વઇ-રાગ, એતો જ્ઞાની અમે ન જાણું લાગ; એણે અમે ઉગારીઆ તું થાસ્યું જિન સીસ, રાજ રાણિ મકેરીએ વિણ કેસી જગીસ. ૭૮ એ વિણ કેસી જગીસ જવ ચિંતે તવ તસ શાશન દેવિ, વીર પાસે લઇને મુકયા લે સંજમ જિન સેવી;

વિતું સંજમ લીધું જાણી કોણી રાય, વેસાલા નગરી લેવાને માંડે ઘણો ઉપાય. ૭૯ ગઢ કેમે ન ત્રુટે ખુટે કટક અપાર, મન ચિંતે એવું જાનું હે જયકાર; ત્યાં નવળુ પાછો વરિ કરૂં અગ્નિ પ્રવાસ, એવે આકાશે હુઓ વેણ વિષેશ. ૮૦ વેણ વિષેશ એવું થયું સુણિ કોણી નરરાજ, કુલ વાલુ જો વશ્યા આણે તુમ સીજે કાજ; એ સંબંધ પ્રસિદ્ધ સૌ જાણ તેણે અહીં નવ આણ્યો, માગધિ કાવે સ્યા લઈ આવે વિશય રંગનો તાણ્યો. ૮૧ યતઃસમણ જે કુલ વાલએ, માગે આંગણે આરામ સ્યું એ; રાય અસોગચંદ એ, વેશાલિ નગર ગહસ્યું એ. ૮૨ મુનિના પાય પ્રણમી કોણી કહે, વિશાલા નગરકો જ્યું ભેદ જે જેમ થાય વિસરાલ; તવ પોત્યો નગરી વેષ કરી અવધૂત, લોક આવે ઘણા એમ ભાખે ભલે પહુત. ૮૩ ભલે પહુતા કહુ તુમે, અમને અરિદલ કહે જાસે, ભેદ જોઈ ભાખે જિન કેરૂં થૂભ પરહુ એ થાસે; મન બોલ થૂભ પાડવા લોકે કરી સજાઇ, કોણીને કહે નગરી લેસ્યું રે જ્યો

પાછા જાઇ. ૮૪ કેટલું કટક પાછું પોહોતું જામ, ધરી ધીર મ પાડે સૂલ સહિત તે તામ; જાણીને કોણી આવે કટક લેઇ, ગયો ચેડો ભાગ્યો તતક્ષણ ગઢ તે લઇ. ૮૫ ગઢ ભેલી કોણી બાહાર રહ્યો ચેડાને કેવરાવે, અમે ત્યાં એ નગરી લીધી કહો કેમ કરવું અવે, ચેડુરાય દુખે કરી પુર્યો લોહ શલ્લા ગલે બાંધે, અંધ કૂપમાંહિ જઇ પડે ઉમરણ તણી પરે સાધે. ૮૬ એણ અવસર ત્યાં કને ધરણ અસુરપતિ આવે, સામી ચેડાને નિજ ભુવન લઇ જાવે; ચેડુરાય અણસણ સરણ ચ્યાર મન આણે, જીવરાશી ખમાવી પહોતો સ્વર્ગ પીઆણો. ૮૭ સ્વર્ગ પીઆણો પહોત્યો ચેડુ જાણી સત્યકી આવે, સુજયેષ્ટા યતિનીનો બેટો મહેશ્વર નામ કહાવે; નગર લોક લઇને ચાલ્યું નીલવંતગિરિ ઠામે, કોણી ભૂપ સ્વર હલાવાહ વયર ભણી તેણ ગામે. ૮૮ સર્વ કટક લેઇને પાછા વળીઆ ભૂપ, ઘરે આવ્યા ગાય નારી અતિ સ્વરૂપ; તુજ જય જય હોજયો એમ દે આસીસ, રાજ પાળું જીવું કોડી વરીસ. ૮૯ કોડી વરીસ

જીવે તું રાજા ઘેર ઘેર મંગળ માળ, તલીઆતોરણ ગુડી રૂડી બાંધી વન્નર વાલ; ત્રણે ખંડનું રાજ કરીને છઠ્ઠે નરકે પહુત, એ સંબંધ કહ્યો અહીં થોડો પણ તે છે બહોત. ૯૦ ઢાળ મહાલંતડે. તસ સુત પાટે બેઠડોરે, મહાપુણ્યવંત ઉદય નરેસ. સુણ સુંદરિ પુણ્ય; રાજ્ય કરે રળિઆમણું એ, મા. સાથે સઘલા દેશ. સુણી. ૯૧ શુધ સમકિત ધારી હુઓ એ, મ. પંચઅણુ વ્રત ધાર; સુણી. શ્રેણિક સાખે સોહામણું એ, મા. ગુણ નવ પામુ પાર. સુ. ૯૨ ધન ધન શ્રેણિક નર વરૂ એ, મા. ક્ષય સમકિત ધરે ધીર, સુ. ભગતિ કરી આરાધીઆ એ, મા. જો શ્રી જિનવર વીર. સુ. ૯૩ તું તીર્થંકર હોસ્યે એ, મા. શ્રેણિક નરપતિ જીવ; જે સમ્મકિત નવ પાળશે, મા. તે ભવિ કરસિરીવ. સુ. ૯૪ સૂધું સમકિત જે ધરે એ, મા. લહે ભવનો પાર, મા. શ્રેણિક નરવરની પરે, મા. અનુક્રમે જય જયકાર. સુણી. ૯૫ તપ ગચ્છ નાયક ગણધરૂં એ, મા. સોમ સુંદર સુરરાય, સુ. તસ પાટ ગચ્છ તે વંદસ્યું એ, મા. મુનિસુર

સૂરિંદ પાય, સુ. ૯૬ તસ શાખા સોહું કરૂં એ, મા. રત્નશેખર સૂરિંદ, સુ. તસ પાટે ગયણુ દીપતો એ, મા. લક્ષમીસાગર સૂરચંદ. સુ. ૯૭ સુમતિ સાધુસૂરી સરૂં એ, મા. અજુઆલે ગુરૂ પાટ, સુ. સોભાગી સોહામણું એ, સુ. તસ નામે ગહગાટ. સુ. ૯૮ હેમ પરેજંગવલ હુઓ, મા. શ્રી હેમવિમલસૂરિંદ, સુ. શોભાગ હર્ષ સૂરપાટ ધર એ. સુ. ૯૯ સોમલ વિમલસૂરી તાસ પાટે, મા. પામી સુગુરૂ પસાય, સુ. શ્રી વીરજીણેશ્વર મહિમા ધરી એ, મા. ગાયો શ્રેણિક રાય. સુણિ. ૧૦૦ ભુવન આકાશે મકર કલા એ, મા. સવત ૧૬૩૨ હિ નાણે; ભાદ્રવા શુદ સોહામણી એ, મા. પડવે ચડયો પ્રમાણ. ૧ કુમારપાલ રાય થાપીઓ, મા. કુમરગિરિ પુર સાર, સુણિ. શાંતિજિણંદ પસાઉલે, મા. રચીઓ રાસ ઉદાર. ૨ દુહા, ચોપાઇ, વસુ, ગીત, મા. સર્વ મળી કીધો માન, સુ. છસેં એકાશી આગલે એ, મા. જાણે સહુએ જાણ. ૩ અધકું ઓછું મેં ભણ્યું એ, મા. જે હોય રાસ મોઝાર, સુણિ. તે પંડિત સર્વ શો-

ધજ્યો એ, મા. આગમને અનુસાર. ૪ સુણિ
જે નર નારી ગાયસે એ, મા. સુણશે આણિ રંગ,
સુ. તે સુખ સંપદા પામસે એ, મા. ભોગ ભલી
પરે ચંગ. સુ. ૫ જ્યાં લગે મેરૂ મહીધરૂ એ,
મા. જ્યાં લગે શસહરતાર, સુ. ત્યાં લગે રાસ
ચિરંજ્યું એ, મા. નિત્ય મંગલ જયકાર. સુણ.૬

इति श्री श्रेणिक राज संबंधी सम्यक्त्य साररास
चतुर्थ खंड संपुर्ण समय कल्याण संभवतु.

સમાપ્ત.

અગાઉથી થયેલા ઘરાકોના મુબારક નામ.

૨૦ શેઠ. મનસુખભાઈ ભગુભાઈ.
૧૭ શેઠ. દલપતભાઈ ભગુભાઈ
૧૫ શેઠ. મગનભાઈ કરમચંદ.
૧૦ શેઠ. પ્રેમાભાઈ હીમાભાઈ.
૩ શા. છોટાલાલ માણેકચંદ.
૨ વકીલ બાલાભાઇ મગનલાલ.
૧ શા. દોલતચંદ હીરાચંદ.
૧ નરોતમ છોટાલાલ.
૧ દોલતરામ કેવળદાસ.
૧ સવાઇભાઇ માણેકચંદ.
૧ લલુભાઈ નગીનદાસ.
૧ લલુભાઈ કેવળદાસ.
૧ મહેતા. કેશવલાલ કાળીદાસ,
૧ નાલચંદ અમીચંદ.
૧ પુનમચંદ પરભુદાસ.
૧ મહે. વનમાળીદાસ સાંતીદાસ.
૧ ભાઇચંદ ફુલચંદ.
૧ વાડીલાલ નથુભાઈ.
૧ હરીલાલ મગનલાલ,
૧ દલસુખરામ કસ્તુરચંદ.
૧ દલસુખ દોલતચંદ,
૧ અંબાલાલ સાંકળચંદ.
૧ શેનાભાઇ ચુનીલાલ.
૧ શેઠ. જેશંગભાઈ હઠીશંઘ.
૧ શા. મંગળ લાલચંદ.
૧ નથુભાઈ પીતાંબરદાસ.
૧ શેઠ. લલુભાઈ દીપચંદ.
૧ વાડીલાલ ભગુભાઈ.
૧ મોતીલાલ નગીનદાસ.
૧ શા. ચતુરદાસ પરસોતમચંદ.
૧ નાથાભાઇ લલુભાઇ.
૧ ગોકળદાસ નગીનદાસ.
૧ દોલતરામ જેઠાલાલ.
૧ શા. ડાહ્યાભાઈ નગીનદાસ.
૧ પ્રેમચંદ નાહાલચંદ.
૧ મગનલાલ ફુલચંદ.
૧ પીતાંબરદાસ ગલાબચંદ.
૧ જૈન સભા હા. દીપચંદ.
૧ વકીલ હીરાચંદ પીતાંબર.
૧ વકીલ ઉજમલાલ જેઠતારામ.
૧ વાડીલાલ અમથાલાલ.
૧ અમરતલાલ છોટાલાલ.
૧ ચમનલાલ નગીનદાસ.
૧ ચુનીલાલ ફકુ.
૧ કેશવલાલ તરભોવનદાસ.
૧ મનસુખરામ ઉમેદરામ.
૧ છોટાલાલ છગનલાલ.
૧ દોલતરામ મુળચંદ.
૧ હીરાચંદ સુજાનચંદ.
૧ દોલતરામ મંછારામ.
૧ ગીરધરલાલ સામળદાસ.
૧ વાડીલાલ જેઠા. મુ. કડી.
૧૦ પરસોતમ વનમાળી મુ. કડી.
૨ શેઠ હરીલાલ મુળચંદ.

જાહેર પત્ર.

સર્વ જૈનબંધુઓને ખબર આપવામાં આવેછે કે અમારી તરફથી થોડા રોજમાં શ્રી શેત્રુંજા મહાત્મ ટીકા સહીત આશરે સવાસો ફરમાનું પુસ્તક બહાર પાડવામાં આવશે તેની અગાઉથી કીંમત રૂ૫-૦-૦ અને પુસ્તક છપાઈ બહાર પડયા પછી રૂ૮-૦-૦ લેવામાં આવશે માટે આખર વાંચી આપનાં મુબારક નામ ઠામ ઠેકાણું ચોક્સ રીતે કરી નીચે સહી કરનારના ઉપર મોકલી આપવાં એવી અમારી સર્વ જૈનીઓને વિનંતી છે.

સહી. છોટાલાલ મગનલાલ મુ. અમદાવાદ.

ઠેકાણું દોશીવાડાની પોળમાં ગોસાંઈજીની પોળમાં.

તથા બુકસેલર છોટાલાલ છગનલાલ ઠેકાણું રીચીરોડ.